

પેજ-08
કાજોલને દર્શાવતું અશ્લીલ કન્ટેન્ટ દૂર કરવા હાઈકોર્ટનો આદેશ...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-09
શિખર ધવનના ઘરે વાગી લગ્નની શરણાઈઓ

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 19.00 |
| વડોદરા | 35.00 | 20.00 |
| સુરત | 34.00 | 22.00 |

પેજ 5


આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની અસરથી IT બીપીઓ ક્ષેત્ર ખતમ...

22 FEBRUARY-2026 SUNDAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ એન્ટોનિયો ગુટેરેસ મુલાકાત નવી દિલ્હી

પેજ 10

.....સુવિચાર.....
પોતાનો ઈગો જીદ અને એટીટ્યુડ એ લોકો માટે ખોઈ દેવા તૈયાર હોય છે જે સાચે જ એમની કદર કરતા હોય છે

વર્ષ-15 । અંક-102 । વિક્રમ સંવત-2082 । ફાગણ સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ટ્રેડ ડીલ અને ખેડૂતોના મુદ્દે અરવિંદ કેજરીવાલનો પ્રહાર : દેશને અમેરિકા સામે ગીરવે મૂકી દીધો

# ગુજરાતનું બજેટ સામાન્ય જનતા માટે નથી, લૂંટની યોજના છે

- પંજાબમાં મફત વીજળી, 10 લાખ સુધીની મફત સારવાર
- નવા રસ્તાઓનું નેટવર્ક, અમારું કામ જ બોલે છે: માન

(એજન્સી) અમદાવાદ । તા.21

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબના બે દિવસીય ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદમાં યોજાયેલી પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ પત્રકાર પરિષદમાં અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન સાહેબની સાથે સાથે પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામ હાજર રહ્યા હતા. આ પ્રેસ કોન્ફરન્સમાં અરવિંદ કેજરીવાલજીએ ગુજરાતના તાજેતરના બજેટ પર ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે જણાવ્યું કે બજેટથી સામાન્ય જનતાને મોટી અપેક્ષા હોય છે, કારણ કે ઘરેલું અર્થતંત્ર પર સરકારી બજેટનો સીધો પ્રભાવ પડે છે. અમે આ બજેટનો અભ્યાસ કર્યો અને અમને દેખાયું કે બજેટમાં સામાન્ય લોકો, ખેડૂતો, વેપારીઓ, મહિલાઓ, બેરોજગાર યુવાનો કે કોઈપણ વર્ગ માટે આ બજેટમાં કંઈ નથી.




### 30 હજાર કરોડનું બજેટ વધીને 68 હજાર કરોડ થયું?

: માહિતી સામાન્ય લોકોને તેનો સીધો લાભ કેમ મળતો નથી? તેમણે ઉદાહરણ આપ્યું કે જ્યારે અરવિંદ કેજરીવાલે દિલ્હીમાં સરકાર સંભાળી ત્યારે બજેટ લગભગ 30 હજાર કરોડનું હતું, જે વધીને લગભગ 68 હજાર કરોડ થયું. 24 કલાક વીજળી, સરકારી શાળાઓમાં સુધારા, ખાનગી શાળાઓની ફી પર નિયંત્રણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ આ બધું શક્ય બન્યું છે.

### નવો કોઈ ટેક્સ નહીં, પંજાબના 'સ્કૂલ ઓફ એમિનેન્સ' થી બદલાશે શિક્ષણ

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને વધુમાં જણાવ્યું કે પંજાબમાં 43,000 કિમી રસ્તાઓના નિર્માણ/સુધારણા કામ ચાલી રહ્યા છે. કોન્ટ્રાક્ટરોને પાંચ વર્ષની જાળવણીની જવાબદારી સોંપવામાં આવી છે. જો રસ્તામાં ખાડો પડશે તો તેને સુધારવાનું કામ કોન્ટ્રાક્ટરે જ કરવું પડશે. જો પંજાબ પોલીસનો કોઈ જવાન ફરજ દરમિયાન શહીદ થાય તો તેના પરિવારને સરકાર અને બેન્ક એમ કુલ બે કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. પંજાબમાં 19 ટોલ પ્લાઝા બંધ કરવામાં આવ્યા છે. આગામી બજેટમાં કોઈ નવો ટેક્સ લગાવવામાં નહીં આવે, કારણ કે લોકો પહેલેથી જ ટેક્સના ભાર હેઠળ છે. શિક્ષણ ક્ષેત્રે "સ્કૂલ ઓફ એમિનેન્સ" શરૂ કરવામાં આવ્યા છે અને લગભગ દરેક વિધાનસભા વિસ્તારમાં એક એવી શાળા સ્થાપિત કરવાની યોજના છે. સરકારી શાળાના વિદ્યાર્થીઓ NEET અને JEE Main જેવી પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરી રહ્યા છે.

### સારા શાસન માટે રાજકીય ઈચ્છાશક્તિ જરૂરી

1 કેજરીવાલ કહ્યું 30 વર્ષથી સત્તામાં રહેલી સરકારને ચૂંટણીનો ભય નથી, અને જનતા પણ જોઈ રહી છે કે કોંગ્રેસ ભાજપના ખિસ્સામાં છે.

2 કેજરીવાલે જણાવ્યું કે પંજાબમાં અમારી સરકારને માત્ર ચાર વર્ષ થયા છે અને હાલ ત્યાં દરેક પરિવારને 10 લાખ રૂપિયાનું આરોગ્ય વીમા કવચ આપવામાં આવ્યું છે.

3 પંજાબમાં 24 કલાક વીજળી, ખેડૂતોને દિવસે મફત વીજળી, સુધરેલા રસ્તાઓ અને સિંચાઈ સુવિધામાં નોંધપાત્ર વધારો જેવા નિર્ણયો અમલમાં મૂકાયા છે.

4 2022માં માત્ર 23% વિસ્તાર સુધી પહોંચતું સિંચાઈનું પાણી હવે 67 ટકા સુધી પહોંચાડ્યું. ગુજરાતમાં રસ્તાઓ, શાળાઓ ગંભીર ખામીઓ છે.

સારા શાસન માટે રાજકીય ઈચ્છાશક્તિ જરૂરી છે અને જો પંજાબમાં અમારી સરકાર સારા કામ કરી શકે છે તો ગુજરાતમાં કેમ આવા કામ થતા નથી?

## ભાજપ-કોંગ્રેસથી જનતા નિરાશ, ગુજરાત માંગે પરિવર્તન

### દેશ ગીરવે મૂક્યો? ટ્રમ્પ પાસે મોદીના એવા કયા રાઝ છે?: કેજરીવાલ

કેજરીવાલે જણાવ્યું કે ગુજરાતની જનતા હવે ભાજપ અને કોંગ્રેસ બંનેથી નિરાશ થઈ ચૂકી છે અને પરિવર્તનની આશા સાથે આમ આદમી પાર્ટી તરફ જોઈ રહી છે. તેમણે ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા અને ચૈતર વસાવા જેવા સામાન્ય પરિવારમાંથી આવેલા નેતાઓનો ઉલ્લેખ કરી કહ્યું કે આજે તેઓ પરિવર્તનના પ્રતીક બની રહ્યા છે અને જનતા મોટી સંખ્યામાં તેમને સાંભળવા આગળ આવી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે ખેડૂતો પોતાના હકો માટે અવાજ ઉઠાવે ત્યારે તેમના પર ખોટા કેસ કરવામાં આવે છે અને તેમને જેલમાં નાંખવામાં આવે છે, જે લોકશાહી માટે ચિંતાજનક છે.




- 30 વર્ષના શાસન પછી પણ રસ્તા, શાળાઓ અને હોસ્પિટલોની હાલત ખરાબ: અરવિંદ કેજરીવાલ
- ટેક્સ જનતા આપે છે, ફાયદો મોટા લોકોને મળે છે - ગુજરાત મોડલ પર ભગવંત માનનો પ્રહાર

### ગુજરાત-દેશનું બજેટ સરખું, સામાન્ય વર્ગ માટે કંઈ જ નહીં: માન

આ બજેટ સરકારના અહંકાર અને જનતાના અપમાનનું પ્રતીક હોવાનું જણાવી તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી ચૂંટણીમાં ગુજરાતની જનતા તેનો યોગ્ય જવાબ આપશે. ત્યારબાદ આમ આદમી પાર્ટી પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે લાખો-કરોડો રૂપિયાનું બજેટ બને છે.

### સામાન્ય વર્ગ માટે બજેટમાં કોઈ ખાસ જોગવાઈ નથી: અરવિંદ કેજરીવાલ

આ વખતે દેશ અને ગુજરાત બંનેનું બજેટ લગભગ એકસરખું છે, કારણ કે સામાન્ય વર્ગ માટે તેમાં કોઈ ખાસ જોગવાઈ નથી. ખેડૂતો, મહિલાઓ, ગરીબ વર્ગ, નાના વેપારીઓ અને દુકાનદારો સૌ માટે બજેટમાં કોઈ ખાસ રાહત નથી. તેમનું કહેવું હતું કે જ્યારે મજબૂત વિરોધ પક્ષ ન હોય અથવા સરકારને વિરોધની ચિંતા ન હોય, ત્યારે આવા બજેટ રજૂ થાય છે. તેમણે જણાવ્યું કે દરેક નાગરિક ટેક્સ આપે છે, ભલે તે ઈન્કમ ટેક્સ ન આપતો હોય, પરંતુ દૈનિક જીવનની દરેક વસ્તુ પર ટેક્સ છે. ગેસ, ચા, ખાંડ, દૂધ, ખાદ્ય સામગ્રી, મોબાઈલ, પેટ્રોલ, શાકભાજી અને વીજળી. તો પ્રશ્ન એ છે કે આ ટેક્સના પૈસા ક્યાં જાય છે?

### જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક

## નર્મદા AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ જનહિતના પ્રશ્નો મુદ્દે રજૂઆત કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

આમ આદમી પાર્ટી દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા નર્મદા જિલ્લા સેવા સદન કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી જિલ્લા સંકલન તથા ફરિયાદ નિવારણ સમિતિની બેઠક બાદ મીડિયા સમક્ષ મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. બેઠકમાં જિલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને વિવિધ વિભાગોના વર્ગ-૧ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.ધારાસભ્યએ જણાવ્યું કે નર્મદા જિલ્લાના હિતને લગતા અનેક પ્રશ્નો બેઠકમાં ઉઠાવવામાં આવ્યા. પોષણ સુધા યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને આપવામાં આવતું મેનુ અને દર બાળક દીઠ મળતી રૂ. 25 ની સહાય અંગે ચર્ચા કરવામાં આવી. છેલ્લા ત્રણથી ચાર મહિનાથી પેન્ડિંગ ફૂડ બિલ બાબતે તેમણે તાકીદ કરી હતી. અધિકારીઓએ ગ્રાન્ટ મળતા જ ચુકવણી કરવાની ખાતરી આપી છે. ખેતીની જમીનના હસ્તાંતરણ અને વેચાણ સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ. આદિવાસી વર્ગ માટેની આવાસ યોજના હેઠળ ત્રીજો હપ્તો નાના-મોટા કામોના કારણે બાકી રહ્યો હોવાનું ધ્યાન દોરવામાં આવ્યું. અધિકારીઓએ માર્ચ અંત સુધી બાકી રકમ ચૂકવવાની ખાતરી આપી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પણ ત્રીજો અને ચોથો હપ્તો પૂર્ણ થયેલા મકાનોને માર્ચ સુધી ચૂકવવા રજૂઆત કરવામાં આવી.



### વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અને મામેરાના નાણાં ચૂકવો

AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મળતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં અંદાજે 8 થી 10 હજાર અરજીઓ મંજૂર થયેલી હોવા છતાં માત્ર 2935 વિદ્યાર્થીઓને જ રકમ મળ્યાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો. બાકી તમામ વિદ્યાર્થીઓને ફેબ્રુઆરી-માર્ચ પહેલા ચુકવણી થાય તેવી માંગ કરવામાં આવી છે.

### ગઈકાલે અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટેરિફ રદ કર્યો હતો

## ટ્રમ્પનો ટેરિફ બોમ્બ, ગ્લોબલ ટેરિફ 10%થી વધારી 15% કર્યો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 21

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્લોબલ ટ્રેડને લઈ મોટું એલાન કર્યું છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેર કર્યું છે કે અમેરિકા તાત્કાલિક પ્રભાવથી દુનિયા ભરના દેશો પર લાગુ થયેલા 10 ટકા ટેરિફને વધારીને 15 ટકા કરવા જઈ રહ્યું છે. તેમણે દાવો કર્યો કે ઘણા દેશો દશકોથી અમેરિકાનો ફાયદો ઉઠાવી રહ્યા છે તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલા ટ્રમ્પે શુક્રવારે રાત્રે પ્રેસ કોન્ફરન્સ કરીને તમામ દેશો પર 10% ટેરિફ લગાવવાની વાત કહી હતી. જેના 24 કલાકમાં તેમાં 5 ટકાનો વધારો કરી 15 ટકા ટેરિફ ઝીંકવાનું એલાન કર્યું છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ભડકી ઉઠેલા ટ્રમ્પે તઘલખી નિર્ણય લેતા કહ્યું કે, 'આ પગલું સંપૂર્ણ રીતે કાયદાના દાયરામાં લેવામાં આવ્યું છે જેનું પરીક્ષણ પણ થઈ ચૂક્યું છે. આ સાથે આવનાર સમયમાં ટ્રમ્પ પ્રશાસન નવા અને કાયદાની રૂએ ઘડાયેલા લીગલ ટેરિફની ઘોષણા કરશે તેવો પણ નિર્ણય લીધો છે. આ સમગ્ર મામલે ભારત સરકાર તરફથી વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલે કહ્યું કે, ટેરિફ અંગે અમેરિકાની સુપ્રીમ કોર્ટનો ચુકાદો અમારા ધ્યાને છે.



### અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને મોટો ઝટકો,

## યૌન શોષણ કેસમાં ફરિયાદ દાખલ કરવા પોલીસને સ્પેશિયલ કોર્ટનો આદેશ

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

જ્યોતિષ પીઠના શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી વિરૂદ્ધ યૌન શોષણના આરોપ મામલે એડીજે રેપ એન્ડ પોક્સો સ્પેશિયલ કોર્ટથી મોટો આદેશ સામે આવ્યો છે. એડીજે પોક્સો એક્ટ વિનોદ કુમાર ચૌરસિયાએ સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે પોલીસને કેસ નોંધવા અને કાયદા મુજબ તપાસ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટના આદેશ બાદ હવે ઝુસી પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવશે. જણાવી દઈએ કે, શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટના અધ્યક્ષ અને શાકુંભરી પીઠાધીશ્વર આશુતોષ બ્રહ્મચારી તરફથી દાખલ કરાયેલી અરજી પર કોર્ટમાં શુક્રવારે સુનાવણી થઈ હતી. પ્રયાગરાજની એડીજે રેપ એન્ડ પોક્સ સ્પેશિયલ કોર્ટે કેસની સુનાવણી કરતા આરોપ લગાવનારા બંને સગીરોના કોર્ટમાં વીડિયો સાથે નિવેદન દાખલ કરાયા હતા. આ સાથે જ પોક્સો કોર્ટે પોલીસના રિપોર્ટનું પણ સંજ્ઞાન લીધું હતું. સગીરોના નિવેદન દાખલ કરવા અને પોલીસ રિપોર્ટ જોયા બાદ કોર્ટે જજમેન્ટ રિઝર્વ કર્યું હતું. હવે શનિવારે કોર્ટે આ મામલે ચુકાદો પણ સંભળાવી દીધો છે. તેમણે કહ્યું કે, 'ખબર નહીં કેટલા લોકો સામે ખોટા કેસ દાખલ કરીને પૈસા પડાવવાનું છે, તેમનું કામ છે, પછી તે રામભદ્રાચાર્યનો શિષ્ય બની જાય છે અને પછી અમારા પર આરોપ લગાવે છે.



### 'તેઓ રામભદ્રાચાર્યના શિષ્ય', અવિમુક્તેશ્વરાનંદ


હવે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે પણ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, તેમના વિરૂદ્ધ દાખલ કરાયેલી ફરિયાદ સંપૂર્ણ રીતે બનાવટી છે અને તપાસ પાદ સત્ય સામે આવી જશે. કોર્ટે આ મામલે કાર્યવાહી કરવી જોઈએ, જેથી સત્ય જલ્દી સામે આવે. જે બનાવટી કેસ છે તે તો બનાવટી જ સાબિત થશે. સનાતન પર આોપ લગાવી કોણ રહ્યું છે, જે વ્યક્તિએ આરોપ લગાવ્યા છે તે ખુદ હિસ્ટ્રીશીટર છે.

### 'પૂર્વ સેના પ્રમુખોના પુસ્તક લખવા પર પ્રતિબંધ નહીં મુકાય'

## નરવણેના પુસ્તક વિવાદ પર રાજનાથ સિંહનું પ્રથમ નિવેદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 21

પૂર્વ સેના પ્રમુખ જનરલ એમ એમ નરવણેના પુસ્તક પર થઈ રહેલા વિવાદ પર પહેલી વખત સંરક્ષણ મંત્રી રાજનાથસિંહનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું છે કે, પૂર્વ સેના પ્રમુખોને પુસ્તક લખવા પર કોઈ રોક લાગશે નહીં, સંરક્ષણ મંત્રીએ એ સમાચારોને ખોટા ગણાવ્યા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સેનાથી જોડાયેલા અધિકારીઓને નિવૃત્તિના 20 વર્ષ સુધી કોઈ પુસ્તક લખવાની મંજૂરી નહીં મળે. નિયમ મુજબ, નિવૃત્ત લશ્કરી અધિકારીઓ પુસ્તક લખી શકે છે, પરંતુ 'ઓફિશિયલ સિક્રેટ એક્ટ' હેઠળ તેઓ સંવેદનશીલ માહિતી શેર કરી શકતા નથી. આથી પ્રકાશન પહેલા સંરક્ષણ મંત્રાલયની મંજૂરી લેવી અનિવાર્ય છે. અહેવાલો મુજબ, પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા દ્વારા આ પુસ્તકની કેટલીક નકલો 2024માં જ દિલ્હીની દુકાનોમાં પહોંચી ગઈ હતી, પરંતુ વિવાદ વધતાં તેને પરત ખેંચી લેવાઈ હતી. ત્યારે સવાલ ઉઠ્યો હતો કે શું પ્રકાશકે મંજૂરી પહેલા જ પ્રિન્ટિંગ કરી દીધું હતું?



### જર્મન લગ્ન વીધીએ સૌને ચોંકાવી દીધા ◆ જર્મનીના ગુસ્તાવે ખુશીના નામની મહેંદી લગાવી; વર-કન્યાએ કરવતથી લાકડું કાપ્યું

## જર્મનીનો વરરાજાને યુપીની દુલ્હન

(એજન્સી) જયપુર । તા. 21

દુલ્હનની કાકી જ્યોતિએ જણાવ્યું કે ખુશી અને ગુસ્તાવ એક જર્મન કંપનીમાં કામ કરે છે. ખુશી જયપુરમાં જ પોસ્ટેડ છે, જ્યારે ગુસ્તાવ જર્મનીમાં કામ કરે છે. એક વર્ષ પહેલાં ગુસ્તાવ કંપનીના કામથી જયપુર આવ્યો હતો. આ દરમિયાન તેની મુલાકાત ખુશી સાથે થઈ. ખુશીનું જર્મન ઘણું સારું છે. આનાથી ગુસ્તાવને ભારતમાં ઘણી સરળતા રહી. ખુશીની મદદથી ગુસ્તાવને ભારત ગમી ગયું. બંને ધીમે ધીમે એકબીજાની નજીક આવી ગયા. વાત આગળ વધી અને પ્રેમ થઈ ગયો. પછી વાત લગ્ન સુધી પહોંચી ગઈ. તેમણે જણાવ્યું- બંનેની સગાઈ ગ્રીન પાર્કમાં થઈ હતી. ત્રણ દિવસના કાર્યક્રમમાં ગુરુવારે હળદર અને મહેંદીનો કાર્યક્રમ યોજાયો હતો, ત્યારબાદ શુક્રવારે કોકટેલ પાર્ટી પણ રાખવામાં આવી હતી, જેમાં ગુસ્તાવને ખૂબ મજા આવી હતી. અમારી દીકરી જર્મન ભાષા સારી રીતે જાણે છે. બાકીના મહેમાનો માટે ભાષાની સમસ્યા ટાળવા માટે ફૂડ ટ્રાન્સલેટરની વ્યવસ્થા કરવામાં આવી હતી. જર્મનીમાં લગ્નમાં કેટલીક ગજબની અને રસપ્રદ વિધિઓ મનાવવામાં આવે છે. લગ્ન વિધિમાં કન્યા અને વરરાજાને લાકડા કાપવાનું કહેવામાં આવે છે. આ [illegible], નવદંપતી સાથે મળીને કરવતથી લાકડાના ટુકડાને બે ભાગમાં વિભાજીત કરે છે. જ્યોતિએ જણાવ્યું કે ખુશીનો આખો પરિવાર ઘણા વર્ષો પહેલા ફિરોઝાબાદથી જયપુર શિફ્ટ થયો હતો. ખુશીના પિતા ત્યાં એક પ્રાઈવેટ કંપનીમાં કામ કરે છે. ખુશીનો અભ્યાસ પણ ત્યાં જ થયો. ખુશીએ બીટેક અને એમબીએ કર્યું છે. લગ્નમાં સ્થાનિક લોકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા અને વર-વધૂને આશીર્વાદ આપ્યા. બંને પરિવારોએ એકબીજાને ભેટીને અભિનંદન આપ્યા. ગુસ્તાવ અને ખુશીની જોડીએ હાથ પકડીને નવા જીવનની શરૂઆત કરી. સંદેશ આપ્યો કે પ્રેમની કોઈ સીમા હોતી નથી, ન ભાષાની, ન દેશની.



### બંધુત્વની ભાવનાથી હટશે ભેદભાવ

## મેરઠમાં RSSના મોહન ભાગવતે ખેલાડીઓ સાથે સંવાદ કર્યો

(એજન્સી) મેરઠ | તા.21

અત્રે ખેલાડીઓ સાથે સંવાદ ગોષ્ઠિમાં સર સંઘ સંચાલક મોહન ભાગવતે હિન્દુ સમાજની એકતા સંઘને પૂરી રીતે જાણવા પર જોર આપ્યું હતું. તેમણે સ્પષ્ટ કયુરં હતું કે બંધુત્વની ભાવનાથી જ સમાજમાંથી જાતિવાદ, ભેદભાવ, અસમાનતા મટી શકે છે, જોકે મોહન ભાગવત યુજીસી સાથે સંકળાયેલા સવાલો પર મૌન ધારણ કરી લીધુ હતું. તેમનું કહેવું હતું કે બંધુત્વની ભાવના જ સમાજને એક રાખશે. ખેલાડીઓ સાથે સંવાદમાં મોહન ભાગવતે જણાવ્યું હતું કે સંઘનું કામ માત્ર પોતાનું નામ કરવાનું નથી, બલકે દેશનું નામ મોટું કરવાનું છે. તેમણે ખેલાડીઓને કહ્યુ હતું કે માત્ર રમત અને રાજનીતિથી સંઘને સમજી ન શકાય. સંઘને સમજવા માટે અંદર આવીને કામ કરવું પડશે. ભાગવતે કહ્યુ હતું કે સંઘને સત્તાની અભિલાષા નથી. સંઘનો મૂળ ઉદેશ સમસ્ત હિન્દુ સમાજને સંગઠીત કરવાનો છે. સંઘ કોઈ વર્ગ વિશેષના વિરોધ કે કોઈની સાથે સ્પર્ધા માટે કામ નથી કરતો. શતાબ્દીનગર સ્થિત માધવકુંજમાં લગભગ 950 રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સાથે સંવાદ કરતા ભાગવતે કહ્યુ હતું કે કેટલાક લોકો સંઘને સમાવેશી માને છે.



### અમદાવાદમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરના 81 અકસ્માત નોંધાયા છે. એમાં 44 લોકોએ જીવ ગુમાવ્યા છે

# અમદાવાદમાં નંબર પ્લેટ વિનાના ડમ્પરે યુવકને કચડી નાખ્યો : રોડ પર લોહીનો રેલો ચાલ્યો, રોષે ભરાયેલા લોકોએ કહ્યું, રજૂઆત બાદ પણ ભારે વાહન પસાર થાય છે

અમદાવાદ | અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં ડમ્પરની ટક્કરે એક નિર્દોષ યુવકનો જીવ ગયો છે. 21 ફેબ્રુઆરીને શનિવારે વહેલી સવારે યમદૂત બનીને આવેલા ડમ્પરે 22 વર્ષના મોપેડ રહીને જઈ રહેલા યુવકને ટક્કર મારતાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી, જેથી યુવકનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. બનાવ અંગે જાણ થતાં એમ ડિવિઝન ટ્રાફિક-પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી છે.


ફતેવાડી વિસ્તારમાં રહેતો મુસ્તકીમ નામનો 22 વર્ષનો યુવક સવારના સમયે મોપેડ લઈને જુહાપુરાના રોયલ અકબર ટાવર પાસેથી જઈ રહ્યો હતો ત્યારે પાછળથી પૂર ઝડપે નંબરપ્લેટ વિનાનું ડમ્પર આવી રહ્યું હતું. આ ડમ્પરે મુસ્તકીમને ટક્કર મારી હતી. ટક્કર વાગતાં મુસ્તકીમ જમીન પર પટકાયો હતો, જેના કારણે તેને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ગંભીર ઈજાઓને કારણે મુસ્તકીમનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત થતાં આસપાસના સ્થાનિકો ભેગા થઈ ગયા હતા. તપાસ કરતાં ડમ્પરના આગળ અને પાછળના ભાગે કોઈ નંબરપ્લેટ લાગેલી નહોતી. દિવસ દરમિયાન ભારે વાહનો જુહાપુરા જેવા ગીચ વિસ્તારમાંથી પસાર થતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે અગાઉ પણ રજૂઆત કરી હતી છતાં પણ દિવસ દરમિયાન ભારે વાહનોને પસાર થવા દેવામાં આવે છે, એના કારણે જ આ અકસ્માત થયો છે.

બનાવની જાણ થતાં એમ ડિવિઝન ટ્રાફિક-પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે યુવકનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા ડમ્પરને શહેરમાં નો એન્ટ્રીમાં આવવાની પરમિશન હતી કે નહીં? એ બાબતની તપાસ કરવામાં આવશે.

અમદાવાદમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરના 81 અકસ્માત નોંધાયા છે. એમાં 44 લોકોએ જીવ ગુમાવ્યા છે. રોડ એક્સિડન્ટ ઈન ઈન્ડિયા રિપોર્ટ મુજબ, 2019થી 2023 દરમિયાન અમદાવાદમાં ટ્રક કે ડમ્પર દ્વારા થયેલા અકસ્માતમાં 23 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી. આ ઉપરાંત 43 લોકો પણ ઈજાગ્રસ્ત થયા હતા. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવસે નો-એન્ટ્રી હોવા છતાં ડમ્પરો બેફામ ફરતાં હોય છે.

18મી ડિસેમ્બરે મોડીરાત્રે એક ડમ્પરચાલક બેફામ બન્યો હતો. આ બેફામ ડમ્પરચાલકે વ્યાસવાડીથી પકવાન સુધી રસ્તો બાનમાં લીધો હતો. શહેરના પકવાન ચાર રસ્તા પાસે ડમ્પરચાલકે બેથી ત્રણ વાહનને ટક્કર મારી હતી, જેમાં બે લોકોને ઈજા થઈ હતી. સ્થાનિક લોકોનાં ટોળાં ભેગાં થઈ ગયાં હતાં અને ડ્રાઈવરને ઉતારીને ઢોરમાર મારવામાં આવ્યો હતો.



### શહેરમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરથી 81 અકસ્માતમાં 44નાં મોત

અમદાવાદમાં પાંચ વર્ષમાં ટ્રક કે ડમ્પરના 81 અકસ્માત નોંધાયા છે. એમાં 44 લોકોએ જીવ ગુમાવ્યા છે. રોડ એક્સિડન્ટ ઈન ઈન્ડિયા રિપોર્ટ મુજબ, 2019થી 2023 દરમિયાન અમદાવાદમાં ટ્રક કે ડમ્પર દ્વારા થયેલા અકસ્માતમાં 23 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી હતી. આ ઉપરાંત 43 લોકો પણ ઈજાગ્રસ્ત થયા હતા. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી દિવસે નો-એન્ટ્રી હોવા છતાં ડમ્પરો બેફામ ફરતાં હોય છે.



## મહિલાની નજર ચૂકવી બેગમાંથી 7 લાખની ચોર્યા : ગેંગનો આતંક યથાવત

ગાંધીનગર | અમદાવાદના શીલજથી અડાલજ આવી રહેલા 50 વર્ષીય વિધવા મહિલાની બેગમાંથી રિક્ષા ગેંગ 7 લાખની રોકડ અને 2 લાખનો ચેક ભરેલી પ્લાસ્ટિકની થેલી સેરવીને ફરાર જતાં અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. નોંધનીય છે કે, પુત્રના વિદેશ અભ્યાસ અર્થે મહિલાએ મકાન વેચીને રકમ એકઠી કરી હતી.

શહેરના એસ.પી. રિંગ રોડ પર આવેલી હોસ્ટેલમાં નાઈટ ડ્યુટી કરી પેટે પાટા બાંધી પોતાના દીકરાને વિદેશમાં ભણાવતી વિધવા માતાની મૂડી રિક્ષા ગેંગ સેરવી લઈને ફરાર થઈ ગઈ છે. મૂળ બનાસકાંઠાના અને હાલ સીલજની સાંદિપની હોસ્ટેલમાં વોર્ડન તરીકે ફરજ બજાવતા દક્ષાબેન ઓઝાનો દીકરો પ્રિન્સ રશિયામાં MBBSનો અભ્યાસ કરી રહ્યો છે.

જ્યારે દક્ષાબેન સેકટર-22 શ્રેયસ સોસાયટીમાં રહે છે. દીકરાની કોલેજ ફી અને વતનમાં પૈસા મોકલવા માટે દક્ષાબેને ચાણક્યપુરી વિસ્તારમાં આવેલું પોતાનું માલિકીનું મકાન વેચવા કાઢ્યું હતું. ગત 17 ફેબ્રુઆરીના રોજ આ મકાનનું બાનાખત ઈન્કમટેક્સ ઓફિસ ખાતે કરવામાં આવ્યું હતું. જે પેટે સામા પક્ષે તેમને 7 લાખ રોકડા અને 2 લાખનો ચેક આપ્યો હતો.

આ રકમ તેમણે સુરક્ષાના કારણોસર સીલજ ખાતે રહેતી તેમની ભત્રીજી મનીષાબેનના ઘરે મૂકી હતી. આજરોજ સવારે દક્ષાબેન ભત્રીજીના ઘરેથી રોકડ રકમ અને ચેક એક સફેદ પ્લાસ્ટિકની થેલીમાં ભરી તેને પોતાની વાદળી બેગમાં મૂકીને નીકળ્યા હતા.

## ગાંધીનગરમાં ગાંજાની હેરાફેરીનો પર્દાફાશ : ચંન્દ્રાલા નાકા પાસે પોલીસને જોઇ બાઇક મૂકી બે શખસો ફરાર

ગાંધીનગર | ગાંધીનગરમાં ચિલોડા પોલીસે ચંન્દ્રાલા નાકા પાસે ગત રાત્રે વાહન ચેકિંગ દરમિયાન કેફી દ્રવ્યોની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. જોકે ચંન્દ્રાલા નાકા પોઇન્ટ પાસે પોલીસની ફિલ્ડિંગ જોઈને બાઇક સવાર બે શખસો 47 હજારથી વધુની કિંમતનો 4.750 કિલો ગાંજો ભરેલો થેલો મૂકીને નાસી છૂટ્યા હતા. આ અંગે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવા વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં નશીલા પદાર્થોની હેરાફેરી રોકવા માટે પોલીસ સતર્ક બની છે, ત્યારે ચિલોડા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ચંન્દ્રાલા નાકા પાસે ગત રાત્રે એક ફિલ્મી ઘટના બની હતી. હિંમતનગર તરફથી આવતા વાહનોના ચેકિંગ દરમિયાન પોલીસને જોઈ ગભરાયેલા બે બાઈક સવારો રૂ. 47,500ની કિંમતનો ગાંજો અને બાઇક મૂકી અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા.

ચિલોડા પોલીસ સ્ટેશનના એસ.જે. ચૌહાણની ટીમ ગઈકાલે રાત્રે 11:15 વાગ્યાના અરસામાં ચંન્દ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકિંગમાં હતી. આ દરમિયાન બાઈક (નંબર GJ-24-BB-3134) પર બે શખસો શંકાસ્પદ રીતે થેલો ભરાવીને આવતા જણાતા પોલીસે તેમને ઉભા રાખવા ઈશારો કર્યો હતો.

જોકે, પોલીસને જોઈ આરોપીઓએ બાઈક ઉભી રાખવાને બદલે રોંગ સાઈડમાં ભગાવી મૂકી હતી. જેના પગલે પોલીસ ટીમે તાત્કાલિક સરકારી વાહન સાથે તેમનો ફિલ્મી રીતે પીછો શરૂ કર્યો હતો. પરંતુ આરોપીઓ ચંન્દ્રાલા પુલ નીચેથી વળીને નાના ગરનાળા પાસે સર્વિસ રોડ પર બાઈક અને તેના પર લટકાવેલો થેલો મૂકીને અંધારામાં ભાગી ગયા હતા.

બાદમાં પોલીસે બાઈકના હૂક પર લટકાવેલી બ્રાઉન કલરની બેગની તપાસ કરતા તેમાંથી નશીલા પદાર્થ જેવી વિશિષ્ટ વાસ આવતી હતી. આ ઘટનાની ગંભીરતા જોઈ તાત્કાલિક FSL અધિકારીને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. તેમણે પદાર્થનું ભૌતિક પરીક્ષણ કરતા તે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જાહેર કર્યું હતું.

## શેરબજારમાં રોકાણના નામે વેપારી સાથે ૧૩.૭૯ લાખની છેતરપિંડી




ગાંધીનગર : હાલમાં સાયબર ઠગ ટોળકીઓ સક્રિય થઈ છે ત્યારે કુડાસણ વિસ્તારમાં રહેતા એક વેપારી સાથે શેરબજારમાં રોકાણના બહાને ૧૩,૭૯,૦૦૦ની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધવામાં આવી છે.

સમગ્ર દેશમાં હાલ સાયબર ક્રાઈમની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગાંધીનગરમાં પણ એક પછી એક વ્યક્તિઓને સાયબર ગઠિયાઓ દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યા છે ત્યારે ગાંધીનગર નજીક આવેલા કુડાસણમાં રહેતા અને માણસા ખાતે સબમર્સીબલ પંપની ફેક્ટરી ધરાવતા શૈલેષભાઈ જયંતીલાલ મોદીને પણ સાયબર ગઠિયાઓનો ભેટો થઈ ગયો હતો. ગત ૧૬ જુનના રોજ તેઓ ફેસબુકમાં વિડીયો જોઈ રહ્યા હતા ત્યારે યુ.ટી.આઇ એસેસ મેનેજમેન્ટ કંપનીના નામે એક જાહેરખબર જોવા મળી હતી. આ એડમાં આપેલ લિંક પર ક્લિક કરતા જ તેઓ વોટ્સએપ ગ્રુપમાં જોડાઈ ગયા હતા. ઠગ ટોળકીએ વોટ્સએપ ગ્રુપમાં શેરબજારમાં થયેલા મોટા નફાના સ્ક્રીનશોટ મૂકી વેપારીને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ, એક નકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમાં આઈડી-પાસવર્ડ બનાવડાવ્યા હતા. શરૂઆતમાં વેપારીને વિશ્વાસમાં લેવા માટે તેઓને ૧,૦૦૦નો નફો પરત પણ આપ્યો હતો. વેપારીને વધુ નફાની લાલચ આપી અલગ-અલગ બેંક એકાઉન્ટ્સમાં કુલ ૧૩,૭૯,૦૦૦ જમા કરાવડાવ્યા હતા. વેપારીએ જ્યારે આ રકમ વિડ્રો કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તે થઈ શક્યો નહોતો.

## જાગૃતિ શિક્ષા નિકેતન, પાંડુ - ગરીબ વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ









માલીગાંવ | જાગૃતિ શિક્ષા નિકેતન, પાંડુ, 1975 માં પાંડુના રેલ્વે વસાહતમાં સ્થપાયેલ, એક નાની પહેલ તરીકે શરૂ થયું હતું અને પાંડુ અને માલીગાંવ વિસ્તારોના ગરીબ બાળકો માટે પ્રાથમિક શિક્ષણ માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની ગયું છે. તેની 50 વર્ષની સફરમાં, શાળાએ વિવિધ સંસ્થાઓ અને શુભેચ્છકોના સમર્થનથી સતત પ્રગતિ કરી છે. હાલમાં, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન (NFRWWO) ના પ્રમુખ શ્રીમતી શાલિની શ્રીવાસ્તવના નેતૃત્વ હેઠળ, શાળા પ્લે ગ્રુપથી ધોરણ V સુધીના 160 થી વધુ વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડે છે, સમર્પિત શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓ દ્વારા, સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને.

જાગૃતિ શિક્ષા નિકેતન, પાંડુએ આજે માલીગાંવના રંગ ભવન ખાતે તેનો વાર્ષિક દિવસ ઉજવ્યો. આ કાર્યક્રમમાં નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના જનરલ મેનેજર ચેતન કુમાર શ્રીવાસ્તવ અને NFRWWOના પ્રમુખ શ્રીમતી શાલિની શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ રંગબેરંગી સાંસ્કૃતિક પ્રદર્શન, ગીતો અને સ્કીટ રજૂ કર્યા હતા, જેમાં તેમની પ્રતિભા અને એકંદર વિકાસને ઉજાગર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ મહેમાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે ગરમાગરમ વાતચીત સાથે સમાપ્ત થયો, જે વંચિત બાળકોને સશક્તિકરણ કરવા માટેની શાળાની પ્રતિબદ્ધતાને પુન:પુષ્ટ કરે છે.

2006 માં શાળાના મકાનના પુનર્વિકાસ સાથે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રાપ્ત થયું. 2014 અને 2017 માં નવા વર્ગખંડોના ઉમેરા સાથે આ પ્રગતિ ચાલુ રહી. તાજેતરમાં, 2024 માં, એક નવીનીકૃત વર્ગખંડ અને સ્ટાફ-રૂમ સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જેનાથી શાળાના શિક્ષણ વાતાવરણમાં વધુ સુધારો થયો હતો. રેલ્વેના સમર્થન ઉપરાંત, ઘણી સંસ્થાઓ અને વ્યક્તિઓએ શાળાના સ્થિર વિકાસમાં અર્થપૂર્ણ યોગદાન આપ્યું છે. નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેની વિવિધ શાખાઓએ, ભાગીદાર સંસ્થાઓ સાથે, મૂલ્યવાન સહાય પૂરી પાડી છે. NFR અને NFR (બાંધકામ) દ્વારા માળખાગત સુવિધા પૂરી પાડવામાં આવી હતી.

## News Brief

### બન્ની વિસ્તારના લુણા નાના ગામે ચરીયામણમાં આગ લાગતા ઘાસનો વિપુલ જથ્થો બળીને ખાખ

જગદીશ દવે | દેશલપર (ગુંતલી) | કચ્છના બની વિસ્તારના લુણા નાના ગામે ચરીયામણ વિસ્તારમાં ગઈકાલે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ લાગેલી આગ જે મોટા પ્રમાણમાં ઘાસ 10 થી 12 એકરમા બળીને ખાખ થઈ ગયો આ આગ કયા કારણોસર લાગી તેની તપાસ પોલીસ અને ફોરેસ્ટ વિભાગ કરી રહી છે આ આગ એટલી વિકરાળ હતી જયોત જોતામાં અમૂલ્ય ઘાસ બળીને ખાખ થઈ જાય એ પહેલા હાજીપીર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ વિ ડી ગોહિલ સાહેબને જાણ કરતા તરત જ પોલીસ સ્ટાફ સ્થળ ઉપર ઘસી ગયો હતો આગની જાણકારી લીધી હતી. તરત જ ગામ ના જાગૃત નાગરિક આલમ ભાઈ જત અને તાલુકા પંચાયતના સભ્યો અબ્દુ-લ્લાભાઈ બુઢા તાત્કાલિક પાણીના ટેન્કરો મંગાવી આગને કાબુ લેવા મહેનત ઉઠાવી હતી ગામના નાગરિકો દ્વારા મોટા મોટા લાકડા જાખરા લઈ આગને વિખેરવા લાગી ગયા હતા આ આગને કારણે પશુધન માટેનો અમૂલ્ય ઘાસ મોટા પ્રમાણમાં બડીને ખાખ થઈ ગયો હતો.

### મહાશિવરાત્રીના મેળામાં જૂનાગઢ વહીવટી તંત્રનું માસ્ટર પ્લાનિંગ સફળ રહ્યું: બધા જ વાહન પાર્કિંગ ઉપયોગી બન્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ,તા.૨૧ જૂનાગઢના ગિરનારની તળેટીમાં યોજાયેલ મહાશિવરાત્રીના મેળામાં લાખો શ્રદ્ધાળુઓની ભીડ વચ્ચે વાહન પાર્કિંગનું આયોજન અભૂતપૂર્વ રીતે સફળ રહ્યું હતુ. જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રી અનિલકુમાર રાણાવસિયા અને એસ.પી.શ્રી સુબોધ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ રચાયેલી ખાસ પાર્કિંગ સમિતિએ આ પડકારને તકમાં ફેરવ્યો હતો. જૂનાગઢના ગરવા ગિરનારની ગોદમાં યોજાતા મહા શિવરાત્રીના મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓને વાહન પાર્કિંગમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે તંત્ર દ્વારા પહેલી વખત અભૂતપૂર્વ વ્યવસ્થાપન કરવામાં આવ્યું હતુ. આ અંગે પાર્કિંગ સમિતિના સભ્ય પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એચ.કે. હુંબલે જણાવ્યું હતુ કે,સામાન્ય રીતે લાખોની જનમેદની એકત્ર થનારી હોય ત્યારે વાહન પાર્કિંગ મેનેજમેન્ટનો સૌથી મોટો પડકાર હોય છે. ભાવિકોને નજીકમાં અને સુવિધા સભર પાર્કિંગ મળે એ માટે છેલ્લા દોઢ મહિના થી વહીવટી તંત્ર, પોલીસ વિભાગ અને મહાનગરપાલિકાના સંયુક્ત સંકલનથી ૨૫ જેટલા અધ્યતન પાર્કિંગ સ્થળો તૈયાર કરવામાં આવ્યા હતા.

### અમદાવાદમાં લક્ઝરી-ST બસોની એન્ટ્રી સાવ બંધ થશે: લોકોએ AMTS-BRTS અને મેટ્રોનો ઉપયોગ કરવો પડશે

ગાંધીનગર | રાજ્યના સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે અને દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. જેને ધ્યાનમાં રાખી શહેરમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા અને શહેરીજનો વધુમાં વધુ જાહેર પરિવહનની સેવાનો ઉપોયગ કરે તે માટે આગામી વર્ષ 2030માં યોજાનાર કોમનવેલ્થ સુધી લક્ઝરી બસો અને ગુજરાત ST નિગમની બસો શહેરની બહાર દોડાવવામાં આવશે.અમદાવાદમાં ભારે લક્ઝરી અને એસટી બસો એસજી હાઈવે અને એસપી રિંગ રોડ સુધી જ આવશે. હાઈવેથી જાહેર પરિવહન સેવા AMTS, BRTS અને મેટ્રોનો ઉપયોગ થાય તે પ્રકારનું આયોજન સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે.અમદાવાદમાં જાહેર એક્ઝિબિશન 'AmdavadNXT'ના ઉદ્ઘાટન પ્રસંગમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ મંત્રી અને અસારવાના ભાજપ ધારાસભ્ય દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, આગામી વર્ષ 2030માં અમદાવાદમાં કોમનવેલ્થ યોજાવાની છે.

### જૂનાગઢ એસ.ટી. વિભાગ દ્વારા કનકેશ્વરી મંદિર માટે બસ સેવાનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ,તા. ૨૧. જૂનાગઢ એસ.ટી. વિભાગ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રસિદ્ધ યાત્રાધામ જૂનાગઢ જિલ્લાના ગીરમાં આવેલ કનકેશ્વરી મંદિર ખાતે દર્શનાર્થે જતા મુસાફરોની સુવિધા માટે બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ બસ ધોરાજી- કનકાઈ રૂટ પર વાયા જૂનાગઢ, ખડીયા, બિલખા, મોણપરી, વિસાવદર અને સતાધાર થઈને ચાલશે. વિભાગીય નિયામકશ્રી વી. બી. ડાંગરે આ સેવાનો બહોળી સંખ્યામાં લાભ લેવા અપીલ કરી છે. કનકાઈ મંદિર જવા માટે એસ.ટી. બસનું સમયપત્રક જોઈએ તો બસ ધોરાજીથી સવારે ૮:૩૦ કલાકે,જૂનાગઢથી સવારે ૯:૩૦ કલાકે કનકાઈ પહોંચવાનો સમય: બપોરે ૧૨:૩૦ કલાકે અને આવવામાં કનકાઈ થી બપોરે ૧૩:૩૦ કલાકે ઉપડશે. જૂનાગઢ પહોંચવાનો સમય: સાંજે ૧૬:૩૦ કલાકે ધોરાજી પહોંચવાનો સમય સાંજે ૧૭:૩૦ કલાક રહેશે.

### મહીસાગર એલસીબી પોલીસે ટાટા કંપનીની ટ્રકમાંથી 45 લાખ રુપીયાનો દારુનો જંગી જથ્થો પકડયો.

જગદીશ ત્રિવેદી | મહીસાગર | મહીસાગર એલ.સી.બી દ્વારા બાલાસીનોર ટાઉન પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પસાર ચતી ટાટા મોટર્સ કંપનીના ટ્રકમાંથી મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ કાર્યવાહીમાં અંદાજે રૂ. ૪૫,૪૦,૮૦૦/- કિંમતનો વિદેશી દારૂ (બિયર ટીન નંગ ૨૦,૬૪૦) તથા ટક વિગેરે મલી ને કુલ રૂ. ૬૦,૪૭,૦૦૦/-નો મુદ્દામાલ પોલીસે જપ્ત કરવામાં આવ્યો છે અને એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે.એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. ખાંટને બાતમી મળેલી કે ટાટા કંપનીના ટ્રકમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ઈન્દોર-અમદાવાદ હાઇવે માર્ગે અમદાવાદ તરફ લઈ જવાઈ રહ્યો છે. આ ચોક્કસ બાતમીના આધારે એલસીબી સ્ટાફ તથા બાલાસીનોર ટાઉન પોલીસ સ્ટેશનના કર્મચારીઓ હોટેલ ગ્રીન નજીક નાકાબંધી કરી વાહન ચકાસણીમાં હતા.

### બાકોર ખાતે 'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે કવિસંમેલન યોજાયું

જગદીશ ત્રિવેદી | મહીસાગર

વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા આયોજિત 'માતૃભાષા સપ્તાહ' અંતર્ગત ખાનપુર તાલુકાના બાકોર સ્થિત પ્રથમેશ વિદ્યા સંકૂલ, શ્રીમતી બી.સી. મહેતા પ્રાથમિક શાળા ખાતે એક કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાંના પ્રાસંગિક સંદેશનું પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં તેમણે ભાષાના જતનનો સંદેશ પાઠવ્યો હતો. આ અવસરે ઉપસ્થિત અતિથિ વિશેષ અશ્વિન પંડ્યા અને પંકજ ઉપાધ્યાયે સાહિત્ય અકાદમીના ભાષા સંવર્ધનના ભગીરથ પ્રયાસોને બિરદાવીને કાર્યક્રમને અભિનંદન પાઠવ્યા હતા.

### યાત્રિયોની સુવિધા માટે ભાવનગર મંડળના મીટરગેજ સેક્શનમાં 23 ફેબ્રુઆરીથી જૂનાગઢ-ચલાલા વચ્ચે દૈનિક સ્પેશિયલ ટ્રેન દોડશે

અમદાવાદ | યાત્રિયોની સુવિધા તથા તેમની માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર રેલવે મંડળના મીટરગેજ સેક્શનમાં વિશેષ ભાડા પર જૂનાગઢ અને ચલાલા સ્ટેશનો વચ્ચે 23 ફેબ્રુઆરી, 2026 (સોમવાર) થી દૈનિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:જૂનાગઢથી ચલાલા જતી દૈનિક મીટરગેજ સ્પેશિયલ ટ્રેન જૂનાગઢ સ્ટેશનથી સવારે 10:40 વાગ્યે પ્રસ્થાન કરશે અને બપોરે 14:10 વાગ્યે ચલાલા સ્ટેશન પહોંચશે. વાપસીમાં ચલાલાથી જૂનાગઢ જતી દૈનિક મીટરગેજ સ્પેશિયલ ટ્રેન ચલાલાથી બપોરે 14:40 વાગ્યે પ્રસ્થાન કરશે.

### જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળામાં વિશ્વમાં અજોડરૂપ ગૌરવશાળી સેવા મૂલ્યોના દર્શન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૧ મહાશિવરાત્રીના મેળામાં લાખો ભાવિકો પધારે છે, તેમને નિ:શુલ્ક ભોજન પ્રસાદ, નાસ્તા, ચા, પાણી, સરબત, શેરડીના રસ, છાસ વિગેરે ભાવપૂર્વક ઉતારા મંડળ-અન્નક્ષેત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ, અખાડાઓ, આશ્રમો તથા અનેક સંતો, કલાકારો દ્વારા ભોજન પ્રસાદ કરાવવામાં આવે છે. દુનિયાભરમાં ભાગ્યે જ આવા ઉદાહરણ જોવા મળે છે, તેમાં મુખ્ય આધાર સ્તંભ સ્વયંભુ સેવાના ભેખધારી સ્વયંસેવક તરીકે મહિલાઓ તથા પુરુષો કે જેઓ પોતાના કામ ધંધા છોડીને ગિરનારી મહારાજ ના સાનિધ્યમાં માનવ સેવા કરીને પોતાને ધન્ય માને છે, સાથે એમ પણ કહે છે કે, લોકોની સેવા કરીને અમને અનેરા આનંદની પ્રાપ્તિ થાય છે, સાથે જ ઘર પરિવારમાં બરકત રહેવાની સાથે પુત્ર-પૌત્રાદી પણ સંસ્કારવાન બને છે.

### જૂનાગઢ ખાતે કિશોરી મેળો-૨૦૨૬ અને વાનગી નિદર્શન કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ તા.૨૧ જૂનાગઢના આઈ.સી.ડી.એસ. ઘટક-૨ અને મહિલા તથા બાળ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે પૂર્ણા યોજના અંતર્ગત કિશોરીઓના સશક્તિકરણ માટે કિશોરી મેળો - ૨૦૨૬ અને વાનગી નિદર્શન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ના માધ્યમથી કિશોરીઓને આરોગ્ય, પોષણ, સ્વચ્છતા અને કાયદાકીય અધિકારો પ્રત્યે જાગૃત કરી આત્મનિર્ભર બનવા માટે પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરે દીકરીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, જ્યારે દીકરી શિક્ષિત અને સુપોષિત બને છે, ત્યારે જ એક મજબૂત સમાજનું નિર્માણ થાય છે.

### જાબાળ ગામના વિદ્યાર્થી શિવાજી જયંતીના દિવસે ઓરીજનલ શિવાજીના ડ્રેસમાં એક પાત્ર રજૂ કરતા શાળામાં હર્ષની લાગણીઓ પ્રસરી ગઈ હતી

અમદાવાદ | કાઠી સમાજ સહજાનંદ પ્રાથમિક શાળાનું ગૌરવ વધાર્યું સાવરકુંડલા સહજાનંદ પ્રાથમિક શાળામાં ધોરણ ચાર માં અભ્યાસ કરતા જાબાળ ગામના ખુમાણ જયવંત ઉર્ફે જય યોગેશભાઈ ખુમાણ ધોરણ ચારમાં અભ્યાસ કરતા તેમને પહેલેથી જ દેશ પ્રત્યે વીર યુવાનો ભગતસિંહ જોગીદાસ ખુમાણ રામવાળા અનેક વાર્તાઓ તેમને કંઠસ્થ છે અને દેશ પ્રત્યે અને સૈનિકો પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા ત્યારે શિવાજીની જયંતિ નિમિત્તે પોતે શિવાજીની વાર્તાઓ સાંભળી અને શિક્ષકોને કહે કે મારે શિવાજીનું પાત્ર ભજવવું છે શિક્ષકો દ્વારા તેમને ડ્રેસ ઢાલ અને પહેરવેશ ઓરીજનલ શિવાજી એવું જ પાત્ર જોવા મળતા અને ઓરીજનલ એક પાત્ર અભિનય ભજવતા સમગ્ર શાળાના બાળકો વાલીઓને મુક્ત કરી દીધા સ્ટાફમાં રાજીપો વ્યક્ત થયો હતો તેમ જ આ નાના યુવાને કાઠી ક્ષત્રિય સમાજના એક પાત્ર એ ભજોતા શાળાનું નામ ક્ષત્રિય સમાજનું અને જાંબાળ ગામનું નામ રોશન કરતા શાળાના આચાર્યશ્રી કૌશિકભાઈ તથા વ્યાસ અને શિક્ષક સ્ટાફ તેમજ કાઠી સમાજના અગ્રણીઓ બોર્ડિંગના પ્રમુખ એવા અશોકભાઈ ખુમાણ પૂર્વ જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન નિર્મળભાઈ ખુમાણ તથા પ્રવીણભાઈ કોટીલા તથા કનુભાઈ વરુ તથા આણંદુભાઈ તથા પૂર્વ પ્રમુખ સત્રજીતભાઈ ધાખડા એ અભિનંદન પાઠવ્યા હતા.

### મેલ/એક્સપ્રેસ ટ્રેનોમાં સામાન્ય શ્રેણી (જનરલ) કોચોની કાયમી વધારો, યાત્રિયોને મળશે વધારાની સુવિધા

ભાવનગરતા.૨૧ યાત્રિયોનીસુવિધાતેમજ રેલવે બોર્ડના દિશા-નિર્દેશોને અનુરૂપ દરેક મેલ/એક્સપ્રેસ ટ્રેનમાં ઓછામાં ઓછા 04 સામાન્ય શ્રેણીના કોચ ઉપલબ્ધ કરાવવા માટે પશ્ચિમ રેલવે દ્વારા ભાવનગર મંડળમાંથી પસાર થતી ટ્રેનોની સંરચનામાં સામાન્ય શ્રેણીના કોચોમાં કાયમી વધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી સામાન્ય શ્રેણીમાં મુસાફરી કરતા મુસાફરોને વધારાની જગ્યા ઉપલબ્ધ થશે તેમજ ભીડ વ્યવસ્થાપનમાં પણ સહાય મળશે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર સુધારેલ કોચ સંરચનાનોવિગતવારઉલ્લેખનીચેમુજબછે

1. ટ્રેન નં. 12905/12906 પોરબંદર-શાલીમાર-પોરબંદર એક્સપ્રેસમાં સુધારેલ સંરચના મુજબ જનરલ કોચોની સંખ્યા 3 થી વધારીને 4 કરવામાં આવશે. આ કોચો પોરબંદરથી 29 એપ્રિલ 2026થી તથા શાલીમારથી 01 મે 2026થી અમલમાં આવશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### બ્લેકમેલિંગના પુરાવાઓ હાથ લાગ્યા, મહિલા મિત્રની ધરપકડ કરવામાં આવી

# સુરત બિલ્ડર તુષાર ઘેલાણી કેસમાં ખળભળાટ

(એજન્સી) સુરત । તા. 21

શહેરના જાણીતા બિલ્ડર તુષાર ઘેલાણીના આપઘાત કેસમાં ઉમરા પોલીસે એક અત્યંત મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. લાંબા સમયથી ચાલી રહેલી તપાસ અને પરિવારના આક્ષેપોને આધારે પોલીસે તુષારભાઈને મરવા માટે મજબૂર કરનાર તેમની મહિલા મિત્રની અટકાયત કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલા મિત્ર દ્વારા બિલ્ડરને સતત માનસિક ત્રાસ આપી, તેમની મિલકતો પડાવી લેવા માટે બ્લેકમેલ કરવામાં આવતા હતા, જેના કારણે કંટાળીને તેમણે પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી.

મૃતક બિલ્ડરના પરિવારે પોલીસ સમક્ષ ગંભીર આક્ષેપો કર્યા હતા કે આ મહિલા તુષારભાઈ સાથેના સંબંધોનો દુરુપયોગ કરી રહી હતી. મીડિયા અહેવાલ મુજબ, મહિલાએ તુષારભાઈ પાસેથી દુકાન સહિતની અનેક કિંમતી મિલકતો બળજબરીથી પોતાના નામે કરાવી લીધી હતી. જ્યારે બિલ્ડરે આ સંબંધોનો અંત લાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે મહિલાએ તેમને બદનામ કરવાની અને તેમની દીકરીના લગ્ન પ્રસંગમાં હોબાળો કરવાની ધમકી આપી હતી. આ સામાજિક બદનામીના ડરથી બિલ્ડર માનસિક રીતે ભાંગી પડ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.




સમગ્ર ઘટનાક્રમ મુજબ, તુષાર ઘેલાણીએ ગત ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ પોતાના નિવાસસ્થાને રિવોલ્વરથી ગોળી મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ પાંચ દિવસ સુધી વેન્ટિલેટર પર રહ્યા બાદ તબીબોએ તેમને 'બ્રેઈનડેડ' જાહેર કર્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ પાંચ દિવસ દરમિયાન અને તેમના મોત બાદ પણ પરિવાર અને મહિલા મિત્ર વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દોર ચાલ્યો હતો, જેમાં અંતે પોલીસને મહિલાની સંડોવણીના પ્રાથમિક પુરાવા મળ્યા છે.

ધરપકડ કરાયેલી મહિલાએ અગાઉ પોલીસને અરજી કરીને આ ઘટનાને 'મર્ડર' ગણાવી હતી અને પરિવાર પર જ આક્ષેપ કર્યો હતો કે તેઓ તુષારભાઈને માત્ર 'એટીએમ મશીન' સમજતા હતા. તેણે ૨૫ લાખ રૂપિયાની લેતી-દેતીના દાવા પણ કર્યા હતા. જોકે, ઉમરા પોલીસે બંને પક્ષોની અરજી અને ટેકનિકલ પુરાવાઓની ઝીણવટભરી તપાસ બાદ તારણ કાઢ્યું છે કે બિલ્ડરને આપઘાત તરફ ધકેલવામાં મહિલાનો મુખ્ય હાથ હતો. મીડિયા અહેવાલ મુજબ, મહિલાની પૂછપરછમાં હજુ વધુ કેટલાક ચોંકાવનારા ખુલાસા થવાની શક્યતા છે.

આ કેસની ગંભીરતાને જોતા સુરતના બિલ્ડર ગ્રુપમાં પણ આશ્ચર્ય ફેલાયું છે. પોલીસે હાલમાં મહિલા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો (IPC ૩૦૬ મુજબ) ગુનો નોંધીને વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ અને મિલકતો પડાવવા માટે કેવા પ્રકારના દસ્તાવેજોનો ઉપયોગ થયો હતો, તે દિશામાં પણ હવે તપાસ તેજ કરવામાં આવી છે. પોલીસ આગામી દિવસોમાં મહિલાને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરી શકે છે.

## વડોદરા છોટાઉદેપુર માવઠું પાક નુકસાનની ભીતિ, હવામાન વિભાગની આગાહી અને ખેડૂતોની ચિંતા



વડોદરા | મધ્ય ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો આવતા ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા છે. વડોદરા શહેર સહિત વાઘોડિયા અને છોટાઉદેપુર જિલ્લાના વિવિધ સ્થળોએ આજે સવારથી જ કમોસમી વરસાદ એટલે કે માવઠું પડતા ખેતીના પાકને વ્યાપક નુકસાન થવાની શક્યતા સેવાઈ રહી છે. છેલ્લા બે દિવસથી જળવાયેલા વાદળછાયા વાતાવરણ બાદ આજે વરસેલા વરસાદે શિયાળુ પાક અને ફળાદી પાકો પર જોખમ ઊભું કર્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, અત્યારે આંબા પર કેરીનો મોર (ફૂલ) આવવાની સીઝન ચાલી રહી છે. આ સમયે વરસાદ પડવાથી મોર ખરી પડવાની અને તેમાં જીવાત પડવાની પૂરેપૂરી શક્યતા છે. જો હજી પણ વરસાદી માહોલ જળવાઈ રહેશે, તો આ વર્ષે કેરીના ઉત્પાદનમાં મોટો ઘટાડો થઈ શકે છે, જેની સીધી અસર બજારના ભાવો પર પણ જોવા મળશે. જાણો સમગ્ર ઘટનાક્રમ, તો માવઠાને કારણે માત્ર ફળો જ નહીં પરંતુ ખેતરમાં તૈયાર થવા આવેલા ઘઉં, મકાઈ અને દિવેલા જેવા પાકોને પણ અસર પહોંચી છે.

## વડોદરા BSNL મોડયૂલ ચોરી વારસિયા વિસ્તાર નિશાને, ટેલિફોન નેટવર્ક ખોરવાયું ગ્રાહકો પરેશાન

(એજન્સી) વડોદરા । તા. 21

વડોદરા શહેરમાં તસ્કરોએ હવે સરકારી ટેલિફોન સેવાઓને નિશાન બનાવવાનું શરૂ કર્યું હોય તેમ લાગે છે. પાણીગેટ વિસ્તાર બાદ હવે વારસિયા વિસ્તારમાં પણ BSNL ના પીલરમાંથી મોડયૂલની ચોરી થવાની ઘટના સામે આવી છે. અજાણ્યા ચોર શખ્સોએ અંદાજે ૪૫૦ જેટલા ડિસ્ટ્રિબ્યૂશન મોડયૂલની ચોરી કરી છે, જેની બજાર કિંમત રૂપિયા ૯૦ હજાર આંકવામાં આવી છે. આ ચોરીના કારણે સેંકડો ગ્રાહકોના ફોન અને ઈન્ટરનેટ કનેક્શન ખોરવાઈ ગયા છે. ગત ૨૭મી જાન્યુઆરીએ સવારના ૧૧ વાગ્યાની આસપાસ BSNL ના પાણીગેટ એક્સચેન્જ પર ગ્રાહકોના ફરિયાદોના ફોન આવવા લાગ્યા હતા કે તેમના ફોનમાં નેટવર્ક આવતું નથી. ટેલિફોન એક્સચેન્જના સ્ટાફે જ્યારે ટેકનિકલ તપાસ હાથ ધરી ત્યારે તેઓ ચોંકી ઉઠ્યા હતા. જૂના આર.ટી.ઓ. સર્કલ અને ગણેશનગર સોસાયટી પાસે આવેલા ટેલિફોન પીલરમાંથી કિંમતી મોડયૂલ ગાયબ હતા.

### તસ્કરોનું સુનિયોજિત નેટવર્ક

તો તસ્કરોએ માત્ર એક જ સ્થળે નહીં પણ પારસ સોસાયટી અને સંગમ ચાર રસ્તા પાસેના પીલરોને પણ નિશાન બનાવ્યા હતા. ચોર ટોળકીએ અત્યંત કુશળતાપૂર્વક પીલર ખોલીને અંદરથી કનેક્ટિવિટી પૂરી પાડતા મોડયૂલ કાઢી લીધા હતા. આ ઘટનાને પગલે BSNL તંત્ર દોડતું થયું છે અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા પોલીસમાં વિધિવત ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, પોલીસ આ મામલે વિવિધ વિસ્તારોના સીસીટીવી ફૂટેજ ચકાસી રહી છે. અગાઉ પાણીગેટમાં પણ આવી જ ચોરી થઈ હોવાથી કોઈ પ્રોફેશનલ ગેંગ આની પાછળ હોવાની આશંકા સેવાઈ રહી છે. બીજી તરફ, BSNL દ્વારા નવા મોડયૂલ નાખીને સેવાઓ વહેલી તકે પૂર્વવત કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, પરંતુ વારંવાર થતી ચોરીથી તંત્ર અને ગ્રાહકો બંને પરેશાન છે.



## રાજકોટ રેલવે બ્લોક ટ્રેન રદ મુસાફરો પરેશાન

(એજન્સી) રાજકોટ । તા. 21

રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરો માટે એક મહત્વની એડવાઈઝરી બહાર પાડવામાં આવી છે. જામનગર-લાખાબાવલ સેક્શનમાં રેલવેના ડબલ ટ્રેકની કામગીરીને વેગ આપવા માટે મોટો બ્લોક લેવામાં આવ્યો છે. આ કામગીરીને કારણે આજથી એટલે કે ૨૧ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી સૌરાષ્ટ્રના રેલ વ્યવહારને વ્યાપક અસર પહોંચશે. આ દરમિયાન અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા છે અને ઘણી ટ્રેનો નિર્ધારિત સમય કરતાં મોડી દોડશે. રેલવેના આ બ્લોકને કારણે 'સૌરાષ્ટ્ર મેલ' જેવી અતિ મહત્વની ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે. એટલે કે આ ટ્રેનો તેના નિયત સ્ટેશન સુધી જવાને બદલે અધવચ્ચેના સ્ટેશનથી જ રદ કરી દેવામાં આવી છે. આ ફેરફારને કારણે લાંબા અંતરના મુસાફરોએ વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને સ્ટેશન પર પૂછપરછ કરીને જ મુસાફરી શરૂ કરવા વિનંતી કરવામાં આવી છે. તો ૨૬ ફેબ્રુઆરીના રોજ દોડનારી પોરબંદર-શાલીમાર એક્સપ્રેસ તેના નિયમિત માર્ગને બદલે પરિવર્તિત માર્ગ વાયા જેતલસર-ભક્તિનગર થઈને દોડશે. આ ઉપરાંત, ૨૪ ફેબ્રુઆરીના રોજ ઓખા-ભાવનગર એક્સપ્રેસ ઓખા સ્ટેશનથી તેના નિર્ધારિત સમય કરતા ૨ કલાક મોડી ઉપડશે.

## વડોદરા ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબ મનીષ મહેન્દ્રભાઈ પટેલ બિલ્ડર સામે છેતરપિંડી વધુ બે ફરિયાદ

(એજન્સી) વડોદરા । તા. 21

વડોદરા શહેરમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે રોકાણકારો સાથે છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. ખોડીયાર નગર ચાર રસ્તા પાસે આવેલા 'ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબ' સ્કીમના બિલ્ડર મનીષ મહેન્દ્રભાઈ પટેલ સામે છેતરપિંડીની વધુ બે ફરિયાદો બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. બિલ્ડર દ્વારા લાખો રૂપિયા પડાવ્યા હોવા છતાં ગ્રાહકોને દુકાનનું પઝેશન ન આપી દસ્તાવેજ કરી ન આપતા આખરે મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

### રૂપિયા ૭૦ લાખથી વધુની રકમ પડાવી

વારસિયા વિસ્તારના વેપારી ધર્મેશ જેઠાનંદભાઈ લોહાણાએ ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૫માં તેમણે અને તેમના ભાઈએ 'કેયા બિલ્ટેક એલપી' ના ભાગીદાર મનીષ પટેલની સ્કીમમાં ૪ દુકાનો બુક કરાવી હતી. દુકાનોની કુલ કિંમત ૮૬ લાખ નક્કી થઈ હતી, જે પૈકી ૭૦.૫૩ લાખ રૂપિયા ચૂકવી દીધા હોવા છતાં બિલ્ડરે ન તો પઝેશન આપ્યું કે ન તો દસ્તાવેજ કરી આપ્યો.

### બિલ્ડર દંપતી સામે બીજી ફરિયાદ

બીજી તરફ, વેપારી વિક્કી નારાયણદાસ મંગલાણીએ બિલ્ડર મનીષ પટેલ અને તેની પત્ની રૂપલ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે. વિક્કીએ દુકાન માટે ૧૭ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે વારંવાર રજૂઆત કરવા છતાં બિલ્ડરે દુકાન સોંપી નથી અને ભરેલા નાણાં પણ પરત આપ્યા નથી.

### પોલીસ કાર્યવાહી અને તપાસ

બાપોદ પોલીસે બંને ફરિયાદોના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી બિલ્ડર મનીષ પટેલ અગાઉ પણ વિવાદોમાં રહી ચૂક્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પોલીસે બિલ્ડરની પ્રોપર્ટી અને બેંક વિગતોની તપાસ શરૂ કરી છે. રોકાણકારોને ન્યાય મળે તે માટે હવે પોલીસ કાયદેસરના પગલાં ભરી રહી છે.

## MS યુનિ. આર્ટસ ફેકલ્ટી હેડ નિમણૂક વહીવટી ફેરફાર, આર્ટસ ફેકલ્ટીમાં 6 નિયમિત હેડ અને 7 ઈન્ચાર્જ




વડોદરા | વડોદરાની વિશ્વવિખ્યાત એમ.એસ. યુનિવર્સિટીમાં લાંબા સમયની પ્રતીક્ષા બાદ આર્ટસ ફેકલ્ટીના વિવિધ વિભાગોમાં વડાઓની નિમણૂક કરવામાં આવી છે. યુનિવર્સિટી સત્તાધીશો દ્વારા લેવામાં આવેલા નિર્ણય મુજબ, ૬ વિભાગોમાં નિયમિત હેડની વરણી કરવામાં આવી છે, જ્યારે ૭ મહત્વના વિભાગોમાં હજુ પણ ઈન્ચાર્જ હેડથી જ ગાડું ગબડાવવામાં આવશે. આ નિમણૂકોની સાથે જ ફેકલ્ટીમાં ડીનની વરણીને લઈને ચાલી રહેલા વિવાદે પણ જોર પકડ્યું છે. સંસ્કૃત, આર્કિઓલોજી, હિસ્ટ્રી, પોલિટિકલ સાયન્સ, ઈકોનોમિક્સ અને મરાઠી વિભાગમાં નિયમિત હેડની નિમણૂક કરાઈ છે. બીજી તરફ, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, જર્મન, લિંગ્વિસ્ટિક, રશિયન અને સોશ્યોલોજી જેવા ૭ મોટા વિભાગોમાં ઈન્ચાર્જ હેડને યથાવત રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, ફ્રેન્ચ, લાઈબ્રેરી સાયન્સ અને ફિલોસોફી જેવા વિભાગોમાં કોઈ પ્રોફેસર ન હોવાથી તેનો ચાર્જ ડીનને સોંપાયો છે. તો આર્ટસ ફેકલ્ટીમાં નવા ડીનની નિમણૂક અંગે વાઈસ ચાન્સેલર પ્રો. ભણગે હજુ સુધી કોઈ મહોર મારી શક્યા નથી.

## મોરબી સોની વેપારી હત્યા શનાળા રોડ પર આતંક, ઓવરટેક બાબતે ઝઘડો અને હત્યા

(એજન્સી) મોરબી । તા. 21

મોરબીના શનાળા રોડ પર નવા બસ સ્ટેન્ડ નજીક ગત રાત્રે એક કમકમાટીભરી ઘટના સામે આવી છે. વાહન ઓવરટેક કરવા જેવી નજીવી બાબતે બે અજાણ્યા શખ્સોએ સોની વેપારી જતીનભાઈ આડેસરા (ઉ.વ. ૩૩) ની છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી છે. આ ઘટનાને પગલે સમગ્ર સોની સમાજમાં ભારે રોષ ફેલાયો છે અને આજે વિરોધ પ્રદર્શનના ભાગરૂપે સોની બજાર સજ્જડ બંધ રાખવામાં આવી છે.

### વાસ્તુ પ્રસંગનો આનંદ માતમમાં ફેરવાયો

ભક્તિનગર-૨ માં રહેતા જતીનભાઈના ઘરે વાસ્તુ પ્રસંગ હોવાથી તેઓ રાજકોટ રહેતા તેમના બહેન ચેતનાબેનને તેડવા માટે કાર લઈને ગયા હતા. રાજકોટથી પરત ફરતી વખતે શનાળા રોડ પર એક્સેસ સ્કૂટર પર આવેલા બે શખ્સો સાથે કારને સાઈડ આપવા બાબતે બોલાચાલી થઈ હતી. ઉશ્કેરાયેલા શખ્સોએ જતીનભાઈને કારમાંથી નીચે ઉતારી છાતી અને થાપાના ભાગે આડેધડ છરીના ઘા ઝીંકી દીધા હતા.

### સારવાર દરમિયાન તોડ્યો દમ

તો લોહીલુહાણ હાલતમાં જતીનભાઈએ તાત્કાલિક તેમના મોટાભાઈ મૌલિકભાઈને ફોન કરીને ઘટનાની જાણ કરી હતી. તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલા જ તેમનું અવસાન થયું



હતું. મૃતક જતીનભાઈને ૧૧ માસની માસૂમ દીકરી છે, જેણે પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ મચી ગયું છે.

### પોલીસ કાર્યવાહી અને સમાજનો રોષ

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, મોરબી પોલીસે બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ તેજ કરી છે. સોની સમાજે માંગ કરી છે કે આરોપીઓની વહેલી તકે ધરપકડ કરવામાં આવે અને તેમને કડકમાં કડક સજા અપાય. ન્યાયની માંગ સાથે સોની બજારના તમામ વેપારીઓએ ધંધા-રોજગાર બંધ રાખી આ હિંસક ઘટનાનો વિરોધ નોંધાવ્યો છે.

### જબલપુરના આરોપી જીતેન્દ્ર મહેરાની ધરપકડ

## વડોદરા સાયબર છેતરપિંડી જામીન અરજી નામંજૂર કોર્ટનો કડક આદેશ

(એજન્સી) વડોદરા । તા. 21

શહેરમાં બેંક કસ્ટમર કેરના કર્મચારી બનીને લાખો રૂપિયાની સાયબર છેતરપિંડી આચરનાર ટોળકીના સાગરીતને વડોદરાની અદાલતે કોઈ પણ રાહત આપવાનો ઈનકાર કર્યો છે. રૂા. ૯૧.૧૦ લાખની ઓનલાઈન ઉચાપતના ગુનામાં સંડોવાયેલા મધ્યપ્રદેશના જબલપુરના આરોપી જીતેન્દ્ર હેમસિંહ મહેરાની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. અદાલતે નોંધ્યું હતું કે ટેકનોલોજીનો દુરુપયોગ કરી લોકોની મહેનતની કમાણી હડપ કરી લેવી એ સમાજ માટે અત્યંત ચિંતાનો વિષય છે.

આરોપી જીતેન્દ્ર મહેરાએ ફરિયાદીને ઈક્વિટાસ બેંકના કસ્ટમર કેર સર્વિસના કર્મચારી તરીકે ઓળખ આપી હતી. તેણે ફરિયાદીના ફોન પર કોલ ફોરવર્ડિંગ કરાવીને આખો મોબાઈલ હેક કરી લીધો હતો. ત્યારબાદ ઈક્વિટાસ અને એયુબીએલ બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ રૂા. ૯૧,૧૦,૫૦૦ ટ્રાન્સફર કરી લીધા હતા. વડોદરા સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે સઘન તપાસ કરીને આરોપીની ધરપકડ કરી હતી. તો આરોપીએ રેગ્યુલર જામીન મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. સુનાવણી દરમિયાન સરકારી વકીલે દલીલ કરી હતી કે આ એક ગંભીર આર્થિક ગુનો છે અને આરોપી સામે મજબૂત પુરાવા છે. ન્યાયાધીશે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અવલોકન કર્યું કે, હાલના સમયમાં આર્થિક ગુનાની પદ્ધતિઓ બદલાઈ રહી છે અને આવા કિસ્સાઓમાં જામીન આપવા ન્યાયના હિતમાં નથી. સાયબર ગુનેગારો ઓનલાઈન બેંકિંગ અને મોબાઈલ હેકિંગ જેવી અદ્યતન પદ્ધતિઓનો ઉપયોગ કરી રહ્યા છે. વડોદરા કોર્ટના આ ચુકાદાથી સાયબર ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે પણ નાગરિકોને ચેતવણી આપી છે કે કોઈ પણ અજાણ્યા વ્યક્તિના કહેવાથી ફોનમાં કોઈ પણ કોડ ડાયલ ન કરવો કે એપ ડાઉનલોડ ન કરવી, જેનાથી કોલ ફોરવર્ડિંગ કે હેકિંગની શક્યતા રહેલી હોય છે.

## સયાજી હોસ્પિટલ NABH ઈન્સપેક્શન ગુણવત્તાની કસોટી, કેન્દ્રીય ટીમ દ્વારા હોસ્પિટલ તપાસ




વડોદરા | વડોદરાની મધ્યમાં આવેલી અને મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી સયાજી હોસ્પિટલમાં આજે 'નેશનલ એક્રેડિટેશન બોર્ડ ઓફ હોસ્પિટલ્સ' ની ટીમ દ્વારા મહત્વનું ઈન્સપેક્શન શરૂ કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની આ ત્રણ સભ્યોની ટીમ આગામી ત્રણ દિવસ સુધી હોસ્પિટલના વિવિધ વિભાગોની કામગીરી, સ્વચ્છતા અને સારવારના ધોરણોની ઝીણવટભરી તપાસ કરશે. જો સયાજી હોસ્પિટલ આ માપદંડોમાં ખરી ઉતરશે, તો તેને રાષ્ટ્રીય સ્તરનું ગુણવત્તા પ્રમાણપત્ર પ્રાપ્ત થશે. આજે પ્રથમ દિવસે ટીમ દ્વારા ઈલેક્ટ્રિક રિક્ષામાં બેસીને સમગ્ર હોસ્પિટલ કેમ્પસની મુલાકાત લેવામાં આવી હતી. આ ટીમમાં કોઈમ્બતૂરના ડો. એમ. વેંકટેશ, મુંબઈના ડો. સુવર્ણા વાગોલકર અને બેંગલુરુના ડો. ચિદમ્બરાનો સમાવેશ થાય છે. ટીમે પિડિયાટ્રિક, ગાયનેક, ઓપરેશન થિયેટર, સર્જરી અને ઓ.પી.ડી. સહિતના મુખ્ય વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું.

### જંગલેશ્વરમાં તંત્રનું શક્તિ પ્રદર્શન, સોમવારે ખેલાશે ડિમોલિશન જંગ

## રાજકોટમાં ગેરકાયદે દબાણો પર મેગા સર્જિકલ સ્ટ્રાઈક

(એજન્સી) રાજકોટ । તા. 21

સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટમાં ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ અત્યાર સુધીનું સૌથી ભીષણ અને ઐતિહાસિક ઓપરેશન શરૂ થવા જઈ રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ તંત્રના સંયુક્ત ઉપક્રમે આગામી સોમવાર, ૨૩ ફેબ્રુઆરીના રોજ જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટમાં ખડકાયેલા ૧૪૯૨ જેટલા ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવી દેવાની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ મેગા ડિમોલિશન પૂર્વે આજે શનિવારે સમગ્ર વિસ્તારમાં તંત્ર દ્વારા ભારે શક્તિ પ્રદર્શન કરી દબાણકારોને સામાન ખાલી કરી દેવા માટેની અંતિમ તાકીદ કરવામાં આવી છે.

આજે શનિવારની વહેલી સવારથી જ રાજકોટના ભક્તિનગર સર્કલ પાસે આવેલી શેઠ હાઈસ્કૂલ જાણે લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગઈ



હોય તેવો નજારો જોવા મળ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ ઓપરેશનને પાર પાડવા માટે મનપાના ૧૨૦૦ અને પોલીસ વિભાગના ૧૫૦૦ મળી કુલ ૨૭૦૦ થી વધુ જવાનો અને અધિકારીઓની ફોજ તૈનાત કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં તે માટે પોલીસ કમિશનર કચેરી દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા જંગલેશ્વર વિસ્તારની ૭૮ જેટલી સોસાયટીઓ અને ગલીઓને કુલ ૭ અલગ-અલગ રૂટમાં વહેંચી દેવામાં આવી છે. અધિકારીઓની વિશેષ ટુકડીઓ દ્વારા આ તમામ રૂટ પર સવારથી સાંજ સુધી ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ પેટ્રોલિંગનો મુખ્ય હેતુ દબાણકારોમાં તંત્રનો ડર પેસાડવાનો અને તેમને શાંતિપૂર્ણ રીતે બાંધકામો ખાલી કરવા સમજાવવાનો છે. જો સોમવાર સુધીમાં દબાણકર્તાઓ સ્વૈચ્છિક રીતે ખસી નહીં જાય, તો તંત્ર દ્વારા કડક હાથે કાર્યવાહી કરી બળપ્રયોગ કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી નદીના શુદ્ધિકરણ અને નગર રચના યોજના (TP) નંબર ૬ હેઠળ ૧૫ મીટરના રસ્તાના અમલીકરણ માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આજી નદીના કાંઠે વર્ષોથી ગેરકાયદે રહેણાંક અને વ્યાવસાયિક દબાણો ખડકાઈ ગયા હતા, જે નદીના પ્રવાહ અને શહેરના આયોજનમાં અવરોધરૂપ બનતા હતા. મીડિયા અહેવાલ અનુસાર, મનપાના ત્રણેય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને વિજિલન્સ વિભાગ આ સમગ્ર કામગીરી પર સીધી દેખરેખ રાખી રહ્યા છે.

### અમદાવાદના પ્રેમી રુદ્ર સુથારની ધરપકડ

## વડોદરા પ્રેમજાળ છેતરપિંડી 15.65 લાખ પરિણીતા લૂંટાઈ

(એજન્સી) વડોદરા । તા. 21

શહેરમાં સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રેમસંબંધ બાંધીને બે સંતાનોની માતા સાથે લાખોની છેતરપિંડી અને શારીરિક શોષણની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઓનલાઈન ગેમની લતે ચઢેલા અમદાવાદના પ્રેમીએ પરિણીતાને બ્લેકમેલ કરીને કુલ રૂપિયા ૧૫.૬૫ લાખની મતા પડાવી લીધી હતી. જોકે, હિંમત હાર્યા વગર પરિણીતાએ પરિવારની મદદથી છટકું ગોઠવીને આરોપીને પકડી પોલીસને હવાલે કરી દીધો છે.

ગત ઓક્ટોબર મહિનામાં વડોદરાની પરિણીતાનો સંપર્ક સોશિયલ મીડિયા પર અમદાવાદના રાજેશ ઉર્ફે રુદ્ર પરસોત્તમભાઈ સુથાર સાથે થયો હતો. રુદ્રએ પ્રેમજાળમાં ફસાવીને પરિણીતા સાથે હોટલમાં શરીર સંબંધ બાંધ્યા હતા. તેણે રિપેરિંગના બહાને ગળામાંથી સોનાનું મંગળસૂત્ર પડાવી લીધું હતું અને શેરબજારમાં નુકસાનના બહાને રોકડ રકમ પણ પડાવી હતી. એટલું જ નહીં, આરોપીએ પરિણીતાના મોબાઈલમાંથી તેની જાણ બહાર ૨.૩૬ લાખની લોન પણ ઉપાડી લીધી હતી. તો આરોપી રુદ્ર મોબાઈલમાં ઓનલાઈન ગેમ રમવાનો આદી હતો. ગેમમાં મોટી રકમ હારી જતાં તેણે પરિણીતા પાસે વધુ નાણાંની માંગણી કરી હતી. જ્યારે પરિણીતાએ ના પાડી, ત્યારે તેણે ધમકી આપી હતી કે જો રૂપિયા નહીં આપે તો તે તેમના સંબંધોની જાણ ઘરના સભ્યોને કરી દેશે. આ ધમકીથી ડરીને પરિણીતાએ સોનાના દાગીના અને રોકડ મળીને કુલ ૧૫.૬૫ લાખ રૂપિયા ગુમાવ્યા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. મિત્રો સાથે સાંજ આનંદદાયક રહેશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો.

**કર્ક : ડ. હ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.

**સિંહ : મ. ટ.**

તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**તુલા : ર. ત.**

તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**વૃશ્ચિક : ન. ય.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો.

**મકર : ખ. જ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. પરિવારના સભ્યો સાથે વિતાવવા માટે તમને ખાસ્સો સમય મળશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો.

---

**મહાપાલિકાએ નોટિસ આપ્યા બાદ પણ લાભાર્થી નિષ્ક્રીય રહેતા કાર્યવાહી**

# આવાસ યોજનામાં ભાડૂઆતના મામલે મહાપાલિકાએ 23 ફ્લેટને સીલ માર્યા



ભાવનગર : ભાવનગર શહેરમાં તરસમિયાની બે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આવાસ ભાડે આપવાના મામલે આજે શુક્રવારે મહાપાલિકાએ ૨૩ ફ્લેટને સીલ મારતા ફફડાટ મચી જવા પામી છે. આ લાભાર્થીઓને મહાપાલિકાએ નોટિસ આપી છતા લાભાર્થી નિષ્ક્રીય રહેતા કાર્યવાહી કરવામાં આવી છે. મહાનગરપાલિકાના દ્વારા શહેરના તરસમિયા ખાતે ફાઈનલ પ્લોટ નંબર-૫૧ ખાતેની પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગત તા. ૨૭ જાન્યુઆરીએ ભાડુઆતના મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ આવાસ યોજનામાં કુલ ૫૬ આવાસ આવેલા છે, જેમાં ૨૪ ભાડુઆત હતા અને ૧૪ મુળ લાભાર્થી હતા, જ્યારે ૧૮ બંધ મકાન જોવા મળ્યા હતાં. ભાડુઆતોને સાત દિવસમાં આવાસ ખાલી કરવા નોટિસ આપી હતી. ૨૪ ભાડૂઆત પૈકી ૭ આવાસોના મુળ લાભાર્થી દ્વારા દંડની રકમ, સોસાયટી એનઓસી અને બાંહેધરી વિભાગ ખાતે રજૂ ન કરવા ભાડૂઆત આવાસ ખાલી ન કરાવેલ હોવાનું પ્રસ્થાપીત ગણીને ૭ આવાસને આજે શુક્રવારે સિલીંગ કરવામાં આવેલ છે. ઉપરાંત સિલીંગનો દંડ ફટકારવામાં આવેલ છે. મહાનગરપાલિકાના દ્વારા ૨૫૪૮ ઈ.ડબલ્યુ.એસ-૧ પ્રધાનમંત્રી આવાસ યોજનાના મહાદેવનગરની બાજુમાં, ખારસી સામે, તરસમિયા રોડ ખાતે ફાઈનલ પ્લોટ નંબર-૪૮ માં ગત તા. ૧૦ ફેબુરઆરીએ ભાડુઆતના મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ આવાસ યોજનામાં કુલ ૯૨ આવાસ આવેલા છે, જેમાં ૩૩ ભાડુઆત હતા અને ૩૫ મુળ લાભાર્થી હતા, જ્યારે ૨૪ બંધ મકાન જોવા મળ્યા હતાં. ભાડુઆતોને ૭ દિવસમાં આવાસ ખાલી કરવા તાકીદ નોટિસ આપીને આવાસો ખાલી કરાવવા જાણ કરવામાં આવેલ હતી. ૩૩ ભાડૂઆત પૈકી ૧૬ આવાસના મુળ લાભાર્થી દ્વારા દંડની રકમ, સોસાયટી એનઓસી અને બાંહેધરી વિભાગ ખાતે રજૂ ન કરવા ભાડૂઆત આવાસ ખાલી ન કરાવેલ હોવાનું પ્રસ્થાપીત ગણીને ૧૬ આવાસને આજે શુક્રવારે સિલીંગ કરવામાં આવેલ છે. ઉપરાંત સિલીંગનો દંડ ફટકારવામાં આવેલ છે. આવાસ યોજનાની ગાઈડલાઈન અને અરજીપત્રકમાંની શરતો મુજબ લાભાર્થી કબજા ફાળવણીથી સાત વર્ષ સુધી આવાસ વેચાણથી આપી શકતા નથી તેમજ ભાડાથી કે અન્ય કોઈ રીતે સગા સંબંધીઓ/આસામીઓને રહેણાંકીય કે અન્ય ઉપયોગ માટે આપી શકતા નથી.

---

**ગળાના ભાગે છરીના ઘા મારી ગંભીર ઈજા**

## ડાંગમાં પતિ દ્વારા પત્નીની હત્યા: સાપુતારા પોલીસે આરોપીની ધરપકડ

ડાંગ. ડાંગ જિલ્લાના સાપુતારા વિસ્તારમાં પતિએ પત્નીની હત્યા કર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, નવાગામ સાપુતારા ખાતે રહેતા પ્રહલાદભાઈ વિષ્ણુભાઈ આહિરે પોતાની પત્ની સવિતાબેન સાથે અન્ય પુરુષ સાથે અનૈતિક સંબંધ હોવાની શંકાને કારણે ઝઘડો કર્યો હતો. ઝઘડો ઉગ્ર બનતા પ્રહલાદભાઈએ પત્નીના ગળાના ભાગે છરીના ઘા મારી ગંભીર ઈજા પહોંચાડતા તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા સાપુતારા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસ મહાનિરીક્ષક અને જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ગુનાની ગંભીરતા ધ્યાનમાં રાખી ઝડપી કાર્યવાહી કરવામાં આવી હતી.આ બનાવ અંગે સાપુતારા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા 2023 ની કલમ 103(1) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર પી.ડી. ગોંડલિયા દ્વારા આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.પકડાયેલ આરોપી પ્રહલાદભાઈ વિષ્ણુભાઈ આહિરે (ઉંમર 33 વર્ષ, રહેવાસી: સરવાધી વાડી, તાલુકો દેવળા, જિલ્લો નાશિક, મહારાષ્ટ્ર) હોવાનું જાણવા મળ્યું છે.



---

**બાકી મિલકત વેરા**

## નડિયાદ મનપામાં સલૂણ બજાર અને ગાજીપુર મસ્જિદ પાસે 4 દુકાન સીલ

નડિયાદ : નડિયાદ મહાનગરપાલિકા દ્વારા મિલકત ધારકો પાસેથી બાકી મિલકત વેરાની વસૂલાત કરવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે શુક્રવારે પાલિકાની ટીમ દ્વારા સલૂણ બજાર અને ગાજીપુર મસ્જિદ વિસ્તારમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં બાકી વેરા પેટે કુલ ૪ દુકાનોને સીલ મારી દેવામાં આવ્યા હતા અને અનેક મિલકત ધારકો પાસેથી સ્થળ પર જ વેરાની રકમની વસૂલાત કરવામાં આવી હતી. મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરીમાં સલૂણ બજાર પોલીસ ચોકી પાસે આવેલી ૧ દુકાન તેમજ સલૂણ બજારની અંદર ગાજીપુર મસ્જિદ પાસે આવેલી ૩ દુકાનો મળી કુલ ૪ મિલકતો સીલ કરવામાં આવી છે. આ મિલકતોનો કુલ ૩,૫૦,૪૯૮ રૂપિયા જેટલો વેરો બાકી હોવાથી તંત્ર દ્વારા આ આકરું પગલું ભરવામાં આવ્યું છે. આ ઉપરાંત પાલિકાની ટીમે સઘન ચેકિંગ હાથ ધરીને સ્થળ ઉપર જ ૧૧ જેટલા મિલકત ધારકો પાસેથી કુલ ૨,૨૮,૩૪૮ રૂપિયાના બાકી વેરાની વસૂલાત કરી હતી.

## કરમસદ-આણંદ મનપા વિસ્તારમાં 15 એકમોને રૂપિયા 71 હજારનો દંડ કરાયો

આણંદ : કરમસદ-આણંદ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિવિધ ખાદ્ય એકમો ખાતે સ્વચ્છતાલક્ષી તપાસણી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ તપાસણી દરમિયાન સ્વછતાનો અભાવ અને પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવતા ૧૫ જેટલા એકમો પાસેથી વહીવટી ચાર્જ પેટે કુલ રૂ. ૭૧,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કુલ ૧૫ જેટલા એકમો પાસેથી કુલ રૂપિયા ૭૧ હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

---

**એડવાન્સમાં વધામણા**

## કલાકારોએ ડફલીના તાલે ફાગ ગાઈને વધામણા કર્યા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે ફાગ ગાઈ તહેવારને આવકારવાની પરંપરા જીવંત રાખવા કલાકારો ગામડે ગામડે ફરી રહ્યા છે. નાથ કલાકારો તેમજ મારવાડથી આવેલા કલાકારો પોતાની ટોલી સાથે મધુર સ્વરે ફાગ ગાઈ હોળીની વધાઈ આપે છે. નખત્રાણા-કચ્છ તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે પણ આવી કલાકાર ટોલીઓ ડફલીના તાલ સાથે રાધાકૃષ્ણના ભજનો અને ફાગ



ગાઈ તહેવારની એડવાન્સમાં વધામણા કરતી જોવા મળી રહી છે.

---

**વારસાઈ બાબતે નામંજૂર થયેલી નોંધ મામલે**

## 1.20 લાખની લાંચ માગનાર આણંદની ગ્રામ્ય મામલતદાર કચેરીનો રેવન્યુ તલાટી ઝડપાયો



આણંદ : આણંદની ગ્રામ્ય મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા રેવન્યુ તલાટી વતી તેમનો વચેટિયો રૂપિયા ૧૦,૦૦૦ની લાંચ લેતા આણંદ એસીબીના છટકામાં ઝડપાઈ જતા લાંચિયા સરકારી બાબુઓમાં ફફડાટની લાગણી વ્યાપી જવા પામી હતી. આણંદ એસીબી દ્વારા રેવન્યુ તલાટી અને વચેટિયાની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આણંદના એક અરજદારના પિતા અને તેમના કૌટુંબિક સભ્યોના નામે આણંદ પાસેના બાકરોલ ખાતે આવેલી વડીલોપાજત સંયુક્ત માલિકીની જમીનમાં વારસાઈની નોંધ નામંજૂર થઈ હતી. આ નામંજૂર થયેલી નોંધની અપીલની કામગીરી માટે અરજદાર આણંદની ગ્રામ્ય મામલતદાર કચેરીના રેવન્યુ તલાટી ગૌરવ રાજપૂતને મળ્યા હતા. ગૌરવ રાજપૂતે જમીનની વારસાઈ બાબતે નામંજૂર થયેલી નોંધ અંગે પ્રથમ રૂપિયા ૧.૨૦ લાખની લાંચની માગણી કરી હતી અને તે પૈકી ગુગલ પે મારફતે અગાઉ રૂપિયા ૩૦,૦૦૦ લીધા હતા અને અપીલની કામગીરી શરૂ કરવા માટે વધુ રૂપિયા ૧૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. જોકે અરજદાર લાંચની રકમ આપવા માગતા નહીં હોવાથી આણંદ એસીબી કચેરીનો સંપર્ક કર્યો હતો. જેથી એસીબીની ટીમે લાંચિયા અધિકારીને રંગેહાથ ઝડપી પાડવા શુક્રવારે છટકું ગોઠવ્યું હતું. જે મુજબ રેવન્યુ તલાટી ગૌરવ રાજપૂત સાથે અરજદારે લાંચની રકમ અંગે વાતચીત કરતા તેઓએ બોરીયાવી ગામના વચેટિયા બદરુદ્દીન સરફુભાઈ મલેકને લાંચના નાણાં આપી દેવાનું કહ્યું હતું અને બદરૂદ્દીન મલેક અરજદારને કચેરીની બહાર લઈ આવ્યા હતા. જ્યાં જિલ્લા સેવા સદન કચેરીની બહાર જાહેર રોડ ઉપર આવેલી એક ચાની લારી પાસે જઈ ગૌરવ રાજપૂતના કહ્યાં મુજબ અરજદાર પાસે બદરૂદ્દીને લાંચના નાણાં રૂપિયા ૧૦,૦૦૦ સ્વીકાર્યા હતા. તે જ સમયે આણંદ એસીબી પોલીસની ટીમ ત્રાટકી હતી અને વચેટિયાને અને રેવન્યુ તલાટી ગૌરવ રાજપૂતને ઝડપી પાડી બંને વિરુદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

---

**ટેક્સ 'એ' ગ્રેડનો અને સુવિધા શૂન્ય, જનતામાં રોષ**

## સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી ડાકોર પાલિકામાં 4 મહિનાથી અંધારપટ



આણંદ : ડાકોરમાં નગરપાલિકાના સત્તાધીશોની બેદરકારીને કારણે પ્રજા ત્રાહિમામ્ પોકારી ઉઠી છે. છેલ્લા ચાર મહિનાથી શહેરના અનેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાથી અંધારપટ છવાયેલો છે, પરંતુ નવાઈની વાત એ છે કે નગરપાલિકાના ચીફ ઓફિસર પાસે આ અંગે કોઈ માહિતી જ નથી. ડાકોર નગરપાલિકાના રહીશો 'એ' ગ્રેડનો ટેક્સ ભરતા હોવા છતાં તેમને લાઈટ, પાણી અને ગટર જેવી પાયાની સુવિધાઓ માટે વલખાં મારવા પડી રહ્યા છે. મોટાભાગના રહીશોને પાણી માટે પોતાના બોર બનાવવા પડયા છે, જ્યારે ગટર ઉભરાવાની સમસ્યા ઠેર-ઠેર જોવા મળી રહી છે. નંદનવન સોસાયટી સહિત વોર્ડ નંબર ૬માં લાંબા સમયથી લાઈટો બંધ છે, જેને કારણે સ્થાનિકોને ભાકે હાલાકી વેઠવા પડી રહી છે. સ્થાનિક આગેવાને સ્ટ્રીટ લાઈટ અંગે રજૂઆત કરી, ત્યારે ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. પાલિકાના વાયરમેન જોસફભાઈના જણાવ્યા અનુસાર, પાલિકામાં છેલ્લા ચાર મહિનાથી ઈલેક્ટ્રિકનો કોઈ સમાન કે રિપેરિંગ મટીરીયલ જ લાવવામાં આવ્યું નથી. રહીશોનો આક્ષેપ છે કે, ચીફ ઓફિસર સંજયભાઈ પટેલને માત્ર રોડ-રસ્તા અને પેવરબ્લોક જેવા 'કમિશન' વાળા કામોમાં જ રસ છે. જનહિતના કામોમાં તેઓ ઉદાસીન છે. ચીફ ઓફિસરની કામગીરીથી મામલે ભાજપના શહેર પ્રમુખ અને અગ્રણીઓએ લેખિતમાં મુખ્યમંત્રી સુધી રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, ચીફ ઓફિસર છેલ્લા પાંચ વર્ષમાં બે વખત બદલાઈને ફરી ડાકોરમાં જ આવી ગયા છે અને વિકાસના કામોની 'ઘોર ખોદી' રહ્યા છે. ફરિયાદ બાદ હવે ચીફ ઓફિસરે માત્ર ઈલેક્ટ્રિક સામાન મંગાવવા માટે કર્મચારીની નિમણૂક કરવાની સૂચના આપી છે. ડાકોરવાસીઓ હવે સવાલ કરી રહ્યાં છે કે, તેમને અંધારપટમાંથી ક્યારે મુક્તિ મળશે?

---

## ચેક બાઉન્સ કેસમાં 3 શખ્સને કોર્ટે સજા ફટકારી

ભાવનગર : ફાયનાન્સ કંપનીમાંથી વાહન ઉપર લોન લીધા બાદ આપેલા ચેકો બાઉન્સ થયા અંગેની જુદી-જુદી ત્રણ ફરિયાદમાં ભાવનગર કોર્ટે મહુવા, નીચા કોટડા અને નવાગામ (કનીવાવ)ના ત્રણ શખ્સોને સાદી કેદની સજા અને ચેકની રકમ કોર્ટમાં જમા કરાવવા હુકમ કર્યોછે. મહુવાના ઈન્દીરાનગર, મસ્જિદવાળા ખાંચામાં રહેતો અનવર અબ્દુલભાઈ ગાહા નામના શખ્સે શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લિ. (શ્રીરામ ફાયનાન્સ લિ.)માંથી વાહન ઉપર લોન લીધા બાદ લોન નિયમિત ભરપાઈ નહીં કરી બાકી રકમ પેટે રૂા.૧.૩૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક બાઉન્સ થતાં કંપનીએ તેમના વકીલ પી.બી. મકવાણા મારફત ભાવનગરના બીજા એડી. ચીફ જ્યુડી. મેજિ.ની કોર્ટમાં ફરિયાદ દાખલ કરતા આરોપી અનવર ગાહાને તકસીરવાન ઠેરવી છ માસ સાદી કેદની સજા, નવ ટકા વ્યાજ સાથે ચેકની રકમ કોર્ટમાં દંડ પેટે જમા કરાવવા હુકમ કરાયો છે.

---

**35 નવયુગલો પ્રભુતામાં પગલાં પાડી સાંસારીક જીવનનો શુભારંભ કરશે**

## ક્ષત્રિય સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૨ ફેબ્રુઆરી મહા સમૂહલગ્નોત્સવ યોજાશે

| ચાણસ્મા | નિતીન ઠાકર

૨૨મી ફેબ્રુઆરીને રવિવારના રોજ ક્ષત્રિય સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાણસ્મા તાલુકાના ધાણો ઘરડા ઝિલીયા વચ્ચે સંતોષ ગૌશાળાના સાનિધ્યમાં મહા સમૂહલગ્નનું આયોજન કરાયું છે જે પૂર્વે શનિવારે ગણપતિ સ્થાપના ગ્રહ શાંત્તિ ની મહાપુજા સાથે સમૂહલગ્નોત્સવનો શુભારંભ થયો હતો જયારે ૨૨મી ફેબ્રુઆરી રવિવારના રોજ ક્ષત્રિય સમાજનો સમૂહલગ્ન યોજાશે જેમાં 35 નવયુગલો પ્રભુતામાં પગલાં માંડી સાંસારિક જીવનનો શુભારંભ કરશે ક્ષત્રિય સમાજ ચેરીટેબલ ટ્રસ્ટના વિક્રમજી ચૌહાણ (ઠાકોર) નાગજીભા દરબાર શંભુજી ઠાકોર. ભોમજી જી ઝાલા કપૂરજી



ઠાકોર ના માર્ગદર્શન નીચે કાંત્નિજી.પૂર્વ સરપંચ મીઠી ધારીયાલ મેસરા પૂર્વ સરપંચ સહિત યુવા ક્ષત્રિય સમાજ ટીમ દ્વારા સમૂહ લગ્નનું સુંદર આયોજન કરાયું છે

---

**8 શખ્સો સામે ગુનો**

## આણંદના એનઆરઆઈને અમદાવાદમાં હનીટ્રેપમાં ફસાવી રૂ. 20 લાખ પડાવ્યા




અમદાવાદ : અજાણી ફેસબૂક મહિલા મિત્રએ આણંદના વતની એનઆરઆઈ આધેડને અમદાવાદના નરોડાના સ્વામીનારાયણ પાર્ક ખાતે મળવા બોલાવ્યા હતા. બાદમાં બે મહિલા સહિત કુલ ૮ લોકો સાથે મળી એનઆરઆઈ આધેડને હનીટ્રેપમાં ફસાવી ૨૦ લાખ પડાવ્યા હોવાની ૧૯ ફેબુરઆરીના રોજ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. અમેરિકામાં રહેતાં મૂળ આણંદના શિલિના વતની શૈલેષભાઈ પટેલને ડિસેમ્બર ૨૦૨૫માં ફેસબૂક પર રિયા નામનું આઈડી ધરાવતી યુવતી સાથે મિત્રતા થઈ હતી. શૈલેષભાઈ અમદાવાદ આવ્યા હોવાથી ૧૨ ડિસેમ્બરના રોજ રિયાને મળવા નરોડાના સ્વામીનારાયણ પાર્ક ગયાં હતાં. જ્યાં રિયાએ શૈલેષભાઈનો અન્ય બે સ્ત્રીઓને પોતાની માસી અને બહેન કહીં પરિચય કરાવ્યો હતો. બાદમાં ત્રણેય સ્ત્રીઓએ શૈલેષભાઈને રૂમમાં લઈ જઈ હનીટ્રેપમાં ફસાવ્યા હતાં. તે દરમિયાન અજાણ્યા છ શખ્સોએ રૂમમાં ઘૂસી આવી પોતે ક્રાઈમ બ્રાન્ચમાં હોવાનું જણાવી દુષ્કર્મના કેસમાં ફસાવવાની ધમકી આપી હતી. બાદમાં સેટલમેન્ટ માટે ૫૦ લાખ માંગી શૈલેષભાઈને ગડદાપાટુ માર્યા હતાં. જેથી મામલો વધુ ન વણસે તે માટે શૈલેષભાઈએ પોતાના ધર્મના ભાણેજ વિરપાલસિંહ સિસોદિયા અને મિત્ર પાસેથી ૨૦ લાખ લઈ આ શખ્સોને આપ્યા હતાં. બાદમાં શૈલેષભાઈ અમેરિકા પરત ફરી ગયાં હતા, જ્યારે તોડબાજ ટોળકીને પોલીસે ઝડપી લીધી હતી. આ બનાવ અંગે શૈલેષભાઈ વતી વિરપાલસિંહે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

---

**ગુરુ-શિષ્યના સંબંધને લાંછન | ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપી શિક્ષક ઝડપાયો**

# સગીરા પર દુષ્કર્મ ગુજારનાર લંપટ શિક્ષક શૈલેષ રાઠવાને ડાકોર પોલીસે દબોચ્યો

(એજન્સી) નડિયાદ | તા.21

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ચિતલાવ ગામે શિક્ષણ જગતને કલંકિત કરતી એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. પોતાની વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરીને બિભત્સ ફોટા મંગાવનાર લંપટ વિદ્યા સહાયક શિક્ષક શૈલેષ રાઠવાની ડાકોર પોલીસે ધરપકડ કરી છે. ગુરુ-શિષ્યના પવિત્ર સંબંધોની ગરિમા લજવનાર આ આરોપીને પોલીસે છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ગામેથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, ચિતલાવ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શૈલેષ રાઠવાએ ધોરણ 9 માં અભ્યાસ કરતી એક સગીર વિદ્યાર્થિનીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. આક્ષેપો મુજબ, ગત જુલાઈ 2024 માં શિક્ષકે સગીરા સાથે પ્રથમવાર દુષ્કર્મ આચર્યું હતું. આટલેથી ન અટકતા, જ્યારે વિદ્યાર્થિનીએ 8 ધોરણ પૂર્ણ કરી આગળના અભ્યાસ માટે ગામની બહાર ગઈ, ત્યારે પણ આ લંપટ શિક્ષક તેનો પીછો કરતો રહ્યો હતો.



જાણો સમગ્ર ઘટનાક્રમ કે કેવી રીતે આ ભાંડો ફૂટ્યો. શિક્ષકે સગીરાને સતત પોતાના સંપર્કમાં રાખવા અને લાલચ આપવા માટે એક મોબાઈલ ફોન પણ લઈ આપ્યો હતો. આ ફોન દ્વારા તે અવારનવાર સગીરાને હેરાન કરતો હતો અને તેની પાસેથી બિભત્સ ફોટાની માંગણી કરતો હતો. સગીરા પાસે રહેલા ફોન અને તેમાં શિક્ષકની વાંધાજનક હરકતો પરિવારના ધ્યાને આવતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.તપાસની પ્રક્રિયાનું વિશ્લેષણ કરતા, પરિવારે આ બાબતે તાત્કાલિક ડાકોર પોલીસ મથકનો સંપર્ક કરી શિક્ષક વિરુદ્ધ પોક્સો (POCSO) અને દુષ્કર્મ સહિતની ગંભીર કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ નોંધાતા જ ડાકોર પોલીસ એક્શન મોડમાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની ચોક્કસ માહિતીના આધારે પોલીસે આરોપીના લોકેશનને ટ્રેક કર્યું હતું અને તેને છોટાઉદેપુરના કવાંટ ગામેથી દબોચી લીધો હતો. આ ઘટનાને પગલે સમગ્ર ખેડા જિલ્લાના શિક્ષણ જગતમાં ભારે ફિટકારની લાગણી જોવા મળી રહી છે. સમાજમાં ભગવાન સમાન ગણાતા શિક્ષક જ્યારે આવી નીચ હરકતો કરે છે, ત્યારે વાલીઓમાં પણ ચિંતા પ્રસરી ગઈ છે. ડાકોર પોલીસ હવે આ મામલે વધુ ઊંડી તપાસ કરી રહી છે કે શું આ શિક્ષકે અન્ય કોઈ વિદ્યાર્થિનીઓને પણ આવી રીતે શિકાર બનાવી છે કે કેમ.

---

**મુસાફરોએ વધુ ભાડું ચૂકવવું પડશે**

## ફાગણ ફેરીના અવસરે પાલિતાણાથી બાંદ્રા ટર્મિનસ વચ્ચે ખાસ ટ્રેન દોડશે

ભાવનગર : ફાગણ ફેરીના અવસરે જૈન યાત્રિકોની ભીડને ધ્યાનમાં રાખી પશ્ચિમ રેલવે દ્વારા પાલિતાણાથી બાંદ્રા ટર્મિનસ વચ્ચે સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. યાત્રિયોની સુવિધા અને ફાગણ ફેરીના અવસરે જૈન તીર્થભૂમિ પાલિતાણામાં આવનારા શ્રદ્ધાળુઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખી તા.૨૭-૨ને શુક્રવારે રાત્રે ૯-૪૫ કલાકે બાંદ્રાથી ખાસ ટ્રેન પ્રસ્થાન કરી બીજા દિવસે બપોરે ૧૨ કલાકે પાલિતાણા પહોંચશે. તે જ રીતે તા.૧-૩ને રવિવારે રાત્રે ૮ કલાકે પાલિતાણાથી પ્રસ્થાન કરી બીજા દિવસે બપોરે ૧૨ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન બન્ને દિશામાં સિહોર, સોનગઢ, ધોળા, બોટાદ, અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, વાપી અને બોરીવલી સ્ટેશન પર રોકાશે. ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ, જનરલ સેકન્ડ ક્લાસના કોચ ઉપલબ્ધ રહેશે. બન્ને ટ્રેનનું બુકિંગ તા.૨૧-૨ને શનિવારથી તમામ મુસાફર આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે તેમ વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકે જણાવ્યું છે.



## આઈટી બીપીઓ ક્ષેત્રનું ભવિષ્ય હવે જોખમમાં

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની અસરથી આઈટી બીપીઓ ક્ષેત્ર ખતમ થશે

(એજન્સી) નવી દિલ્હી | તા 21

ટેક્નોલોજીની દુનિયામાં અત્યારે એક એવો ગંભીર વળાંક આવ્યો છે જે લાખો યુવાનોની કારકિર્દી પર સીધી અસર કરી શકે છે. પ્રખ્યાત ભારતીય-અમેરિકન ઉદ્યોગપતિ વિનોદ ખોસલાએ તાજેતરમાં એક ચોંકાવનારો દાવો કર્યો છે કે આગામી ચાર વર્ષમાં આઈટી અને બીપીઓ ક્ષેત્રમાં ધરખમ ફેરફારો થશે. તેમના મતે, જે ગતિએ આધુનિક ટેકનોલોજીનો વ્યાપ વધી રહ્યો છે, તે જોતા પરંપરાગત સેવાઓનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ ગયું છે. આ પરિવર્તન માત્ર ભારત પૂરતું મર્યાદિત નથી, પરંતુ સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાને હચમચાવી દેવાની તાકાત ધરાવે છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, વિનોદ ખોસલા માને છે કે ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ એટલે કે બીપીઓ ઉદ્યોગનું આયુષ્ય હવે લાંબું નથી. આ ક્ષેત્ર ૨૦૩૦ સુધીમાં સંપૂર્ણપણે બદલાઈ જશે અથવા સમાપ્ત થઈ જશે. તેમના મતે, ૨૦૩૦ થી ૨૦૩૫ વચ્ચેનો સમયગાળો આ ઉદ્યોગો માટે નિર્ણાયક સાબિત થશે. મીડિયા અહેવાલ મુજબ, ખોસલાએ ભારતીય કંપનીઓને ચેતવણી આપી છે કે જો તેઓ સમય સાથે પોતાની કાર્યશૈલીમાં ફેરફાર નહીં કરે અને આધુનિક તકનીકોનો સ્વીકાર નહીં કરે, તો વૈશ્વિક




બજારમાં ટકી રહેવું અશક્ય બની જશે.

જ્યારે પણ નવી ટેકનોલોજી આવે છે, ત્યારે નોકરીઓ જવાનો ડર રહે છે, પરંતુ અહીં સિક્કાની બીજી બાજુ પણ છે. વિનોદ ખોસલા જણાવે છે કે પશ્ચિમી દેશો પાસે ટેકનોલોજી મોંઘી છે, જ્યારે અન્ય દેશો પાસે પૂરતું જ્ઞાન નથી. આ સ્થિતિમાં ભારત માટે વિશ્વને આધુનિક સેવાઓ પૂરી પાડવાની સુવર્ણ તક છે. જો ભારતીય આઈટી ક્ષેત્ર ઝડપથી પરિવર્તન સ્વીકારે, તો તે વૈશ્વિક નેતા બની શકે છે. જોકે, આ પ્રક્રિયામાં ઉત્પાદકતા વધશે પરંતુ માનવ શ્રમની જરૂરિયાત ઓછી થવાની પૂરેપૂરી શક્યતા છે. ૨૦૫૦ સુધીમાં મનોરંજન અને અન્ય વસ્તુઓ અત્યંત સસ્તી થઈ જવાની પણ તેમણે આગાહી કરી છે.

માત્ર નોકરીઓ જ નહીં, પણ આ ટેકનોલોજી સામાન્ય ભારતીયોના જીવનમાં પણ ક્રાંતિ લાવી શકે છે. વિનોદ ખોસલાના મતે, ભવિષ્યમાં દરેક નાગરિક પાસે પોતાનો વ્યક્તિગત ડિજિટલ ડૉક્ટર હશે જે ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે. આ સિસ્ટમને આધાર કાર્ડ સાથે જોડીને સ્વાસ્થ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવી શકાય છે. શિક્ષણ ક્ષેત્રે પણ ૨૫ કરોડ બાળકો ડિજિટલ ટ્યુટર દ્વારા અભ્યાસ કરી શકશે, જે હાલમાં ખૂબ મોંઘું છે.

ભારતના લાખો નાના ખેડૂતો માટે પણ આ ટેકનોલોજી વરદાન સાબિત થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિજિટલ માધ્યમથી ખેડૂતો સીધા જ કૃષિ વૈજ્ઞાનિકોની સલાહ લઈ શકશે, જેનાથી તેમની ખેતીમાં સુધારો થશે. આમ, એક તરફ નોકરીઓ સામે જોખમ છે, તો બીજી તરફ સામાન્ય માનવીની સુવિધાઓમાં અકલ્પનીય વધારો થવાની સંભાવના છે. જે લોકો સમયની સાથે ચાલશે, તેમના માટે જ ભવિષ્યમાં નવી તકો ખુલશે.

## વ્યાજ દરોમાં યથાવત સ્થિતિ જોવા મળશે

# RBI રેપો રેટ લાંબો સમય સ્થિર રહેવાની પૂરેપૂરી શક્યતા

નવી દિલ્હી: ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા લેવામાં આવતા નાણાકીય નીતિના નિર્ણયો પર અત્યારે સમગ્ર દેશની નજર છે. આઈસીઆઈસીઆઈ બેંક ગ્લોબલ માર્કેટ્સના તાજેતરના અહેવાલ મુજબ, આગામી વર્ષ ૨૦૨૬-૨૭ સુધી વ્યાજ દરોમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ફુગાવાનો દર મર્યાદિત રહેતા અને આર્થિક વૃદ્ધિના સકારાત્મક સંકેતોને જોતા આરબીઆઈ વ્યાજ દરોમાં 'પોઝ' એટલે કે યથાવત સ્થિતિ જાળવી રાખે તેવું અનુમાન છે. આ નિર્ણયથી સામાન્ય જનતા અને ઉદ્યોગો માટે લોનના વ્યાજ દરોમાં સ્થિરતા જળવાઈ રહેશે.અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, નવી સીરીઝ મુજબ કોર ફુગાવાના આંકડા અપેક્ષા કરતા નીચા રહ્યા છે. આઈસીઆઈસીઆઈ બેંકના રિપોર્ટ અનુસાર, મોંઘવારીમાં મોટો ઉછાળો આવવાની શક્યતા ઓછી છે, જેના કારણે વ્યાજ દરો વધારવાની જરૂર જણાતી નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, તાજેતરમાં ક્રૂડ તેલના ભાવમાં થયેલો વધારો પણ વ્યાજ દરોને સ્થિર રાખવાની તરફેણમાં કામ કરી રહ્યો છે. રિઝર્વ બેંક અત્યારે બજારમાં પૂરતી તરલતા (Liquidity) જાળવી રાખવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે જેથી આર્થિક વ્યવહારો સરળતાથી ચાલતા રહે. ફેબ્રુઆરીમાં મળેલી નાણાકીય નીતિ સમિતિ (MPC) ની બેઠકનો. મીડિયા અહેવાલ મુજબ, સમિતિના સભ્યોએ આર્થિક વૃદ્ધિ અંગે અત્યંત આશાવાદી દ્રષ્ટિકોણ વ્યક્ત કર્યો છે. ખાસ કરીને અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથેના નવા વ્યાપાર કરારોને કારણે વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ છ મહિના માટે જીડીપી વૃદ્ધિના અંદાજમાં ૨૦ બેસિસ પોઈન્ટ્સનો વધારો કરવામાં આવ્યો છે.

## ઉત્પાદન પ્રવૃત્તિમાં તેજી આવતા દેશનું અર્થતંત્ર વેગવંતુ બન્યું



મુંબઈ: ભારતીય અર્થતંત્ર માટે ફેબ્રુઆરી મહિનો અત્યંત આશાસ્પદ સાબિત થઈ રહ્યો છે. માલસામાનની મજબૂત માંગને કારણે દેશના મેન્યુફેક્ચરિંગ એટલે કે ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. તાજેતરના આંકડાઓ મુજબ, ભારતનો સંયુક્ત પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) જાન્યુઆરીના ૫૮.૪૦ થી વધીને ફેબ્રુઆરીમાં ૫૯.૩૦ ની સપાટીએ પહોંચી ગયો છે. આ વૃદ્ધિ છેલ્લા ત્રણ મહિનામાં સૌથી મજબૂત માનવામાં આવે છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે ઔદ્યોગિક એકમોમાં કામકાજની ગતિ તેજ બની છે. અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, નવા ઓર્ડર મળવાની ગતિ નવેમ્બર મહિના પછીની સૌથી ઊંચી સપાટીએ પહોંચી છે. મીડિયા અહેવાલ મુજબ, સ્થાનિક પ્રવાસન અને આક્રમક માર્કેટિંગ પ્રયાસોને કારણે બજારમાં માંગમાં મોટો ઉછાળો આવ્યો છે. માત્ર સ્થાનિક બજાર જ નહીં, પરંતુ વિદેશી બજારોમાં પણ ભારતીય ચીજવસ્તુઓની માંગ વધી છે. નિકાસ વેચાણ છેલ્લા પાંચ મહિનામાં સૌથી વધુ નોંધાયું છે, જેના કારણે ઉત્પાદન એકમોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ આંકડાઓ ભારતના મજબૂત વૈશ્વિક વેપારના સંકેતો આપે છે.જાણો સમગ્ર ઘટનાક્રમ સેવા ક્ષેત્ર અને ઉત્પાદન ક્ષેત્ર વચ્ચેના તફાવત વિશે. જ્યારે ઉત્પાદન ક્ષેત્રનો પીએમઆઈ ૫૫.૪૦ થી વધીને ૫૭.૫૦ થયો છે, ત્યારે સેવા ક્ષેત્રમાં થોડી સ્થિરતા જોવા મળી છે.


## રોકાણની તકો વધતા ભારત અને ચીન બનશે પાવરહાઉસ



અમદાવાદ: વૈશ્વિક નાણાકીય જગતમાં ભારત અને ચીન ફરી એકવાર કેન્દ્રસ્થાને આવી રહ્યા છે. ગોલ્ડમેન સાક્સ એસેટ મેનેજમેન્ટના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬માં ઉભરતા બજારો (EMs) રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને માળખાકીય સુધારાઓને કારણે ભારતીય બજારમાં ચક્રીય રિકવરી જોવા મળશે, જે લાંબા ગાળે ફાયદાકારક સાબિત થશે. ૨૦૨૫ના વર્ષમાં ઊંચા મૂલ્યાંકનને કારણે પાછળ રહી ગયેલું ભારત હવે નવી ઉર્જા સાથે વૈશ્વિક રોકાણકારોને આવકારવા સજ્જ થયું છે. અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર નાખતા માલૂમ પડે છે કે ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો ભારત જેવા આયાતકાર દેશો માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે. ફુગાવા પર નિયંત્રણ આવતા સ્થાનિક બજારમાં નાણાકીય તરલતા વધી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, કિંમતી ધાતુઓ જેવી કે સોના અને તાંબાના વધતા ભાવ પણ ઉભરતા બજારોને મજબૂતી આપી રહ્યા છે. જોકે, રોકાણકારો અત્યારે થોડા સાવધ છે કારણ કે યુએસ બજારોની સરખામણીએ ઉભરતા બજારોના શેર હજુ પણ ૪૦ ટકા ડિસ્કાઉન્ટ પર ટ્રેડ થઈ રહ્યા છે, જે ભવિષ્યમાં મોટા ઉછાળાના સંકેત આપે છે. ભારતીય કોર્પોરેટ સેક્ટરના નફા વિશે. વિશ્લેષકોનું માનવું છે કે આગામી બે વર્ષમાં ભારતીય કંપનીઓની કમાણીમાં ૧૪ ટકાનો તોતિંગ વધારો થઈ શકે છે.

## AI કંપનીઓનું ભંડોળ મેળવવામાં ભારત વૈશ્વિક સ્તરે પછડાયું

મુંબઈ: ભારત ભલે અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે વિશ્વગુરુ બનવાના સપના જોઈ રહ્યું હોય, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. તાજેતરના એક આંચકાજનક અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૫માં વૈશ્વિક સ્તરે એઆઈ ક્ષેત્રે થયેલા કુલ રોકાણમાંથી ભારતને ફાળે માત્ર અડધા ટકાથી પણ ઓછું ભંડોળ આવ્યું છે. પ્રાઈવેટ ઈક્વિટી (PE) અને વેન્ચર કેપિટલ (VC) દ્વારા વિશ્વભરમાં ઠલવાયેલા ૨૨૫.૮૦ અબજ ડોલરના જંગી ભંડોળમાંથી ભારતની એઆઈ કંપનીઓ માત્ર ૧.૩૪ અબજ ડોલર જ મેળવી શકી છે, જે વૈશ્વિક હિસ્સાના માત્ર ૦.૬૦ ટકા જેટલું જ છે.અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર




કરીએ તો, વર્ષ ૨૦૨૪માં ભારતનો હિસ્સો ૦.૮૭ ટકા હતો, જે ૨૦૨૫માં ઘટ્યો છે. ગયા વર્ષે ભારતની એઆઈ કંપનીઓએ કુલ ૧૯૮ સોદાઓ મારફત ૧.૩૪ અબજ ડોલર એકત્ર કર્યા હતા. જોકે, સોદાઓની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં ભંડોળની રકમમાં સામાન્ય વધારો થયો છે, પરંતુ વૈશ્વિક ગતિની સરખામણીએ આ અત્યંત ધીમી પ્રગતિ છે. મીડિયા અહેવાલ મુજબ, આ સ્થિતિને કારણે ભારતની ઉભરતી એઆઈ સ્ટાર્ટઅપ કંપનીઓ માટે રોકડની તંગી ઉભી થઈ શકે છે અને તેમને બજારમાં ટકી રહેવા માટે ભારે સંઘર્ષ કરવો પડશે.જાણો સમગ્ર ઘટનાક્રમ એશિયાઈ દેશો વચ્ચેની સ્પર્ધાનો. એશિયામાં એઆઈ કંપનીઓને પ્રાપ્ત થયેલા કુલ ૧૨.૨૦ અબજ ડોલરના ભંડોળમાં ભારતનો હિસ્સો માત્ર ૧૧ ટકા રહ્યો છે. તેની સામે પાડોશી દેશ ચીને ૬.૭૦ અબજ ડોલર મેળવીને એશિયાના કુલ ભંડોળના ૫૦ ટકાથી વધુ હિસ્સા પર કબજો જમાવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વૈશ્વિક રોકાણકારો અત્યારે લાર્જ લેન્ગવેજ મોડેલ્સ (LLM) વિકસાવતી કંપનીઓ જેવી કે ઓપન-એઆઈ અને એન્થ્રોપિકમાં વધુ રસ દાખવી રહ્યા છે. ૨૦૨૫માં કુલ ભંડોળના ૪૦ ટકા નાણાં માત્ર આવી અદ્યતન ટેકનોલોજી વિકસાવતી કંપનીઓમાં જ ગયા છે.

## ઓમ્નીટેક એન્જિનિયરિંગ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 25 ફેબ્રુઆરી, 2026ના રોજ ખુલશે

અમદાવાદ | ઓમ્નીટેક એન્જિનિયરિંગ લિમિટેડ (the "Company") બુધવાર, 25 ફેબ્રુઆરી, 2026ના રોજ પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુ ("Equity Shares") ના તેના ઈક્વિટી શેરનો આઈપીઓ ("Offer") ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, 24 ફેબ્રુઆરી, 2026ના રોજ છે છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 27 ફેબ્રુઆરી, 2026 છે.ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. 5ની ફેસ વેલ્યુવાળા ઈક્વિટી શેર દીઠ રૂ. 216થી રૂ. 227 સુધી નક્કી કરવામાં આવ્યો છે. રૂ. 5ની ફેસ વેલ્યુવાળા ઓછામાં ઓછા 66 ઈક્વિટી શેર અને ત્યારબાદ રૂ. 5ની ફેસ વેલ્યુવાળા 66 ઈક્વિટી શેરના ગુણાંક માટે બિડ કરી શકાય છે.ઓફરમાં રૂ. 4,180.00 મિલિયન (રૂ. 418 કરોડ) સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને હાલના શેરધારકો, ઉદયકુમાર અરુણકુમાર પારેખ ("Promoter Selling Shareholder") દ્વારા રૂ. 1,650.00 મિલિયન (રૂ. 165 કરોડ) સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.આ ઓફરમાં લાયક કર્મચારીઓ (એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શન) દ્વારા સબ્સ્ક્રીપ્શન માટે રૂ. 5ની ફેસ વેલ્યુવાળા [] ઈક્વિટી શેરનું રિઝર્વેશન સામેલ છે, જે કુલ રૂ. 10.00 મિલિયન (ઓફર પછીની પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીના 5 ટકા સુધી) સુધી હશે.એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનમાં બિડિંગ કરનારા લાયક કર્મચારીઓને પ્રતિ ઈક્વિટી શેર રૂ. 11 નું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવી રહ્યું છે.કંપની હાઈ પ્રિસિઝન એન્જિનિયર્ડ ઘટકો અને એસેમ્બલીઓના મુખ્ય ઉત્પાદકોમાંની એક છે જે એનર્જી, મોશન કંટ્રોલ અને ઓટોમેશન, ઈન્ડસ્ટ્રીયલ ઈક્વિપમેન્ટ સિસ્ટમ્સ, મેટલ ફોર્મિંગ અને અન્ય વૈવિધ્યસભર ઔદ્યોગિક એપ્લિકેશનો જેવા ઉદ્યોગોમાં વૈશ્વિક ગ્રાહકોને સપ્લાય કરે છે.

## બેંકિંગ શેરોમાં બમ્પર ઉછાળો જોવા મળ્યો, માર્કેટ કેપમાં રેકોર્ડ વધારો નોંધાયો છે

# જાહેર ક્ષેત્રની બેંકોમાં તેજી આવતા રોકાણકારો માલામાલ થયા

(એજન્સી) અમદાવાદ | તા 21

ભારતીય શેરબજારમાં અત્યારે સરકારી બેંકોના શેર સોનાની જેમ ચમકી રહ્યા છે અને રોકાણકારો પર ધનવર્ષા કરી રહ્યા છે. છેલ્લા છ મહિનાના ટૂંકા ગાળામાં દેશની મુખ્ય ૧૨ જાહેર ક્ષેત્રની બેંકોના સંયુક્ત બજાર મૂલ્યમાં રૂ. ૫.૭૫ લાખ કરોડનો જંગી વધારો જોવા મળ્યો છે. આ આંકડાકીય માયાવી ઉછાળા સાથે આ બેંકોનું કુલ માર્કેટ કેપ હવે ૨૧.૩૫ લાખ કરોડ રૂપિયાના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું છે. ખાસ વાત એ છે કે આ સમયગાળામાં સરકારી બેંકોના ઈન્ડેક્સે ખાનગી બેંકો કરતા અનેકગણું વધારે વળતર આપીને શેરબજારના માંધાતાઓને પણ ચોંકાવી દીધા છે.

વર્તમાન તેજીનું વિશ્લેષણ કરતાં જાણવા મળે છે કે નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં આશરે ૩૪ ટકાની તોતિંગ તેજી આવી છે, જેની સામે ખાનગી બેંકોનો ઈન્ડેક્સ માત્ર ૭ ટકા પર જ અટકી ગયો છે. બેંક ઓફ ઈન્ડિયાના શેરધારકોને સૌથી વધુ ૫૦ ટકા જેટલો નફો મળ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેરમાં પણ ૪૭ ટકાનો બમ્પર ઉછાળો નોંધાયો છે. યુનિયન બેંક, કેનેરા બેંક અને બેંક ઓફ બરોડા જેવી સંસ્થાઓએ પણ ૨૦ થી ૪૨ ટકા સુધીનું વળતર આપીને બજારમાં પોતાની મજબૂત પકડ જમાવી છે.



જાણો સમગ્ર ઘટનાક્રમ કે આ તેજી પાછળનું મુખ્ય કારણ શું છે? સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, જાહેર ક્ષેત્રની બેંકોની લોન આપવાની ક્ષમતા અને તેમાં થયેલો મજબૂત વધારો સૌથી મોટું પરિબળ છે. ત્રીજા ક્વાર્ટરમાં આ બેંકોનો ધિરાણ વૃદ્ધિ દર ૧૪.૫ ટકા રહ્યો હતો, જે ખાનગી બેંકોના ૧૨ ટકા કરતા ઘણો વધારે છે. ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો (SME) તથા વ્યક્તિગત લોન લેનારા ગ્રાહકોએ સરકારી બેંકો પર વધુ ભરોસો મૂક્યો છે. બેંકોના ઘટતા એનપીએ અને સતત વધી રહેલા નફાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે અને રોકાણકારોનો વિશ્વાસ જીત્યો છે.

આગામી સમયનું આયોજન જોતા લાગે છે કે આ તેજી હજુ લાંબી ચાલશે. સ્ટેટ બેંકે પોતાનો ધિરાણ વૃદ્ધિ અંદાજ વધારીને ૧૩-૧૫ ટકા કર્યો છે, જ્યારે ઈન્ડિયન ઓવરસીઝ બેંક તો ૨૪ ટકાથી વધુની વૃદ્ધિની અપેક્ષા રાખી રહી છે. બેંક ઓફ મહારાષ્ટ્ર જેવી બેંકોએ પણ ૨૦ ટકાનો લક્ષ્યાંક રાખ્યો છે. મીડિયા અહેવાલ સૂચવે છે કે ૨૦૨૬ અને ૨૦૨૭ના વર્ષો માટે પણ મોટાભાગની સરકારી બેંકોએ પોતાના આર્થિક અંદાજોમાં સુધારો કર્યો છે. મજબૂત મૂડી ભંડોળ અને થાપણોની સરખામણીએ લોન આપવાનું યોગ્ય પ્રમાણ આ બેંકોને નવી ઊંચાઈ પર લઈ જઈ રહ્યું છે.

છેલ્લા બે ક્વાર્ટરથી જાહેર ક્ષેત્રની બેંકોએ દરેક મોરચે ખાનગી ક્ષેત્રની બેંકોને પછડાટ આપી છે. મજબૂત બેલેન્સ શીટ અને સરકારના પ્રોત્સાહનથી આ બેંકો હવે વધુ આક્રમક બની છે. બજારના નિષ્ણાતો માને છે કે જો આ પ્રકારનો ક્રેડિટ ગ્રોથ જળવાઈ રહેશે, તો આગામી દિવસોમાં બેંકિંગ ક્ષેત્રના શેરોમાં હજુ પણ નવા શિખરો જોવા મળી શકે છે. સામાન્ય રોકાણકારો માટે આ એક સુવર્ણકાળ સાબિત થઈ રહ્યો છે.

## ભારતીય એઆઈ ઈકોસિસ્ટમની તાકાત દુનિયાએ સમિટમાં નિહાળી છે

નવી દિલ્હી: ભારતમાં આયોજિત 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬' એ સાબિત કરી દીધું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં ભારત હવે વિશ્વનું નવું કેન્દ્ર બની રહ્યું છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) ના સચિવ એસ. કૃષ્ણને જણાવ્યું હતું કે, આ સમિટ દ્વારા વૈશ્વિક સમુદાયે ભારતની એઆઈ ઈકોસિસ્ટમની મજબૂતી અને વિવિધતાને ખૂબ જ નજીકથી જોઈ છે. આ કાર્યક્રમમાં ભારતીય સ્ટાર્ટઅપ્સ અને સંશોધકોની સક્રિય ભાગીદારીએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે, જે ભારતના ઉજ્જવળ ભવિષ્યના સંકેત આપે છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, સમિટના અંતે કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે રોકાણકારોના અભૂતપૂર્વ પ્રતિસાદ વિશે માહિતી આપી હતી. મીડિયા અહેવાલ મુજબ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત રોકાણો માટે ૨૫૦ અબજ ડોલરથી વધુના રોકાણના કોલ મળ્યા છે. આ ઉપરાંત, વેન્ચર કેપિટલ (VC) અને ડીપ ટેક ક્ષેત્રે પણ અંદાજે ૨૦ અબજ ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. મંત્રીએ જણાવ્યું હતું કે, આ આંકડો દરરોજ વધી રહ્યો છે, જે દર્શાવે છે કે વૈશ્વિક રોકાણકારોને ભારતીય ટેકનોલોજી ક્ષેત્ર પર કેટલો અતૂટ વિશ્વાસ છે.

## આઈસીઆઈસીઆઈ પેન્શન ફંડની નવી યોજના

# એનપીએસ સ્વાસ્થ્ય ઈક્વિટી પ્લસ યોજના એક પ્રાયોગિક પ્રયાસ છે

(એજન્સી) મુંબઈ | તા 21

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) ના અધ્યક્ષ શિવસુબ્રમણ્યન રમણે આઈસીઆઈસીઆઈ પેન્શન ફંડની નવી યોજના 'સ્વાસ્થ્ય ઈક્વિટી પ્લસ' (SEP) ને એક મહત્વપૂર્ણ પ્રયોગ ગણાવ્યો છે. મુંબઈમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં તેમણે આ યોજનાની સરખામણી આયુષ્માન ભારત સાથે કરતા જણાવ્યું હતું કે, આ અત્યારે રેગ્યુલેટરી સેન્ડબોક્સ હેઠળ ચાલી રહેલો એક અભ્યાસ છે. આ યોજના ખાસ કરીને એવા ગ્રાહકો માટે તૈયાર કરવામાં આવી છે જેઓ પેન્શનની સાથે સાથે પોતાના સ્વાસ્થ્ય ખર્ચ માટે પણ નાણાકીય સુરક્ષા ઈચ્છે છે.અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, પીએફઆરડીએ ચેરમેને સ્પષ્ટ કર્યું હતું કે આયુષ્માન ભારત એ દેશની સૌથી મોટી અને સાહસિક યોજના છે જે હવે પ્રયોગ મટીને પૂર્ણ કક્ષાએ અમલી બની છે. તેની સરખામણીએ એનપીએસ સ્વાસ્થ્ય ઈક્વિટી પ્લસ હજુ પ્રારંભિક તબક્કામાં છે. મીડિયા અહેવાલ મુજબ, આ યોજના પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય 'પેન્શન-સ્માર્ટ એકાઉન્ટ' તૈયાર કરવાનો છે, જે મેડિકલ ખર્ચને આંશિક રીતે આવરી લઈને ખાતાધારકોને આર્થિક ટેકો પૂરો પાડી શકે. રમણે ભારપૂર્વક કહ્યું હતું કે તબીબી વીમો એ સ્વાસ્થ્ય ખર્ચ ઘટાડવાનું પ્રાથમિક સાધન છે, જ્યારે આ યોજના તેને માત્ર એક પૂરક સહાય પૂરી પાડશે. આ યોજનાના ટેકનિકલ પાસાઓ વિશે. આઈસીઆઈસીઆઈ પેન્શન ફંડના સીઈઓ સુમિત મોહિન્દ્રાએ મીડિયા અહેવાલ દ્વારા જણાવ્યું કે, સામાન્ય એનપીએસમાં સમગ્ર કાર્યકાળ દરમિયાન માત્ર ચાર વખત જ ઉપાડની છૂટ મળે છે, પરંતુ આ નવી યોજનામાં ૨૫ ટકા સુધીના ઉપાડ માટે કોઈ મર્યાદા રાખવામાં આવી નથી. રોકાણકારો પોતાના ફંડમાંથી ૨૫ ટકા રકમ ઓપીડી, નિદાન, હોસ્પિટલમાં દાખલ થવા કે ફાર્મસીમાંથી દવા ખરીદવા માટે ગમે ત્યારે ઉપાડી શકશે.

## શિક્ષણ ક્ષેત્રે ટેક્નોલોજીની ક્રાંતિ આવશે

# શિક્ષકો માટે એઆઈ તાલીમ કાર્યક્રમ માઈક્રોસોફ્ટ દ્વારા લોન્ચ કરાયો

(એજન્સી) નવી દિલ્હી | તા 21

ભારતને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે અગ્રેસર બનાવવાના હેતુથી ટેક જાયન્ટ માઈક્રોસોફ્ટે એક વિશાળ અભિયાનની જાહેરાત કરી છે. 'માઈક્રોસોફ્ટ એલિવેટ ફોર એજ્યુકેટર્સ' નામના આ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતના ૨૦ લાખ શિક્ષકોને એઆઈ કૌશલ્યથી સજ્જ કરવામાં આવશે. આ મહત્વાકાંક્ષી યોજના દ્વારા દેશની ૨ લાખ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સુધી પહોંચવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. નોંધનીય છે કે, એશિયામાં આ કાર્યક્રમ શરૂ કરનાર ભારત પ્રથમ દેશ બન્યો છે, જે દર્શાવે છે કે ભારત વૈશ્વિક સ્તરે ટેકનોલોજી અપનાવવામાં કેટલું ગંભીર છે.અત્યાર સુધીની પરિસ્થિતિ મુજબ, વિશ્વભરમાં એઆઈના ઉપયોગ અંગે ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે માઈક્રોસોફ્ટનું માનવું છે કે એઆઈ ક્રાંતિનો ખરો પાયો વર્ગખંડોમાં જ નખાશે. ભારત દુનિયાનો સૌથી મોટો વર્ગખંડ છે, જ્યાં ૧૦ મિલિયન શિક્ષકો અને ૨૦૦ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ છે. નવી દિલ્હીની સીએમ શ્રી સ્કૂલ



ખાતે આયોજિત કાર્યક્રમમાં માઈક્રોસોફ્ટના પ્રેસિડેન્ટ બ્રેડ સ્મિથે જણાવ્યું હતું કે, એઆઈ રોજિંદા શિક્ષણનો ભાગ બની રહી છે ત્યારે અમારો હેતુ માનવીય નિર્ણયશક્તિને વધુ મજબૂત બનાવવાનો અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ માટે નવી તકો ખોલવાનો છે. જાણો સમગ્ર ઘટનાક્રમ કે આ યોજના કેવી રીતે અમલમાં આવશે. આ કાર્યક્રમને સીબીએસઈ (CBSE), એનસીઈઆરટી (NCERT) અને એઆઈસીટીઈ (AICTE) જેવી મહત્વની રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે ભાગીદારીમાં ચલાવવામાં આવશે. આ શૈક્ષણિક વર્ષથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP) હેઠળ ધોરણ ૩ થી જ એઆઈ અને કમ્પ્યુટેશનલ થિંકિંગને અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવ્યું છે.

## યુએસ ટેરિફ ચુકાદાની અસર જોવા મળશે

# ભારત-અમેરિકા વ્યાપાર કરાર પર સંકટના વાદળો ઘેરાયા છે

(એજન્સી) નવી દિલ્હી | તા 21

અમેરિકાની સર્વોચ્ચ અદાલતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફને ગેરકાયદેસર ઠેરવતા જ ભારતમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે આ ચુકાદા બાદ ભારત-અમેરિકા વ્યાપાર કરારના ભાવિ અંગે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કેન્દ્ર સરકાર પાસે ખુલાસો માંગ્યો છે કે આ ચુકાદાની અસર તાજેતરમાં જાહેર થયેલા 'ટ્રેડ ડીલ ફ્રેમવર્ક' પર શું પડશે. આ કાયદાકીય વળાંકને કારણે બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોમાં અનિશ્ચિતતાની સ્થિતિ સર્જાઈ છે.અત્યાર સુધીની પરિસ્થિતિ પર નજર કરીએ તો, ફેબ્રુઆરીના પ્રારંભમાં ભારત અને અમેરિકા વચ્ચે એક સંયુક્ત વ્યાપાર માળખું જાહેર કરવામાં આવ્યું હતું. આ કરાર હેઠળ ભારતે અમેરિકાથી આયાત થતા અનેક માલસામાન પર 'ઝીરો ટેરિફ' એટલે કે શૂન્ય ટકા ડ્યુટીની ખાતરી આપી હતી. વધુમાં, ભારતે અમેરિકા પાસેથી ઊર્જા સહિત કુલ ૫૦૦ અબજ ડોલરના માલસામાનની આયાત કરવાની પણ તૈયારી બતાવી હતી. મીડિયા



અહેવાલ મુજબ, ચિદમ્બરમે પ્રશ્ન કર્યો છે કે જ્યારે અમેરિકાના ટેરિફ જ રદ થઈ ગયા છે, ત્યારે ભારત દ્વારા આપવામાં આવેલી આ છૂટછાટોનું હવે શું થશે? પી. ચિદમ્બરમે અગાઉ એક લેખમાં દલીલ કરી હતી કે જો અમેરિકાની સુપ્રીમ કોર્ટ ટ્રમ્પના ટેરિફ રદ કરશે, તો વ્યાપારની સ્થિતિ ૨ એપ્રિલ ૨૦૨૫ પહેલા જેવી હતી તેવી જ થઈ જશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ચિદમ્બરમે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું છે કે ભારતે અમેરિકા સામે અનેક મુદ્દે નમતું જોખ્યું છે, પરંતુ બદલામાં ભારતને શું મળ્યું તે સ્પષ્ટ નથી.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ફાગણ સુદ-05

# હરદીપ પુરી સાથે પણ એન્ડ્રયુ જેવું કરવા માંગણી

એપસ્ટીન ફાઈલમાં નામ આવવાને કારણે અને કેટલાક સાંયોગીક પુરાવા હોવાના કારણે બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સઉના ભાઈ ભૂતપૂર્વ પ્રિન્સ એન્ડ્રુયુ માઉન્ટબેટનની ધરપકડ કરવામાં આવી છે. ભારતના કેન્દ્રીયમંત્રી હરદીપ પુરીનું નામ પણ એપસ્ટીન ફાઈલમાં ઉછળ્યું હતું, ત્યારે એ જાણીએ કે એમના વિશે ફાઈલમાં કેવી માહિતી હતી. એપસ્ટીન ફાઈલમાં નિકળેલી હકીકત પ્રમાણે હરદીપ સિંહ પુરી અને જેફરી એપસ્ટીન વચ્ચે ૨૦૧૪ અને ૨૦૧૫માં ઈમેલ દ્વારા ઘણી વાતચીત થઈ હતી. હરદીપ પુરીને ખબર હતી કે એપસ્ટીન ૨૦૦૮માં યૌન શોષણના ગુનાની કબુલાત કરીને જેલવાસ ભોગવી આવ્યા હતા. એપસ્ટીને હરદીપ પુરીને મોકલેલા એક ઈમેલમાં લખ્યું હતું કે, 'મેં ટેરજે સાથે વાત કરી છે. રીડ હોફમેન ભારત આવવા માટે તૈયાર છે.' આ ઈમેલના જવાબમાં પુરીએ એમને જવાબ આપ્યો હતો કે, 'રીડ હોફમેનના પ્રવાસ માટે એમને તમામ સગવડો આપતા મને ખુશી થશે.' આ પ્રકારના ઘણા ઈમેલની આપલે બંને વચ્ચે થઈ હતી. એન્ડ્રુયુની ધરપકડ પછી હવે હરદીપ પુરીના વિરોધીઓ ઈચ્છી રહ્યા છે કે હરદીપ પુરી સાથે પણ એન્ડ્રુયુવાળી થાય.૨૦૨૪ લોકસભાની ચૂંટણી વખતે એનડીએને હરાવવા માટે ઈન્ડિયા ગઠબંધનનું જોડાણ થયું હતું. કોંગ્રેસ, સપા, તૃણમુલ કોંગ્રેસ, ડીએમકે, આપ... જેવા પક્ષો ભાજપને હરાવવા એક થયા હતા. જોકે ૨૦૨૪ની હાર પછી ઈન્ડિયા ગઠબંધન સાથે જોડાયેલા પક્ષો કેટલાક રાજ્યોની ચૂંટણીમાં એકબીજા સામે લડયા હતા. ૨૦૨૪ પછી કેટલાક રાજ્યોની થયેલી વિધાનસભાની ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધનના સાથી પક્ષો એકલે હાથે ચૂંટણી લડવાથી મતોનું વિભાજન થઈ ગયું હતું. બીજી તરફ રાહુલ ગાંધીની નેતાગીરી સામે પણ તૃણમુલ કોંગ્રેસ અને આપ જેવા પક્ષોએ ખુલ્લેઆમ વાંધો લીધો હતો. મમતા બેનર્જી અને અરવિંદ કેજરીવાલ જેવા નેતાઓ રાહુલ ગાંધીને પસંદ કરતા નથી એ જાહેર છે. હવે એમ કહેવાય છે કે શિવસેના (ઉદ્ધવ ઠાકરે) અને ડીએમકેના કેટલાક નેતાઓ ફરીથી ઈન્ડિયા ગઠબંધનને એક કરવા પ્રયત્ન કરે છે. રાહુલ ગાંધી અને મમતા બેનર્જી તેમજ અરવિંદ કેજરીવાલ સિવાય કોઈ નેતાની શોધ ચાલી રહી છે કે જે ઈન્ડિયા ગઠબંધનને એક તાંતણે બાંધી શકે. અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ જેવા દેશોમાં રંગભેદ કે જાતીભેદને કારણે હુમલા થતા રહે છે. ઈઝરાઈલમાં ભૂતકાળમાં ભાગ્યે જ જાતીગત હુમલાઓ થયા છે. હવે ઈઝરાઈલના ઈશકેલોન શહેરમાં બે ભારતીય શ્રમીકો ઉપર હુમલા કરવામાં આવ્યા છે. ઈઝરાઈલની એમ્બેસી તરફથી આપેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હુમલો કરનારાઓને પકડી લેવામાં આવ્યા છે અને એમની સામે કાયદાકીય પગલા પણ લેવાશે. ઈશકેલોન શહેર તેલઅવીવથી ૫૦ કીલોમીટર દુર ગાઝાની નજીક આવ્યું છે. આ હુમલો ભારતીઓ પ્રત્યેના નફરતને કારણે થયો હોવાનું મનાય છે. નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે ઈઝરાઈલની મુલાકાતે જવાનું વિચારે છે. ભારતે ઈઝરાઈલને પોતાનું મિત્ર માન્યુ છે ત્યારે મોદીની મુલાકાત પહેલા થયેલો આ હુમલો કંઈક જુદુ જ દર્શાવે છે.મધ્યપ્રદેશ વિધાનસભાનું બજેટ સત્ર અખાડામાં ફેરવાઈ ગયું હતું. સંસદીય કાર્યમંત્રી વિજયવર્ગીય અને વિરોધપક્ષના નેતા ઉમંગ સિગાર વચ્ચે ગરમાગરમી થઈ ગઈ હતી. ચર્ચા દરમિયાન બંને વચ્ચેનો વિવાદ એટલો વધી ગયો હતો કે વિજયવર્ગીયએ સિગારને પોતાની હેસિયતમાં રહેવાની સલાહ આપી હતી. આ અસંસદીય શબ્દના ઉપયોગને કારણે વિધાનસભામાં તોફાન મચી ગયું હતું. વિરોધપક્ષના સભ્યોએ વિજયવર્ગીયનું રાજીનામું માગીને હોબાળો મચાવ્યો હતો. સમગ્ર ઘટનાને કારણે વિધાનસભાના અધ્યક્ષ નરેન્દ્રસિંહ તોમરે દુઃખ વ્યક્ત કર્યું હતું અને મુખ્યમંત્રી મોહન યાદવએ માફી માગી હતી. વિરોધપક્ષે આ ફક્ત વિરોધપક્ષનું નહીં, પરંતુ રાજ્યના ૭.૫ કરોડ લોકોનું અપમાન ગણાવ્યું હતું. પરિસ્થિતિ બગડતા મુખ્યમંત્રી મોહન યાદવએ મોરચો સંભાળી લીધો હતો. જોકે કૈલાસ વિજયવર્ગીયનો ગુસ્સો ઓછો થયો નહોતો. પત્રકારોએ આ બાબતે પૂછ્યું ત્યારે વિજયવર્ગીયએ કોઈ દિલગીરી વ્યક્ત કરી નહોતી.

દેશમાં ડીજીટલ ઓળખ અને ડીજીટલ ચૂકવણીની વ્યવસ્થા થઈ ગઈ છે. જોકે હજી સુધી મતદાર યાદીને સંપૂર્ણ રીતે ડીજીટલ કરવામાં આવી નથી. આ બાબતે કોંગ્રેસના નેતા ઉદીત રાજે સવાલ કર્યા છે. એમના કહેવા પ્રમાણે ૧.૪ અરબ લોકોના આધારકાર્ડ ડીજીટલ છે તો વોટર લિસ્ટને ઈલેક્ટ્રોનિક બનાવવામાં કઈ તકલીફ છે.

# અંબરીષભાઈ ડેરની પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા રત્નાકરની સાથે મુલાકાતથી રાજકારણમાં હલચલ મચી

રાજકીય વર્તુળોમાં ચર્ચાનો ગણગણાટ શરૂ થયો શું રાજુલા જાફરાબાદ પંથકમાં નવા જૂની થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે..?





કિશોર આર. સોલંકી | જાફરાબાદ

તાજેતરમાંજ દિલ્હીમાં મુલાકાત બાદ ગાંધીનગર પ્રદેશ ભાજપ નેતાઓ સાથે મળી ફોટા ટ્વીટ કર્યા હતા તેનાથી ગુજરાત ના રાજકારણમાં ભારે ગરમી આવી ગઈ છે..! રાજુલા - જાફરાબાદ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય શ્રી અને ભાજપના તેજસ્વી નેતા અંબરીષભાઈ ડેર ની તાજેતરમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા તથા પ્રદેશ મહામંત્રી રત્નાકર સાથે શુભેચ્છા મુલાકાતે જાણે સત્તાના કોરિડોર માં હલચલ મચાવી દીધી છે. અંબરીષભાઈ ડેર ની પ્રદેશ ભાજપ પ્રમુખ સાથે મુલાકાત અને બાબુ રામની સક્રિયતાથી રાજુલાની રાજનીતિમાં નવા સંકેતો..? ભારતીય જનતા પાર્ટીના દિગજ્જ નેતાઓ સાથે મુલાકાત કરી એક્ટિવ થતા રાજનીતિ ગરમાય રહી છે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર મા,ગુજરાત સ્ટેટના જનરલ સેક્રેટરી રત્નાકર,ઉપરાંત કેટલાક સિનિયર નેતાઓ સાથે મુલાકાત પાછળ અનેક રાજકીય રહસ્યો છુપાયેલા હોવાનું માનવામાં આવી રહ્યું છે. જેના કારણે ગુજરાતના રાજકીય માહોલમાં તર્ક વિતર્કોનો રાફડો ફાટયો છે. રાજકીય વર્તુળોમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે. મુલાકાત દરમિયાન સંગઠન મજબૂત બનાવવા ના મુદ્દા આવનારી ચૂંટણની તૈયારી અને રાજુલા - જાફરાબાદ વિસ્તારમાં ભાજપને વધુ સશક્ત બનાવવા અંગે થઈ હોવાની માહિતી મળી રહી છે. ભાજપમાં જોડાયા બાદ વિવિધ નેતાઓ સાથે સંવાદ સાધી રહ્યા છે. આ મુલાકાત બાદ અંબરીષભાઈ ડેર ના ચાહકોમાં આનંદ નો માહોલ છે. પણ વિરોધીઓ ના ચહેરા પર સહેજ ચિંતા ની લકીરો સ્પષ્ટ દેખાય છે. તેમણે આ મુલાકાતોના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા જેના કારણે તેમના કાર્યકરો અને મિત્ર વર્તુળમાં નવી ચેતના જોવા મળી રહી છે.

# ચાણસ્મા કોર્ટે ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા કરી, દસ ટકા વળતર ચૂકવવાનો હુકમ કર્યો

નિતીન ઠાકર | ચાણસ્મા

બનાવની વિગત એવી છે કે ચાણસ્મા વજીફા સોસાયટીમાં રહેતા આરોપી પટેલ હિરેનકુમાર નટવરભાઈએ ચાણસ્માના ફરિયાદી પટેલ નિલેશભાઈ કાન્તિલાલ પાસેથી પાંચ માસમાં પરત આપવાનો વાયદો કરી રૂપિયા ૪,૨૫,૦૦૦/- અંગત જરૂરીયાતનું કારણ જણાવી હાથઉછીના લીધેલા. જેથી વાયદો પૂરો થતાં ફરિયાદી પટેલ નિલેશભાઈ કાન્તિલાલે ૪,૨૫,૦૦૦/- ની ઉઘરાણી કરતાં આરોપી પટેલ હિરેનકુમાર નટવરભાઈએ લેણા પેટે ચેક આપેલો, જે ચેક ફરિયાદીએ તેમના ખાતામાં રજુ કરતાં, ચેક અપૂરતા નાણા ભંડોળના કારણે વણચૂકવ્યે પરત ફરતાં,ફરિયાદી નિલેશભાઈએ વકીલ શ્રી જે.વી. ચૌધરી મારફતે લીગલ નોટિસ આપી,આરોપી ઉપર એન.આઈ. એક્ટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલી, જે ફરિયાદ ચાણસ્મા કોર્ટમાં ચાલી જતાં, ફરીયાદી તરફે વકીલ જે.વી. ચૌધરીએ ફરિયાદના કામે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવા, જજમેન્ટો અને દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી ચાણસ્માના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીએ આરોપી પટેલ હિરેનકુમાર નટવરભાઈ રહે. વજીફા સોસાયટી, ચાણસ્માવાળાને દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી,તકરારી ચેકની લેણી નીકળતી રકમ રૂપિયા ૪,૨૫,૦૦૦/- તથા દસ ટકા વધારાનું વળતર ૪૨,૫૦૦/- રૂપિયા /- એમ મળી કુલ રૂપિયા ૪,૬૭,૫૦૦/- પુરા બે મહિનામાં ચુકવી દેવા હુકમ કર્યો છે.

## બનાસકાંઠા: આઈ.સી.ડી.એસ.પાલનપુર ઘટક-૧ અને ૨ દ્વારા કુપોષણ મુક્તિની સફળ ઝુંબેશ

# પાલનપુરમાં 'પૂર્ણા યોજના' અને 'પોષણ સંગમ' કાર્યક્રમ અંતર્ગત ૧૯૩૪ બાળકો સુપોષિત બન્યા




પાલનપુર | બનાસકાંઠા જિલ્લાના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા પાલનપુર ઘટક-૧ અને ૨ માં કિશોરીઓ અને બાળકોના સર્વાંગી સ્વાસ્થ્ય માટે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલનપુર ઘટક-૨ માં 'પૂર્ણા યોજના' અંતર્ગત ભૂતેડી ખાતે પૂર્ણા અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓને પૂર્ણા શક્તિ પેકેટના વિતરણ સાથે પોષણ અને આરોગ્ય તપાસ અંગે માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે કિશોરીઓ માટે મહેંદી અને પૌષ્ટિક વાનગી સ્પર્ધાઓ યોજી તેમને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવી હતી.

બીજી તરફ, પાલનપુર ઘટક-૧ ના ૧૦૮ આંગણવાડી કેન્દ્રોમાં 'પોષણ સંગમ' અને 'સુપોષણ ઝુંબેશ' હેઠળ ૧૯૩૪ જેટલા કુપોષિત બાળકોને સફળતાપૂર્વક સુપોષિત કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત RBSK ટીમ અને આરોગ્ય વિભાગ દ્વારા બાળકોનું નિયમિત વજન, ઊંચાઈ અને ભૂખ પરીક્ષણ કરી જરૂરી તબીબી સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. ગંભીર કુપોષિત બાળકોને CMTC કેન્દ્રોમાં રીફર કરવાની સાથે વાલીઓને ટેક હોમ રાશન (THR) અને પ્રોટીનયુક્ત ખોરાક વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી છે.

આ ભગીરથ કાર્યમાં વિવિધ સામાજિક સંસ્થાઓ, ગ્રામ અગ્રણીઓ અને દૂધ મંડળીઓએ 'પાલક વાલી' તરીકે જોડાઈને અભૂતપૂર્વ સહયોગ આપ્યો છે. જાન્યુઆરી-૨૦૨૫ થી જાન્યુઆરી-૨૦૨૬ સુધીના એક વર્ષના સમયગાળામાં સામુદાયિક પ્રયાસોને પરિણામે મોટી સંખ્યામાં બાળકો કુપોષણ મુક્ત બન્યા છે.

# ગાંધીનગરમાં આધ્યાત્મિક સૌજન્ય મુલાકાત: ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષે મહંત સ્વામી મહારાજના આશીર્વાદ લીધા



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર સ્થિત સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નવીન એ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે આત્મીય મુલાકાત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. મુલાકાત દરમિયાન રાષ્ટ્રીય જીવનમૂલ્યો, સંસ્કાર અને સેવા પરંપરાના મુદ્દાઓ પર સૌહાર્દપૂર્ણ ચર્ચા થઈ હતી.આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બીએલ સંતોષ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાતે આધ્યાત્મિકતા અને જાહેર જીવન વચ્ચેના સકારાત્મક સંવાદને વધુ મજબૂત બનાવ્યો. આ પ્રસંગે માત્ર રાષ્ટ્રીય અધ્યક્ષ જ નહીં, પરંતુ ભાજપાનું અન્ય ઉચ્ચ નેતૃત્વ પણ અક્ષરધામના પવિત્ર પરિસરમાં હાજર રહ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ પણ મહંત સ્વામી મહારાજના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# રાજુલા ખાતે છત્રપતિ શિવાજી મહારાજ ની જન્મ જયંતી નિમિત્તે ભવ્ય હિંદુ સંમેલન નું આયોજન કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા ખાતે બલરામ હિંદુ સમિતિ-રાજુલા દ્વારા તા/૧૯/૦૨/૨૦૨૬ ગુરુવારના રોજ છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ નિમિત્તે ભવ્ય "હિંદુ સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન રાજુલાના છતડીયા રોડ સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમમાં સાધુ-સંતો, વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ તેમજ મોટી બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાની હાજર રહી હતી. કાર્યક્રમની શરૂઆત સાધુ-સંતોના હસ્તે દીપ પ્રાગટ્યથી શરૂઆત કરવામાં આવી હતી અને ત્યારબાદ તમામ સાધુ-સંતોનું અગ્રણીઓ દ્વારા ફુલહાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પહેલા સમૂહમાં હનુમાન ચાલીસા ના પાઠ પણ કરવામાં આવેલઆ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ "પંચ પરિવર્તન" વિષય પર સમાજમાં જાગૃતિ લાવવાનો હતો. જેમાં સામાજિક સમરસતા, પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન, નાગરિક કર્તવ્ય અને સ્વદેશી ભાવના જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર માર્ગદર્શન અને ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે બલરામ હિંદુ સમિતિના સંકેતભાઈ રાવળ,રાકેશભાઈ જોશી, શૈલેષભાઈ આકાર્યક્રમને સફળ બનાવવા તનતોડ મહેનત કરી હતી માટે બલરામ હિંદુ સમિતિના સંકેતભાઈ રાવળ,રાકેશભાઈ જોશી, શૈલેષભાઈ જાખરા, ભરતભાઈ મહેતા, ગીરીશભાઈ પટેલ, જાદવભાઈ વાળા, બ્રિજેશભાઈ બોરીસાગર, કમલેશભાઈ રાઠોડ, મનીષભાઈ લાલાણી, ઘનશ્યામભાઈ ઉનાગર, વિક્રમભાઈ ધાખડા, કૌશિકભાઈ સહિત અનેક યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. વિશેષ આકર્ષણરૂપે અયોધ્યાથી લાવવામાં આવેલ સરયુ નદીના જળના દર્શનનો લાભ ઉપસ્થિત સૌએ લીધો અને નમન કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિકુંજ પંડિત દ્વારા સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું.રાજુલા શહેર તેમજ તાલુકાના તમામ વર્ગના લોકોની ઉપસ્થિતિથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

# પ્લાસ્ટિકના સ્ટૂલની વચ્ચે કેમ હોય છે નાનકડું ગોળ કાણું? જાણો સાચું કારણ !

જગદીશ દવેએ દેશલપર (ગુંતલી)



ઘણી વસ્તુઓ હોય છે જેને આપણે રોજ જોઈએ છીએ, પરંતુ તેની પાછળ છુપાયેલા કારણો વિશે વિચારતા નથી. આપણે ઘણીવાર તેને માત્ર ડિઝાઈન માનીને અવગણીએ છીએ. ખરેખર આ બધી વસ્તુઓ પાછળ કોઈને કોઈ ખાસ કારણ હોય છે, અને તેમાંથી એક છે પ્લાસ્ટિકનું સ્ટૂલ.આપણા દરેકના ઘરમાં પ્લાસ્ટિકના સ્ટૂલનો ઉપયોગ થતો જ હોય છે. તમે પણ ક્યારેક ને ક્યારેક આ સ્ટૂલ પર બેઠા હશો અને તેનો ઉપયોગ કર્યો હશે. જો તમે ધ્યાનથી જોયું હોય તો, પ્લાસ્ટિકના દરેક સ્ટૂલની બરાબર વચ્ચે એક ગોળ કાણું હોય છે.ઘણા લોકો એવું વિચારે છે કે, આ કાણું સ્ટૂલને આંગળીથી પકડીને ઊંચકવા માટે બનાવવામાં આવે છે. જોકે, આ વાત સંપૂર્ણ સત્ય નથી. તેની પાછળ વિજ્ઞાનનું એક ખૂબ જ મહત્વનું કારણ છુપાયેલું છે, જે પ્લાસ્ટિકના સ્ટૂલને ફેક્ટરીમાં બનાવતી વખતે તેને એવી રીતે ડિઝાઈન કરવામાં આવે છે કે, તે એકબીજાની ઉપર સરળતાથી ગોઠવી શકાય. જ્યારે એક સ્ટૂલની ઉપર બીજું સ્ટૂલ મૂકવામાં આવે છે, ત્યારે જો તેમાં કાણું ન હોય, તો બે સ્ટૂલની વચ્ચે 'એર પ્રેશર' એટલે કે હવાનું દબાણ અને 'વેક્યુમ' સર્જાય છે જો સ્ટૂલ કાણા વગર એકબીજા પર રાખી દેવામાં આવે, તો તેમની વચ્ચે હવા ફસાઈ જવાથી વેક્યુમ બની શકે છે, જેના કારણે તેમને અલગ કરવા મુશ્કેલ બની જાય છે. આ જ કારણ છે કે, વચ્ચે નાનું કાણું બનાવવામાં આવે છે, જેથી હવાનું દબાણ નીકળી શકે અને સ્ટૂલ સરળતાથી અલગ થઈ જાય. જોકે આ કાણું સ્ટૂલ ઉઠાવવામાં પણ મદદ કરે છે, પરંતુ તેનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર આ જ હોતો નથી. સ્ટૂલની મજબૂતી અને તમારી સુરક્ષા સાથે જોડાયેલું છે.

# સંખેડા તાલુકા ટાઉન હોવા છતાં ઘણા સમયથી 15 જેટલા રૂપો બંધ થતા સંખેડા ના જાગૃત નાગરિક દ્વારા બોડેલી ડેપોના મેનેજર એ રજૂઆત ને અવગણમાં કરતા ઉચ્ચ અધિકારીને લેખિત માં અરજી કરવામાં આવી

અમદાવાદ | છોટાઉદેપુર આવૃત્તિ માં તારીખ- ૧૨/૧૧/૨૦૨૫ નારોજ સમાચાર પ્રસિદ્ધ થયેલા છે. સાથે ગંભીર બાબત ડેપોમાં સીસીટીવી કેમેરા આવેલ છે કે કેમ એ પણ એક પ્રશ્નાર્થ છે આ અધિકારી દવારા એસ.ટી નિગમ ને આર્થિક નુકશાન કરે છે. જેના કારણે અનેક રૂટો બંદા કરવામા આવેલા છે. રજીસ્ટરોમાં રૂટ અલગ હોય છે. અને રૂટ બીજી જગ્યાએ ફાળવવામા આવે છે. આ અધિકારી ની બીજી અન્ય ખાનગી વાહન માલિકો અને લગ્ઝરી બસ માલિકો સાથે મેળાપાણી હોય હપ્તા લઈ બોંડબી ડેપો માંથી પેસેન્જર ખાનગી વાહનોમાં ભરી આપવા અન્ય બે-ત્રાણ ડ્રાઈવરો પાસે કામગીરી કરાવવામા આવેછે.અને જ્યાં રજુઆત કરવી હોય ત્યાં કરશે મારી મરજી મુજબ રૂટો ચલાવવામા આવશે ગાંધીનગરમા બેઠેલા અંઘડ નેતાઓ દ્વારા કોઈ મારી સામે પણલા ભરી શકાય તેમ નથી આ બધાને હું મારા ખીસ્સામા રાખુ છુ કોઈ નેતા કે આગેવાન ના કહેવાથી કોઈ બસના રૂટ ચાલુ કરવામા આવશે નહિ મારી મરજી મુજબ વહીવટ કરીશ મારી પાસે કોઈ રજુઆત કરવા આવવુ નહી આવા માથાભારે બોંડલી ડેવો મેનેજર સામે ખાતાડીય તપાસ કરવી ખુબજ જરૂરી છે. જેથી જાણી શકાય આ ડેપો મેનેજર દવારા બોંડલી વર્કશોપ માં પણ માલસામાન ઓઈલ, ડીઝલ નો પણ ગેર વહીવર પોહોય તેવિ આશંકા છે. આ ડેપો મેનેજર સામે તાત્કાલીક ધોરણે ખાતાકીય તપાસકરી હોદ્દા નો દુર ઉપયોગ કરવા બાબતે તાત્કાલિક ધોરણ ફરજમાથી બરતરફ કરવા ની આરતી સંખેડાના જાગૃત નાગરિક જયેશભાઈ રોય દ્વારા મુખ્યમંત્રી ગાંધીનગર તેમજ ધારાસભ્ય શ્રી સંખેડા તેમજ મેનેજીંગ ડીરેકટરશ્રી રાણી ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમ, અમદાવાદ તેમજ મંત્રી શ્રી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, ગાંધીનગર તેમજ ડીવીઝનલ કંટ્રોલર વડોદશ શકોર્સ ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમ અને સાંસદ શ્રી છોટાઉદેપુર (લોકસભા) લેખિતમાં રજૂઆત કરી છે.

# ચાણસ્માના સેવાળા ગામે મહેતા પરિવારોનું કૂળદેવીનું મંદિર બનાવી પ્રતિષ્ઠા કરવાનું સ્વપ્ન સાકાર થયું



નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના સેવાળા ગામે મહેતા પરિવારોના કૂળદેવી શ્રી મહા ગૌરી માતાજીના નૂતન પ્રાસાદ અને માતાજીની મનોહર પ્રતિમાની ખૂબ જ ધામધૂમથી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવતાં સેવાળીયા મહેતા પરિવારોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

સેવાળીયા મહેતા પરિવારોના કૂળદેવીની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે વિવિધ પરિવારોએ સહભાગી થઈ લાભ લીધા હતા જેમાં ગામના વતની અને હાલમાં જયપુર ખાતે રહેતા તુષારભાઈ ચંદુલાલ મહેતાએ સૌથી મોટા દાતા બની કુલ રૂ. 15.40 લાખની કિંમતની તમામ મૂર્તી,હીરાનો હાર અને રત્નજડીત માતાજીનો મુગટ બનાવી સુંદર લાભ લીધો હતો. અને પ્રસંગમાં કોઈપણ સન્માન મેળવીને દાખલો બેસાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગામમાં માતાજીનું નવીન મંદિર બનાવવાનું બધા મહેતા પરિવારોનું સ્વપ્ન માતાજીની કૃપાથી સાકાર થયું છે.

# ચિત્રાસર ગામે ખુલ્લા કુવામાં દિપડાનું બચ્ચું ખાબક્યુ બચ્ચાને સુરક્ષિત બહાર કાઢવા વનવિભાગ દ્વારા રેસ્ક્યુ : દિપડાના બચ્ચાને સુરક્ષિત રીતે વનવિભાગ દ્વારા બહાર કાઢવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા તાલુકાના ચિત્રાસર ગામે દીપડાનું બચ્ચું ખુલ્લા કુવામાં પડી જતાં તેને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી વનવિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, વન્યજીવ રેન્જ જાફરાબાદ હેઠળના ટિંબી રાઉન્ડના ચેહિતસ બીટ વિસ્તારમાં આવેલ ચિત્રાસર ગામે જિબુભાઈ રામભાઈ ડોડિયાની વાડીમાં આ ઘટના બની હતી. તેઓના કુવામાં પડી ગયેલા આશરે 0 થી 1 વર્ષના નર દીપડાના બચ્ચાને વનવિભાગ નું રેસ્ક્યુ ટીમ દ્વારા સાવચેતીપૂર્વક બહાર કાઢવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને જરૂરી કામગીરી હાથ ધરી હતી.બચ્ચાને કોઈ ઈજા ન પહોંચે તે માટે ખાસ કાળજી રાખવામાં આવી અને ખુલ્લા કુવામાં ખાટલા ના ચાર પાયા બાંધી કુવામાં ઉતારી તે ખાટલા માં દીપડીનું બચ્ચું બેસી જતા સફળતાપૂર્વક રેસ્ક્યુ બાદ દીપડાના બચ્ચાને વધુ સારવાર અને સંભાળ માટે બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે મોકલવામાં આવ્યું હતું.આ કામગીરી દરમિયાન સ્થાનિક લોકો નજરે જોતા વનવિભાગ ની આ કામગીરી ને બિરદાવેલ બીજી તરફ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળાએ જણાવ્યું કે જાફરાબાદ તાલુકામાં અનેક કુવાઓ ખુલ્લા પડ્યા છે.



ખેડા
ભારતીય વિદ્યાભવન મુંબઈ સંચાલિત ભવન્સ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ડાકોર ખાતે વન-ડે નેશનલ સેમિનાર યોજાયો હતો આ પ્રસંગે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા ગુજરાત પત્રકાર સંઘના ઉપપ્રમુખ નીતીનભાઈ ખંભોળ જાનુ કોલેજના પ્રિન્સિપાલ ત્રિવેદી સાહેબે તથા સેમિનારના કન્વીનર ડોક્ટર એ કે ચૌધરીએ સાલ ઓઢાડીને સન્માન કર્યુ હતુ

# કુખ્યાત સાજીદ રાબડી ફાયરિંગ કેસમાં હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો: લુણાવાડા પોલીસની કાર્યવાહીને સ્વબચાવ ગણાવી કેસ રદ કરાયો



જગદીશ ત્રિવેદી | મહીસાગર

2018માં લુણાવાડા ખાતે બનેલી ફાયરિંગની ચકચારી ઘટનામાં હાઈકોર્ટે પોલીસની તરફેણમાં મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે અવલોકન કર્યું છે કે આ ઘટના કોઈ આયોજિત 'એન્કાઉન્ટર' નથી, પરંતુ નિર્દોષ નાગરિકો અને પોલીસના જીવ બચાવવા માટે કરવામાં આવેલો સ્વબચાવ (Self-defense) .18 ઓગસ્ટ 2018ના રોજ રાત્રે આશરે 8.00 કલાકે, લુણાવાડા શહેરનો કુખ્યાત ગુનેગાર સાજીદ ઉર્ફે રાબડી હનીફ જમાલ શેખ એક વ્હોરા પરિવારના ઘરમાં ઘૂસ્યો હતો. સાજીદ રાબડી એક રીઢો ગુનેગાર હતો. જેના પર લૂંટ, ખંડણી, ચોરી અને હુમલા જેવા અંદાજે 60થી 70 જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા. ઘટના સમયે તેણે ઘરમાં ઘૂસી મહિલાઓ અને બાળકોને હથિયારના જોરે બંધક બનાવ્યા હતા. જેતે સમયના Psi અને હાલ વિરપુર પોસ્ટેશને ફરજ બજાવતા Pi પી.આર કરણ રાબડીને હથિયાર મૂકી દેવા કીધી હતી પરંતુ હથિયાર ન મુકતા બંધકોના જીવ જોખમમાં હોવાથી અને આરોપી હિંસક મૂડમાં હોવાથી, psi કરણે મહિલાઓ અને બાળકોની સુરક્ષા કાજે અનિવાર્ય સંજોગોમાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી. આ ફાયરિંગમાં સાજીદ રબડીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# GM/NFR કામાખ્યા - ન્યૂ બોંગાઈગાંવ - ડાંગતાલ સેક્શનનું વ્યાપક સલામતી નિરીક્ષણ કરે છે







માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) ના જનરલ મેનેજર શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવે 20 ફેબ્રુઆરી 2026 ના રોજ કામાખ્યા - ન્યૂ બોંગાઈગાંવ - ડાંગતાલ સેક્શનનું વ્યાપક સલામતી નિરીક્ષણ કર્યું હતું, જે રેલ્વેના ઓપરેશનલ સલામતી અને માળખાગત વિશ્વસનીયતાને મજબૂત બનાવવાના સતત પ્રયાસોના ભાગ રૂપે હતું. નિરીક્ષણમાં 154 કિલોમીટરનો વિસ્તાર આવરી લેવામાં આવ્યો હતો. નિરીક્ષણ દરમિયાન મુખ્યાલય અને વિભાગના વરિષ્ઠ અધિકારીઓ જનરલ મેનેજર સાથે હતા.નિરીક્ષણ દરમિયાન, જનરલ મેનેજરે ટ્રેકની સ્થિતિ, નાના અને મોટા પુલ, સિગ્નલિંગ અને ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ્સ, ટ્રેક્શન ઈન્સ્ટોલેશન, લેવલ ક્રોસિંગ ગેટ અને સેક્શન સાથે સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું વિગતવાર મૂલ્યાંકન કર્યું. નિર્ધારિત સલામતી ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવા માટે સલામતીના મહત્વપૂર્ણ અસ્ક્યામતો, વળાંકો, બિંદુઓ અને ક્રોસિંગ અને ચાલુ જાળવણી કાર્યોની નજીકથી તપાસ કરવામાં આવી હતી. તેમણે રેલવે અધિકારીઓ અને ફ્રન્ટલાઈન સ્ટાફ સાથે પણ વાતચીત કરી, જેથી તેઓ ઓપરેશનલ તૈયારીઓ, સલામતી જાગૃતિ અને સતર્કતાનું મૂલ્યાંકન કરી શકે અને સ્ટેશનો અને કાર્યસ્થળો પર આવશ્યક સલામતી સાધનોની ઉપલબ્ધતા અને સ્થિતિની સમીક્ષા કરી શકે.નિરીક્ષણ કાર્યક્રમના ભાગ રૂપે, નલબારી, બારપેટા રોડ અને ન્યૂ બોંગાઈગાંવ ખાતે સ્ટેશનોનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું. મુસાફરોની સુવિધાઓ, સ્ટેશનોના આધુનિકીકરણ અને એકંદર સેવા ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરીને આ સ્ટેશનોમાં વિકાસલક્ષી કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.જનરલ મેનેજરે ટ્રેક વર્તન અને ઓપરેશનલ કામગીરીની સમીક્ષા કરી. જનરલ મેનેજરે રેલવે સ્ટાફના પ્રયાસોની પ્રશંસા કરી અને પ્રદેશમાં રેલવે સેવાઓને મજબૂત બનાવવા માટે સતત સમર્થન આપવાની ખાતરી આપી. નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં વધતી જતી પરિવહન જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેના માળખાને સતત અપગ્રેડ કરતી વખતે સલામત, કાર્યક્ષમ અને મુસાફરોને અનુકૂળ રેલ સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

# અમદાવાદ મંડળમાં ડિસેમ્બર 2025 થી 19 ફેબ્રુઆરી 2026 સુધી 484 એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ નોંધાઈ

## 449 કેસોમાં કેસ નોંધવામાં આવ્યા છે તેમજ ₹48,700 નો દંડ વસૂલવામાં આવ્યો છે.

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ડિસેમ્બર 2025 થી 19 ફેબ્રુઆરી 2026 દરમિયાન કુલ 484 એલાર્મ ચેન પુલિંગ (ACP) ની ઘટનાઓ નોંધાઈ હતી. તેમાંથી 449 કેસોમાં નિયમિત રીતે કેસ નોંધવામાં આવ્યા હતા, જ્યારે બાકીના કેસોમાં પ્રાથમિક તપાસ બાદ કાનૂની કારણોસર કેસ નોંધવામાં આવ્યા નહોતા.આ કેસોમાં કાર્યવાહી કરતાં રેલવે સુરક્ષા દળ (RPF) દ્વારા 408 વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી તેમજ 48,700 નો દંડ વસૂલવામાં આવ્યો હતો.

અમદાવાદ મંડળનું રેલવે સુરક્ષા દળ (RPF) યાત્રીઓની સુરક્ષા, રેલવે સંપત્તિની રક્ષા તથા સ્ટેશનો પર સુરક્ષિત વાતાવરણ જાળવી રાખવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્ય કરી રહ્યું છે. વર્ષ 2026 દરમિયાન એલાર્મ ચેન પુલિંગની ઘટનાઓ પર કડક નજર રાખતાં RPFએ સતર્કતા, ત્વરિત કાર્યવાહી અને અસરકારક સમન્વય દ્વારા નોંધપાત્ર નિયંત્રણ સ્થાપિત કર્યું છે.




# સાબરમતી રિવરફ્રન્ટે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષની સવાર: યુવાનો સાથે 'ચાય પે ચર્ચા'

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત પ્રવાસના બીજા દિવસે ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નવીન એ વહેલી સવારે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોર્નિંગ વોક કરી શહેરની સવારનો માણ્યો. આ અવસરે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.ત્યારબાદ તેમણે અમદાવાદની ઓળખ સમાન અટલ બ્રિજ ની મુલાકાત લીધી. રિવરફ્રન્ટ પર યુવાનો સાથે બેસી તેમણે આત્મીય સંવાદ સાધ્યો અને 'ચાય પે ચર્ચા' કરી. પ્રસંગે કર્ણાવતી મહાનગર અધ્યક્ષ પ્રેરકભાઈ શાહ, સ્થાનિક ધારાસભ્યો તથા પક્ષના આગેવાનો હાજર રહ્યા હતા.એક સમય હતો જ્યારે શહેર વચ્ચેથી પસાર થતી સાબરમતી નદીના પટમાં ગંદકી અને અવ્યવસ્થાનું દ્રશ્ય જોવા મળતું હતું; આજે તે જ સ્થળ સુવ્યવસ્થિત વિકાસનું પ્રતીક બની ઊભું છે.

સેંટ્રલ બેન્ક ઓફ ઇંડિયા દ્વારા સમગ્ર દેશમાં તા. 21 ફેબ્રુઆરી 2026ના રોજ

# મેગા રિટેલ ક્રેડિટ આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું



અમદાવાદ | સેંટ્રલ બેન્ક ઓફ ઈંડિયા દ્વારા સમગ્ર દેશમાં તા. 21 ફેબ્રુઆરી 2026ના રોજ મેગા રિટેલ ક્રેડિટ આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શ્રેણીમાં આજે અમદાવાદ ખાતે અમદાવાદ વિસ્તાર અને ગાંધીનગર વિસ્તાર દ્વારા સંયુક્ત રિટેલ ક્રેડિટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં કેન્દ્રીય કચેરીમાંથી બેંકના મહા પ્રબંધક શ્રી કે. કે. કાલા જી ઉપસ્થિત રહ્યા હતા. આ અવસર પર અમદાવાદ અને ગાંધીનગર વિસ્તારના હિતગ્રાહીઓને વિવિધ રિટેલ યોજનાઓ હેઠળ રૂ. 200 કરોડના લોન મંજૂર કરવામાં આવ્યા હતા. આ મંજૂરીઓમાં મંજૂરી પત્ર, લીડ જનરેશન તથા સૈધાંતિક મંજૂરી પત્રનો સમાવેશ થાય છે.ઉલ્લેખનીય છે કે બેંક દ્વારા સમાજના વિવિધ વર્ગો માટે વિવિધ વ્યવસાયિક હેતુઓ માટે દરેક પ્રકારની રિટેલ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આ અવસર પર ગ્રાહકોએ બેંક દ્વારા આપવામાં આવતી સેવાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# મોબિલિટી એક્ઝિબિશનનું ઉદ્ઘાટન: 2036 ઓલિમ્પિક્સને લક્ષ્યમાં રાખી અમદાવાદના પરિવહન વિઝનની રૂપરેખા રજૂ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને શિફ્ટ ટ્રાન્સપોર્ટના સંયુક્ત ઉપક્રમે રિવરફ્રન્ટ હાઉસ ખાતે 'અમદાવાદ નેક્સ્ટ' અંતર્ગત 'મોબિલિટી એક્ઝિબિશન'નું ઉદ્ઘાટન શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શના વાઘેલા દ્વારા કરવામાં આવ્યું. 23 ફેબ્રુઆરી, 2026 સુધી ચાલનારી આ એક્ઝિબિશનમાં 2036ની ઓલિમ્પિક્સને ધ્યાનમાં રાખી અમદાવાદને વિશ્વસ્તરીય શહેર તરીકે વિકસાવવાના ભવ્ય વિઝનની રજૂઆત થઈ.મંત્રીએ AMTSની 'લાલ બસ'થી શરૂ થયેલી શહેરની પરિવહન સફરને BRTS અને મેટ્રો સુધી પહોંચાડનાર વિકાસયાત્રાને બિરદાવી. આગામી 25થી 50 વર્ષના આયોજન સાથે સેકન્ડ રીંગ રોડ, લોજિસ્ટિક પાર્ક અને સાબરમતી રીવર ફ્રન્ટ ના વિસ્તરણ દ્વારા અમદાવાદને 'લિવેબલ સિટી' તરીકે મજબૂત બનાવવાનો દ્રઢ સંકલ્પ વ્યક્ત કર્યો.

# દાંડી સી-ફૂડ ફેસ્ટિવલ 2026નો ભવ્ય પ્રારંભ: પર્યટન અને સ્થાનિક વ્યવસાયને નવો વેગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ઓલપાડ તાલુકાના નયનરમ્ય દાંડી બીચ ખાતે "દાંડી સી-ફૂડ ફેસ્ટિવલ 2026"નો ભવ્ય પ્રારંભ વિસ્તારના ધારાસભ્ય મુકેશ પટેલના હસ્તે કરવામાં આવ્યો. મહાનુભાવો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીની હાજરીમાં ફેસ્ટિવલે ઉત્સાહપૂર્ણ માહોલ સર્જ્યો. ફેસ્ટિવલમાં વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ સી-ફૂડ વાનગીઓના સ્ટોલ્સ પર મુલાકાતીઓ ઉમંગભેર ભેગા થઈ રહ્યા છે. સ્થાનિક રસોઈકારો અને કારીગરો દ્વારા તૈયાર કરાયેલા વાનગીઓનો સ્વાદ માણવા મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે. આ ઉત્સવ માત્ર ખાણીપીણી પૂરતો સીમિત નથી, પરંતુ પર્યટનને પ્રોત્સાહન આપતા અને સ્થાનિક વેપારીઓને સશક્ત બનાવતા અનોખા પ્રયાસ રૂપે પણ ઓળખાઈ રહ્યો છે. આયોજકો દ્વારા નાગરિકોને આ ઉત્સવમાં સહભાગી બની સ્થાનિક વ્યવસાયને પ્રોત્સાહન આપવા અપીલ કરવામાં આવી છે.

# ગાંધીનગર જિલ્લામાં અન્ન વિતરણ વ્યવસ્થાની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ગાંધીનગર, તા. ૨૧ ફેબ્રુઆરી - જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ તેમજ જિલ્લા તકેદારી સમિતિની બેઠક નિવાસી અધિક કલેક્ટર શ્રીમતી નિશા શર્માના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં અન્ન વિતરણ, ગ્રાહક સુરક્ષા અને નિયંત્રણ વ્યવસ્થાની સર્વાંગી સમીક્ષા કરવામાં આવી.જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન જિલ્લાના કુલ ૧,૬૩,૫૨૫ રેશનકાર્ડ ધારકોમાંથી ૧,૫૫,૬૬૮ લાભાર્થીઓને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ સુનિશ્ચિત કરવામાં આવ્યું હોવાનું જણાવાયું.

# વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાતી ગૌરવનો સ્વર: માહિતી કમિશનરની કચેરી ખાતે વિશેષ કાર્યશાળા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી અંતર્ગત ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા માતૃભાષાના જતન-સંવર્ધન માટે અનોખી પહેલ કરવામાં આવી. માહિતી કમિશનરની કચેરી ખાતે કમિશનર કે. એલ. બચાણી ના અધ્યક્ષસ્થાને 'ગુજરાતી ભાષાના મહિમા' વિષયક એકદિવસીય કાર્યશાળા યોજાઈ. કાર્યક્રમમાં મુખ્યમંત્રીના અધિક જનસંપર્ક અધિકારી વિવેક ત્રિવેદી તથા સંયુક્ત માહિતી નિયામક સંજય ક્યોટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતની વૈશ્વિક ઉડાન: USD 10.55 બિલિયન નિકાસ સાથે 'ડાયમંડ સિટી' ગ્લોબલ ટ્રેડ હબ તરીકે સ્થાપિત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

"વિકસિત ભારત@2047"ના વિઝન સાથે ભારત 30 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે, જેમાં નિકાસ ક્ષેત્ર વિકાસનો મુખ્ય એન્જિન બન્યું છે. "મેક ઈન ઈન્ડિયા" અને "આત્મનિર્ભર ભારત"ના પ્રભાવથી દેશ હવે ગ્રાહક આધારિત અર્થતંત્રમાંથી ઉત્પાદન શક્તિ તરીકે વૈશ્વિક મંચ પર મજબૂત ઓળખ ઊભી કરી રહ્યો છે.નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન એ 9.83 લાખ કરોડની નિકાસ નોંધાવી દેશની કુલ નિકાસમાં 27%થી વધુ યોગદાન આપ્યું છે.

# 'ઈઝ ઓફ લિવીંગ' તરફ રાજકોટનો દ્રઢ પગથિયો: આધુનિક સુવિધાઓથી શહેર વિકાસને વેગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યના શહેરોમાં સર્વાંગી વિકાસને વેગ મળ્યો છે. તે જ કડીમાં Rajkot શહેર 'ઈઝ ઓફ લિવીંગ'ના વિઝનને સાકાર કરતું વિકાસ મોડલ બની રહ્યું છે. આવનારા સમયમાં રાજકોટવાસીઓને અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, કન્વેન્શન સેન્ટર, આવાસો, ફિલ્ટર પ્લાન્ટ અને લાયન સફારી પાર્ક જેવી સુવિધાઓની ભેટ મળશે.

# "એ.આઈ. સમિટનો વિરોધ રાષ્ટ્રીય હિત વિરુદ્ધ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો પ્રહાર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

એ.આઈ. ઈમ્પેક્ટ સમિટના વિરોધ મુદ્દે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલએ કોંગ્રેસ પર કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું કે વિશ્વનેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ યોજાયેલી એ.આઈ. ઈમ્પેક્ટ સમિટની ભવ્ય સફળતાએ વિશ્વ સમક્ષ નવા અને સશક્ત ભારતનો ઉદય દર્શાવ્યો છે.મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ સમિટ દેશના યુવાઓ માટે નવી આશાઓ અને અપાર તકો લઈને આવી છે.

# "વિકસિત અમદાવાદ 2047" તરફ દ્રઢ પગલું: મેયર પ્રતિભાબેન જૈનનું વિકાસકેન્દ્રિત બજેટ સંબોધન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની ખાસ સભામાં મેયરએ અંદાજપત્ર 2026-27 રજૂ કરતાં "યોગઃ કર્મસુ કૌશલમ્" શ્લોક સાથે સંબોધનની શરૂઆત કરી. તેમણે જણાવ્યું કે આ બજેટ માત્ર આંકડાઓ નહીં, પરંતુ "ગ્રીન, ક્લીન અને હેપ્પી અમદાવાદ" માટેનો દ્રઢ સંકલ્પ છે. વડાપ્રધાનના "વિકસિત ભારત@2047" વિઝન અને કેન્દ્રીય ગૃહમંત્રી ના માર્ગદર્શન સાથે, તેમજ મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ અમદાવાદ વિકાસના નવા આયામ તરફ આગળ વધી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું.

# ગાંધીનગર જિલ્લામાં ડિજિટલ ક્રોપ સર્વેના ડેટાનું AIBOT દ્વારા વેરિફિકેશન શરૂ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર, તા. ૨૧ ફેબ્રુઆરી - કેન્દ્ર સરકારની 'એગ્રીસ્ટેક' યોજના હેઠળ ખેતીક્ષેત્રે આધુનિકતા અને પારદર્શકતા વધારવા ગાંધીનગર જિલ્લામાં ડિજિટલ ક્રોપ સર્વેના ડેટાનું AI આધારિત AIBOT દ્વારા વેરિફિકેશન શરૂ કરવામાં આવ્યું છે. રવિ ઋતુ દરમિયાન સર્વેયરો દ્વારા ખેડૂતોના ખેતરોની મુલાકાત લઈને મોબાઈલ એપ્લિકેશન મારફતે પાકના જીઓ-ટેગ ફોટોગ્રાફ્સ અને જરૂરી વિગતો નોંધવામાં આવી હતી. હવે આ માહિતીની સચોટતા સુનિશ્ચિત કરવા AI બોટ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

# જિલ્લા વિકાસ અધિકારી બી.જે. પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન-ફરિયાદ સમિતિની બેઠક

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર - જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ફેબ્રુઆરી માસની જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ. બેઠકમાં જિલ્લાનાં પડતર પ્રશ્નોના ઝડપી નિરાકરણ અને સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી.જનહિતના મુદ્દાઓને પ્રાથમિકતા આપતા માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ. પટેલે વિવિધ લોકહિત પ્રશ્નો રજૂ કર્યા.

# જિલ્લા જળ-સ્વચ્છતા સમિતિની બેઠકમાં મહત્વના પાણી પ્રોજેક્ટોને મંજૂરી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર, તા. ૨૧ જાન્યુઆરી - જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે. પટેલના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ. બેઠકમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રિજુવિનેશન પ્રોગ્રામ હેઠળ જિલ્લાના ૨૦ ગામોમાં નવા બોર અને પંપિંગ મશીનરીના કામોની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી. માણસા તાલુકાના દેલવાડા ગામે અંદાજે રૂ. ૩૧.૫૦ લાખ અને કલોલ તાલુકાના પીયજ ગામે રૂ. ૨૪.૮૭ લાખના ખર્ચે નવા બોર અને પંપિંગ મશીનરીને મંજૂરી આપવામાં આવી.

# TV9 ગુજરાતીના 'What Gujarat Thinks Today-2026'માં મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિ




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર - અદાણી ગ્રુપ અને TV9 ગુજરાતી દ્વારા ગાંધીનગરની હિલલોક હોટલ ખાતે આયોજિત "What Gujarat Thinks Today-2026" કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા અને "Gujarat Beyond Growth" વિષય પર કી-નોટ સંબોધન આપ્યું.મુખ્યમંત્રીએ જણાવ્યું કે વિકાસનો દિશાસૂચક વિચાર દેશને નરેન્દ્ર મોદીએ આપ્યો છે અને ગુજરાત આજે દેશનું 'ગ્રોથ એન્જિન' બની શક્યું છે તો તે મજબૂત પાયાના કારણે. ચાલુ વર્ષે રૂ. 4.08 લાખ કરોડના રાજ્ય બજેટ સાથે 'વિકસિત ભારત @ 2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાતે સ્પષ્ટ રોડમેપ તૈયાર કર્યો હોવાનું તેમણે જણાવ્યું.વર્ષ 2035માં ગુજરાતના 75 વર્ષ અને 2030માં કોમનવેલ્થ ગેમ્સના સંભાવિત આયોજનને ધ્યાનમાં રાખી રાજ્યને છ રિજિયનમાં વહેંચી ફોકસ સેક્ટર નિર્ધારિત કરી રૂ. 7000 કરોડની ફાળવણી કરવામાં આવી હોવાનું મુખ્યમંત્રીએ ઉમેર્યું.

# "ટ્રાન્સફોર્મિંગ ફોર ટુમોરો" થીમ સાથે એએમએ ઈનોવેશન કોન્ફરન્સ ૨૦૨૬ યોજાઈ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

"નેશનલ મેનેજમેન્ટ ડે" નિમિત્તે (એએમએ) દ્વારા "ટ્રાન્સફોર્મિંગ ફોર ટુમોરો: ગ્રોથ વિથ રેઝિલિયન્સ" થીમ પર ઈનોવેશન કોન્ફરન્સ ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. વૈશ્વિક અર્થતંત્રના અનિશ્ચિત પરિસ્થિતિમાં સ્થિર અને સ્થિતિસ્થાપક વિકાસ કેવી રીતે શક્ય બને તે મુદ્દે ઉદ્યોગજગત, શિક્ષણક્ષેત્ર અને ડિજિટલ ક્ષેત્રના અગ્રણીઓએ મંતવ્યો રજૂ કર્યા. ઉદ્ઘાટન પ્રવચનમાં એએમએના ભૂતપૂર્વ પ્રમુખ તથા Symphony Limitedના ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર અચલ બેકરીએ સ્પષ્ટ કર્યું કે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે વિકાસ માટે નવીનતા અને રેઝિલિયન્સ હવે વૈકલ્પિક નથી, પરંતુ અનિવાર્ય બન્યા છે. ટેક્નોલોજી ક્ષેત્રના નિષ્ણાત પાર્થ દેવરીયાએ એઆઈ અને ઉભરતી ડિજિટલ ટેક્નોલોજી દ્વારા સ્પર્ધાત્મક લાભ મેળવવા માટે વ્યવહારુ માર્ગદર્શન આપ્યું. ઈએસજી અને સસ્ટેનેબિલિટી વિષયક પેનલ ચર્ચામાં નિષ્ણાતોએ કોર્પોરેટ ગવર્નન્સ અને જવાબદાર વૃદ્ધિ માટે ઈએસજી ફ્રેમવર્કને કેન્દ્રસ્થાને રાખવાની આવશ્યકતા વ્યક્ત કરી.

# અચાનક આઘાત લાગવાને લીધે એનું મગજ કામ કરતું બંધ થઇ ગયું

નવ મહીના પહેલાં વકીલ સાહેબ ન્યુરોસર્જન ડોક્ટર મહેતા ની હોસ્પિટલ માં બેભાન શિવા ને લઈ ને આવ્યા ત્યારે ડોક્ટર મહેતા એ શિવા ની હાલત તપાસતા કહ્યું હતું કે ભાન માં આવતા શિવા ને કેટલા દિવસો..કેટલા માસ..કે કેટલા વર્ષ લાગશે એ કહી શકાય એમ નથી.અચાનક આઘાત લાગવા ને લીધે એનું મગજ કામ કરતું બંધ થઇ ગયું છે કદાચ મગજ માં ઈન્ટર નલ ઈંજરી થઈ હોય શકે.અત્યારે તો સર્જરી ની જરૂર લાગતી નથી દવાઓ અને દુવાઓ થી સરખું થઈ જશે. કોમા માં સરી પડેલ દર્દીઓ ને ફરી ભાનમાં આવતા સમય લાગે છે. ડોક્ટર ની સલાહ અનુસાર વકીલ સાહેબ એ એની દિકરી શિવાને સ્પેશિયલ રૂમ માં શિફ્ટ કરીને કુત્રિમ ઓક્સિજન પર રાખવાનું નક્કી કર્યું. શિવા ક્યારે ભાન માં આવશે એ નક્કી નહતું ને ટ્રીટમેન્ટ લાંબી ચાલશે એવું લાગતા વકીલ સાહેબ એ પત્ની અને નાના દિકરા વહુ સાથે ભાવનગર માં ઘર અને ઓફિસ શિફ્ટ કર્યા.જેથી દિકરી નું ધ્યાન પણ રહે ને એનું રૂટિન વકીલાત નું કામ પણ થઈ શકે..મોટા દીકરા એ વકીલ સાહેબ ની શિહોર સ્થિત ઓફીસ અને ઘર સાંભળી લીધા..

ભાવનગર માં કાળાનાળા વિસ્તાર માં ડોક્ટર મહેતા ની હોસ્પિટલ નજીક વકીલ સાહેબ એ ઘર ખરીદી લીધું. દીવાન પરા રોડ પર હાઈકોર્ટ નજીક પ્રેક્ટિસ ચાલુ રાખી શકાય એટલે ઓફિસ લીધી.વકીલ સાહેબ ભલે વલભીપુર રહેતા હતા પણ એના નામ કામના લીધે ભાવનગર પંથક માં લોકો એને જાણતા હતા.

લગભગ ત્રણ મહિના વીત્યા બાદ પણ શિવા ની સ્થિતિ માં સહેજ પણ ફર્ક પડતો નહતો.ચિર નિંદ્રા માં શિવા એવી પોઢી ગઈ હતી ને કે આંખ ખોલવા નું નામ જ લેતી નહતી.કુસુમ કાકી ને શિવા ની દયનીય સ્થિતિ જોઈને ઘણો પસ્તાવો થતો હતો પણ ખોટા નિર્ણયો ને બદલી શકાતા નથી ને પસ્તાવો કરવા છતાંય મૃત મહેશ પાછો આવવાનો નથી. કુસુમ કાકી મનોમન બોલ્યા કે ટૂંકા લગ્નજીવન માં અચાનક વિધવા સાથે ત્યકતા નું લેબલ લાગ્યા બાદ મારી શિવા ભાન માં આવ્યા બાદ પોતાનું "અસ્તિત્વ" પુનઃ કેવી રીતે બનાવશે? સમાજ માં લોકો વિધવા નું જીવન હરામ કરી નાખે છે ને ત્યકતા પર ચિત્ર વિચિત્ર આરોપ લગાવી ને હેરાન પરેશાન કર્યા કરે છે. કાશ એ વખતે શિવા ના પપ્પા નું માન્યું હોત તો મહેશ સાથે શિવા ના લગ્ન જ થયા ન હોત. કુસુમ કાકી અને મોટા દિકરા કાર્તિક નું આખી રાત કુસુમકાકી એની દીકરી સાથે હોસ્પિટલ માં રહેતા હતા.વહેલી સવાર થી બે વાગ્યા સુધી મોટો દીકરો કાર્તિક હોસ્પિટલ માં રહેતો હતો. વકીલ સાહેબ એની લાડલીનો ચહેરો નિહાળવા દિવસ માં ઘણીવાર આવ્યા કરતા હતા. જોત જોતામાં છ મહિના પૂરા થઈ ગયા છતાંય બંધ આંખે મહેશ ના સ્વપ્ના જોવામાં શિવા વ્યસ્ત હતી એટલે જ આંખો ખોલવા નું નામ લેતી નહતી.

બાપુજી એ ઊંડો નિસાસો નાખતા કહ્યું કે શ્રીમતીજી, ઉપર વાળા ના ઘરે ન્યાય સરખા થતા ન હોય એવું લાગે છે.મહેશ ની કુંડળી માં તો આકસ્મિક મૃત્યુ યોગ લખાયો હતો પણ શિવા ની કુંડળી તો એકદમ સુંદર હતી છતાંય મહેશના મૃત્યુ ની શિક્ષા બિચારી શિવા એકલી ભોગવી રહી છે વાહ!!રે કુદરત તારા નિયમ માં આટલી બધી દોગલાબાજી કેમ છે? સાયકલ લઈને જતો ત્યારે તમને મહેશ ઘરે ના આવે ત્યાં સુધી એની ફિકર રહેતી હતી. પારાવાર ચિંતા થતી હતી.જો મહેશ એ તમારું માની ને માળનાથ જવાનું ટાળ્યું ના હોત તો આટલી મોટી ઘાત એના માથા પર થી ટળી જાત.



અસ્તિત્વ ભાગ : ૨૧

- રુપાલી દવે

ફઈબા રડતા રડતા બોલ્યા કે ભાઈ, તમારી એકદમ સાચી છે પરંતુ મૃત્યુ એ માણસ ને એના નિશ્ચિત સમય એને શોધી લેતું હોય છે."કાળ કોઈનો સગો નથી" નકામી નકામી એ દીકરી પર બધા એ ભેગા થઈને લાપરવાહી નું આળ લગાડ્યું..આમ તો આ ગુના બદલ ભગવાન ક્યારેય માફ કરશે નહિ..

બા એ બાપુજી ની માફી માંગતા કહ્યું કે મને માફ કરજો પુત્ર મોહ માં પુત્રવધુ ની હાલત ને નજર અંદાજ કરી દીધી હતી. મારી નજર સામે કલાકો થી આંખો બંધ કરીને સ્થિર બેઠલ "શિવા" ની હાલત ની પરવા ન કરી. જો ત્યારે એને ઉઠાડવા નો પ્રયત્નો કર્યા હોત તો એ કોમા માં જતી રહેત નહી. મેં અભગણી એ પુત્રમોહ માં શિવા ના માબાપ,ભાઈઓ અને ભાભીઓનું પણ અપશબ્દો બોલીને અપમાન કર્યું હતું.. બેભાન હાલત માં પતિ ના મૃત્યુ બાદ શિવા સાસરે થી વિદાઈ થઈ રહી ત્યારે પણ સહેજ પણ માણસાઈ દેખાડી નહતી .અરે!!રે!!મહેશ ના બાપુજી,મારાથી તો મોટામાં મોટું અનર્થ થઈ ગયું છે,આ અનર્થ નું પ્રાયશ્ચિત કેવી રીતે કરીશ?

બાપુજી ની બાજુ માં બેઠેલ મોટા દીકરા એ વડીલો ને કહ્યું કે પાપ નું પ્રાયશ્ચિત કરવું હોઈ તો શિવા ની ખબર પૂછવા ભાવનગર જાવ.. મહેશ ના મૃત્યુ બાદ છેલ્લા 6મહિના થી હોસ્પિટલ માં કોમાની હાલત માં છે..

છ મહિના થી શિવા કોમા માં છે એ વાત સાંભળી ને ત્રણેય જણા થી એકીસાથે ખરેખર હે....હે...હોઈ.. નહી..ખરેખર.. બોલાઈ ગયું.

સમચાર સાંભળતા વેંત ફઈબા ધ્રૂસ્કે ને ધ્રૂસકે રડવા લાગ્યા. રડતા રડતા ફઈબા બોલ્યાં કે મારી જીભ એ દિવસે કેમ કપાઈ નાં ગઈ? સાચા અર્થમાં શિવા ની હાલત ની જિમ્મેદાર તો હું જ છું..

બાં એ ફઈબા સામુ જોઈને કહ્યું કે ના..નાં.. બહેન મારા મહેશ ની પરણિતા ને વિના વાંકે સજા આપવા નું અધમ કૃત્ય મારા થી જ થયું છે...

બાપુજી એ મોટા દીકરા ને બીજે દિવસ સવાર માં વહેલા ટેક્સી ભાવનગર માટે બુક કરવાનું બોલીને શિવા ની ખબર અંતર પૂછવા ભાવનગર જવાનું નક્કી કર્યું.

બપોર ના 2:30 વાગ્યે હોસ્પિટલનાં પાર્કિંગમાં ટેક્સી પાર્ક થઈ એમાંથી ઉતરીને બા,બાપુજી,ફઈબા અને શિવા ના મોટા જેઠ હોસ્પિટલની અંદર પ્રવેશ્યા..

હોસ્પિટલના રિસેપ્શન માંથી શિવા ના જેઠ એ દર્દી વિશે માહિતીઓ પ્રાપ્ત કરીને ત્રણેય જણાં હોસ્પિટલ નાં થર્ડ ફ્લોર પર આવેલ આઈ.સી.યુ રૂમ 4 ની તરફ જવા નીકળી ગયા.

આઈ સી યુ ની બહાર મૂકેલા સોફા પર બેઠેલા કુસુમ કાકી ને દૂર થી શિવા નાં સાસુ,સસરા,ફઈજી અને જેઠ એના તરફ આવતા નજરે દીઠા.આ ... છ મહિના બાદ પુત્રવધુની ખબર અંતર પૂછવા આવતા દીકરી ના સાસરિયા ને જોઈને કુસુમ કાકીને મનોમન ગુસ્સો તો ખૂબ આવ્યો પણ વ્યક્ત કરવાના બદલે શાંત રહેવાનું પસંદ કર્યું, કેમ? શિવાના સાસરિયા પર જુવાન જોધ દીકરો ગુમાવ્યાનું દુઃખ વધારે હતું.દીકરી ના સાસરિયાં ને કુસુમ કાકી એ એકપણ ફરિયાદ કર્યા વગર આવકારી ને આઈ.સી.યુ બહાર ના સોફા પર બેસવા ઈશારો કર્યો.

કુસુમ કાકી ને ભેટીને રડતા રડતા બા બોલ્યા કે માફ કરજો બેન,પુત્રવધુ ની ખબર અંતર પૂછવા આવવામાં અમારા થી મોડું થઈ ગયું,શું કરીએ?માણસના જીવનમાં દુઃખ બોલીને આવતું નથી એટલે તો અચાનક દુઃખ પડતાં માણસ મૃત સ્વજન ના સ્મરણ માં ખુદના અસ્તિત્વ ને ભૂલી જતા હોય છે.

આઇ.સી.યુ ની કાચની બારી માંથી શિવા ને નિહાળી ને બાપુજી દુઃખી થતા બોલ્યાં કે ભગવાન ભોળાનાથ, દુશ્મન ને પણ આવા દિવસો દેખાડતો નહી..

બા અને ફઈબા એ કુસુમ કાકી નો હાથ મજબૂતી થી પકડી ને વચન આપતા કહ્યું કે બેન,આજ થી શિવા અમારી દિકરી છે એટલે ચિંતા ન કરતા "શિવા ના અસ્તિત્વ ની લડાઈ" માં અમે પણ તમને લાઈફ ટાઈમ પૂરેપૂરો સાથ આપશું..

# બોક્સ પર શુક્રવાર સુસ્ત...!

## મૃણાલ-સિદ્ધાંતની 'દો દીવાને શહર મેં' -તાપસીની 'અસ્સી'ની નબળી શરૂઆત, નવી ફિલ્મો પર 'ઓ રોમિયો' ભારે પડી



(એજન્સી) મુંબઇ તા.21

મૃણાલ ઠાકુર અને સિદ્ધાંત ચતુર્વેદી સ્ટારર ફિલ્મ 'દો દીવાને શહર મેં' અને તાપસી પન્નુની ફિલ્મ 'અસ્સી' શુક્રવારે સિનેમાઘરોમાં રિલીઝ થઈ, પરંતુ પહેલા જ દિવસે બોક્સ ઓફિસ પર સંતોષકારક પ્રદર્શન કરી શકી નહીં.

જ્યાં 'દો દીવાને શહર મેં' 1.25 કરોડ રૂપિયા કમાઈ શકી, ત્યાં 'અસ્સી'એ માત્ર 1 કરોડ રૂપિયાની ઓપનિંગ કરી. બંને ફિલ્મોની પહેલા દિવસની કમાણી 13 ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી 'ઓ રોમિયો'ના આઠમા દિવસના કલેક્શન 2.2 કરોડ રૂપિયાથી પણ ઓછી રહી.

સેકનિલ્ક (બોક્સ ઓફિસની માહિતી આપતી વેબસાઈટ)ની રિપોર્ટ અનુસાર, 'દો દીવાને શહર મેં'ના પહેલા દિવસે સવારના શોમાં ફિલ્મની ઓક્યુપન્સી 55.77% રહી, જે બપોરે ઘટીને 8.48% અને રાત્રે 14.96% સુધી પહોંચી ગઈ. ફિલ્મને એક ઈમ્પરફેક્ટ લવ સ્ટોરી તરીકે રજૂ કરવામાં આવી છે, પરંતુ ઓપનિંગ ડે પર તેની અસર મર્યાદિત રહી.

### 'અસ્સી'ની ઓક્યુપન્સી

અનુભવ સિંહાના ડિરેક્શનમાં બનેલી 'અસ્સી' એક કોર્ટરૂમ ડ્રામા છે, જેમાં રેપ કેસની વાર્તા દર્શાવવામાં આવી છે. ફિલ્મની ઓક્યુપન્સી સવારે 3.88%, બપોરે 7.24% અને સાંજે 6.92% રહી. રસપ્રદ વાત એ છે કે, ચેન્નઈમાં ફિલ્મનું પ્રદર્શન સારું રહ્યું, જ્યાં ઓક્યુપન્સી લગભગ 20% સુધી પહોંચી.

### 'ઓ રોમિયો'ની કમાણીમાં ઘટાડો થયો

બીજી તરફ, શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી સ્ટારર 'ઓ રોમિયો'ની કમાણીમાં પણ ઘટાડો નોંધાયો છે. સેકનિલ્ક અનુસાર, ફિલ્મે બીજા શુક્રવારે એટલે કે આઠમા દિવસે 2.2 કરોડ રૂપિયા કમાયા, જે અત્યાર સુધીનું સૌથી ઓછું કલેક્શન છે. દેશભરમાં તેનું નેટ કલેક્શન 49.35 કરોડ રૂપિયા અને ગ્રોસ 58.15 કરોડ રૂપિયા થઈ ગયું છે. વર્લ્ડવાઈડ કલેક્શન 75.15 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે, જેમાં 17 કરોડ રૂપિયા વિદેશી બજારમાંથી સામેલ છે.

### 'તું યા મૈં'એ 20 લાખ રૂપિયા કમાયા

અનિલ કપૂરની ભત્રીજી અને સંજય કપૂરની દીકરી શનાયા કપૂર, આદર્શ ગૌરવ અને પારુલ ગુલાટીની ફિલ્મ 'તું યા મૈં'ની હાલત પણ નબળી રહી. ફિલ્મે ઓપનિંગ ડે પર 60 લાખ રૂપિયાની કમાણી કરી હતી. આઠમા દિવસે તેની કમાણી 20 લાખ રૂપિયા રહી. આ સાથે જ દેશભરમાં તેનું કુલ કલેક્શન 4.65 કરોડ રૂપિયા સુધી પહોંચી શક્યું છે.

# કમલ હાસન અને રજનીકાંત 47 વર્ષ પછી સાથે ફિલ્મ કરશે

**ફિલ્મ નિર્માતાઓ દ્વારા સત્તાવાર જાહેરાત : બંને મેગા સ્ટાર અગાઉ જુદી જુદી ભાષાની 21 ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે...**



મુંબઈ : સાઉથના બે મેગા સ્ટાર કમલ હાસન અને રજનીકાંત એક ફિલ્મમાં સાથે આવી રહ્યાની ચર્ચાઓ લાંબા સમયથી હતી. હવે આ ફિલ્મના નિર્માતાઓએ તેની સત્તાવાર પુષ્ટિ કરી છે. આશરે ૪૭ વર્ષ પછી બંને સ્ટાર્સ એક ફિલ્મમાં સાથે દેખાશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આ ફિલ્મનું ટીઝર અપાયું હતું. જોકે, વધારે વિગતો શનિવારે જાહેર કરાશે તેમ જણાવાયું હતું.

હજુ થોડા મહિના પહેલાં જ કમલ હાસન અને રજનીકાંત બંનેએ સંકેત આપ્યો હતો કે તેઓ એક ફિલ્મમાં સાથે સ્ક્રીન શેર કરવાના છે. રજનીકાંતની દીકરી સૌંદર્યાએ પણ તેના પિતા અને કમલહાસન સાથે ફિલ્મ કરવાના હોવાનું કહ્યું હતું.

આ બંને મેગા સ્ટાર્સ અત્યાર સુધીમાં તમિલ, તેલુગુ અને હિન્દી ભાષામાં કુલ ૨૧ ફિલ્મો સાથે કરી ચૂક્યા છે. તેમાંની કેટલીક ફિલ્મોમાં તેમણે કેમિયો કર્યો હતો.

# રણવીર સિંહ પાસે ₹20 કરોડની ખંડણી માંગનાર સામે મોટી કાર્યવાહી



## લોરેન્સ ગેંગના સભ્ય હેરી બોક્સર વિરુદ્ધ લુક આઉટ સર્ક્યુલર જારી...

મુંબઈ | બોલિવૂડના 'ધુરંધર' એક્ટર રણવીર સિંહને કથિત રીતે ખંડણીની ધમકી આપવાના મામલે લોરેન્સ ગેંગના શંકાસ્પદ સભ્ય હેરી બોક્સર વિરુદ્ધ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે લુક આઉટ સર્ક્યુલર (LOC) જારી કર્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે, 'રણવીર સિંહને તેમના મેનેજરના ફોન નંબર પર વોટ્સએપ વોઈસ નોટ દ્વારા ધમકી મળી હતી. મેસેજ મોકલનારે પોતાને હેરી બોક્સર ગણાવ્યો અને 20 કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી.'

પોલીસે પુષ્ટિ કરી કે, વોઈસ નોટ મોકલવામાં વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક (VPN) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેથી મોકલનારની નેટવર્ક ઓળખ અને લોકેશન છુપાવી શકાય. ધમકી ભરેલી ઓડિયો ક્લિપને વેરિફિકેશન માટે પંજાબ અને હરિયાણા મોકલવામાં આવી છે. 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'ના રિપોર્ટ અનુસાર, રણવીર સિંહને રોહિત શેટ્ટીના ઘરે થયેલી ફાયરિંગ બાદ 2 ફેબ્રુઆરીએ ધમકી મળી હતી.

જોકે, આ સમાચારની જાણકારી 10 ફેબ્રુઆરીએ મીડિયામાં આવી. ધમકી બાદ રણવીરના ઘરની સુરક્ષા વધારવામાં આવી. મામલો મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવ્યો. રણવીર અને દીપિકાએ પ્રાઈવેટ સિક્યોરિટી પણ વધારી છે. છ હથિયારબંધ સુરક્ષા ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે.

આ પછી 13 ફેબ્રુઆરીએ રણવીર સિંહ અને રોહિત શેટ્ટીને ઓડિયો ક્લિપ મારફતે વધુ એક ધમકી મળી હતી. ક્લિપમાં બોલનાર વ્યક્તિએ પોતાને હેરી બોક્સર ગણાવતા કહ્યું હતું કે, 'હવે અમે તમને બતાવીશું કે અમારી તાકાત સામે તમારી સાત પેઢીઓ પણ કંઈ બગાડી શકશે નહીં. તમારા બધા મેનેજર ક્યાં રહે છે, ક્યારે આવે છે-જાય છે અને પરિવાર ક્યાં રહે છે, તે બધું જ ખબર છે. સંભાળી જાઓ, નહીં તો એક-એક મેનેજરને નિશાન બનાવવાનું શરૂ કરીશું.' આ ધમકીભરી ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સામે આવ્યા બાદ મુંબઈ પોલીસે રણવીર અને રોહિત શેટ્ટીના મેનેજરોના નિવેદન નોંધ્યા હતા.

હેરી બોક્સરનું સાચું નામ હરિચંદ જાટ છે, જે લોરેન્સ ગેંગનો સક્રિય સભ્ય માનવામાં આવે છે. હેરી રાજસ્થાનના અલવર જિલ્લાનો રહેવાસી છે અને પહેલા રાજસ્થાનના જયપુરમાં બોક્સિંગ કોચ હતો, જેના કારણે તેને 'બોક્સર' નામ મળ્યું. તેની સામે રાજસ્થાન, પંજાબ અને દિલ્હીમાં ખંડણી, લૂંટ અને હત્યાના પ્રયાસના કેસ નોંધાયેલા છે.



# સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ એઆર રહેમાન ઝૂક્યા : 'વીરા રાજા વીરા' ગીતમાં જુનિયર ડાગર બ્રધર્સને ક્રેડિટ આપશે

(એજન્સી) મુંબઇ તા.21

ઓસ્કર વિજેતા સંગીતકાર એ.આર. રહેમાન હાલમાં વિવાદોમાં સપડાયેલા છે. તેવામાં શુક્રવારે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ સંગીતકાર ફિલ્મના ગીતમાં ક્રેડિટ આપવા મામલે ઝૂક્યા હતા. એ.આર. રહેમાને શુક્રવારે સુપ્રીમ કોર્ટ સમક્ષ એક મહત્વપૂર્ણ નિર્ણય બાદ સંમતિ દર્શાવી. તેમણે કહ્યું કે, ફિલ્મ 'પોન્નિયિન સેલ્વન-2'ના ગીત 'વીરા રાજા વીરા'માં ડાગર પરંપરાના પ્રતિષ્ઠિત સંગીતકાર જુનિયર ડાગર બ્રધર્સનું નામ ઉમેરવામાં આવશે. હવે ગીતની સત્તાવાર ક્રેડિટ સૂચિમાં તેમનું નામ અને યોગદાન સામેલ કરવામાં આવશે.

'હિન્દુસ્તાન ટાઈમ્સ'ના અહેવાલ મુજબ, સુપ્રીમ કોર્ટની બેન્ચ, જેનું નેતૃત્વ મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતે કર્યું હતું. તેમણે રહેમાન અને ફિલ્મ નિર્માતાઓને નિર્દેશ આપ્યો છે કે, તેઓ આ નવી ક્રેડિટને પાંચ અઠવાડિયાની અંદર તમામ સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ્સ પર નોંધાવે. અદાલતે સ્પષ્ટ કર્યું કે, આ સંમતિનો અર્થ એ નથી કે મુખ્ય કોપીરાઈટ મુકદમાના અન્ય પાસાઓ પર કોઈપણ પ્રકારની અસર પડશે. તે કેસ હજુ પણ તેની પ્રક્રિયા હેઠળ ચાલુ રહેશે. રહેમાનના વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ બોર્ડને જણાવ્યું કે, આ સંમતિ પૂર્વગ્રહ વિના આપવામાં આવી છે અને તેનો અધિકૃત મુકદમામાં રહેમાનના પક્ષને પ્રભાવિત થવા દેવામાં આવશે નહીં. કોર્ટે માન્યું કે, ભારતના શાસ્ત્રીય સંગીત વારસાને માન્યતા અને સન્માન આપવું જરૂરી છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે, 'ડાગર પરંપરા, જેને ડાગરવાણી ધ્રુપદ કહેવાય છે, તે ભારતીય શાસ્ત્રીય સંગીતની એક અમૂલ્ય ધારા રહી છે અને તેનું યોગદાન અદ્વિતીય છે. આ જ કારણ છે કે અદાલતે ક્રેડિટમાં સુધારો કરવાની સલાહ આપી.'

# કોકટેલ ટુમાં રશ્મિકા અને ક્રિતી લેસ્બિયન કપલ હશે તેવી ચર્ચા...

મુંબઈ : રશ્મિકા મંદાના, ક્રિતી સેનન તથા શાહિદ કપૂરની ફિલ્મ 'કોકટેલ ટુ'ની સ્ટોરીની વિગતો ચર્ચાવા લાગી છે. એક દાવા મુજબ આ ફિલ્મમાં રશ્મિકા અને ક્રિતી સેનન લેસ્બિયન કપલની ભૂમિકામાં હશે. જ્યારે તેમના પ્રણય ત્રિકોણમાં ત્રીજાં પાત્રની ભૂમિકા શાહિદ કપૂરની હશે.

જોકે, આ દાવો સાચો છે કે કે તે કન્ફર્મ નથી. ફિલ્મના સર્જકો દ્વારા આ બાબતે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. ફિલ્મનું શૂટિંગ ગયા મહિને પૂર્ણ થઈ ચૂક્યું હોવાની જાહેરાત ડાયરેક્ટર હોમી અડજાણિયાએ કરી હતી. ફિલ્મની રીલિઝ ડેટ વિશે હજુ સુધી કોઈ સત્તાવાર ઘોષણા કરાઈ નથી. જોકે, અટકળો એવી છે કે આ ફિલ્મ મોટાભાગે આગામી સપ્ટમ્બરમાં રીલિઝ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૨માં આવેલી ફિલ્મ 'કોકટેલ' પણ પ્રણયત્રિકોણ આધારિત હતી અને તેમાં સૈફ અલી ખાન, દીપિકા પદુકોણ તથા ડાયના પેન્ટીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# શિલ્પાના પતિ રાજ કુન્દ્રાને મોટી રાહત!

## ₹150 કરોડના બિટકોઈન સ્કેમમાં મુંબઈની સ્પેશિયલ કોર્ટે આપ્યા જામીન, EDએ કસ્યો હતો ગાળિયો...

(એજન્સી) મુંબઈ તા.21

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા ફરી એકવાર કાયદાકીય ગુંચવણમાં ફસાયા હતા, પરંતુ આ વખતે તેમને કોર્ટમાંથી રાહત મળી છે. 150 કરોડના બિટકોઈન પોન્ઝી સ્કેમમાં મુંબઈની સ્પેશિયલ PMLA કોર્ટે રાજ કુન્દ્રાને જામીન આપ્યા છે. ગતરોજ જ કોર્ટે ઈડી (ED) દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટની નોંધ લઈને કુન્દ્રા વિરુદ્ધ સમન્સ જારી કર્યું હતું.

અમિત ભારદ્વાજ નામના શખ્સ દ્વારા ચલાવવામાં આવતા કુખ્યાત 'ગેન બિટકોઈન પોન્ઝી સ્કેમ'માં રાજ કુન્દ્રાનું નામ સામે આવ્યું હતું. તપાસ એજન્સી ED મુજબ, રાજ કુન્દ્રાને યુક્રેનમાં બિટકોઈન માઈનિંગ ફાર્મ સ્થાપવા માટે આ કૌભાંડના માસ્ટરમાઈન્ડ અમિત ભારદ્વાજ પાસેથી 285 બિટકોઈન મળ્યા હતા. જોકે, આ ડીલ ક્યારેય પૂરી થઈ નહોતી, પરંતુ EDનો દાવો છે કે આ 285 બિટકોઈન હજુ પણ રાજ કુન્દ્રા પાસે જ છે, જેની વર્તમાન કિંમત 150 કરોડથી વધુ થાય છે.

EDએ સપ્ટેમ્બર 2025માં દાખલ કરેલી સપ્લીમેન્ટરી ચાર્જશીટમાં રાજ કુન્દ્રા અને દુબઈ સ્થિત ઉદ્યોગપતિ રાજેશ સતીજાને આરોપી બનાવ્યા છે. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર રાજ કુન્દ્રાએ પોતાને માત્ર એક મધ્યસ્થી (મીડિયેટર) ગણાવ્યા હતા, પરંતુ તે આ બાબતે કોઈ નક્કર પુરાવા રજૂ કરી શક્યા નથી.



એજન્સીનો દાવો છે કે સાત વર્ષ વીતી ગયા હોવા છતાં કુન્દ્રાને પાંચ હપ્તામાં મળેલા બિટકોઈનની ચોક્કસ સંખ્યા યાદ છે, જે સાબિત કરે છે કે તેઓ આ વ્યવહારના વાસ્તવિક લાભાર્થી છે. 'ટર્મ શીટ' નામના કરાર પરથી સ્પષ્ટ થાય છે કે આ વ્યવહાર સીધો અમિત ભારદ્વાજ અને રાજ કુન્દ્રા વચ્ચે જ હતો.

સ્પેશિયલ કોર્ટે બંને આરોપીઓને 19 જાન્યુઆરીએ હાજર થવા સૂચના આપી હતી. જોકે, હવે આ મામલે રાજ કુન્દ્રાને જામીન મળી જતાં તેમને હાલ પૂરતી મોટી રાહત મળી છે. રાજ કુન્દ્રા અગાઉ પણ પોર્નોગ્રાફી કેસમાં જેલ જઈ ચૂક્યા છે, જેના કારણે આ નવો કેસ તેના માટે વધુ મુશ્કેલીઓ ઉભી કરી શકે તેમ હતો.

# કાજોલને દર્શાવતું અશ્લીલ કન્ટેન્ટ દૂર કરવા હાઈકોર્ટનો આદેશ...




મુંબઈ : દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ અભિનેત્રી કાજોલના પર્સનાલિટી રાઈટ્સનું સંરક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત કાજોલને દર્શાવતાં તમામ પ્રકારનાં અશ્લીલ કન્ટેન્ટ પણ ઓનલાઈન પ્લેટફોર્મ્સ પરથી દૂર કરવાનો આદેશ અપાયો છે. એક વચગાળાની રાહત આપતા ચુકાદામાં હાઈકોર્ટે એમ પણ જણાવ્યું હતું કે ઓનલાઈન કમર્શિયલ હેતુથી કાજોલનું નામ કે તેની તસવીરો કે તેની પર્સનાલિટી સાથે સંકળાયેલી અન્ય કોઈપણ બાબતોનો ઉપયોગ કરી શકાશે નહિ.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે એઆઈ ટૂલ્સની મદદથી કાજોલને દર્શાવતું ડીપ ફેક કન્ટેન્ટ ન સર્જાય અને અત્યાર સુધીમાં મૂકાયેલું કન્ટેન્ટ દૂર થાય તે માટે આ આદેશો જારી કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે નજીકના ભૂતકાળમાં અનિલ કપૂર અને ઐશ્વર્યા રાય સહિત અનેક કલાકારો પોતાના પર્સનાલિટી રાઈટ્સના પ્રોટેક્શન માટે હાઈકોર્ટમાંથી આ પ્રકારની રાહત મેળવી ચૂક્યા છે.



# સાપના ઝેર કેસમાં એલ્વિશ યાદવ પર સુપ્રીમ કોર્ટની લાલ આંખ : કહ્યું- 'સેલિબ્રિટી છો એટલે મનમાની ન કરી શકો'; સાપના ઉપયોગની પરવાનગી અંગે સ્પષ્ટતા માંગી

(એજન્સી) મુંબઈ તા.21

પોપ્યુલર યુટ્યુબર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર એલ્વિશ યાદવને સાપના ઝેર (સ્નેક વેનમ) કેસમાં સુપ્રીમ કોર્ટે ઠપકો આપ્યો છે. કોર્ટે કહ્યું કે, જો કોઈ પ્રખ્યાત વ્યક્તિ કાયદાની અવગણના કરીને વન્યજીવોનો દુરુપયોગ કરે છે, તો તે સમાજ માટે ખૂબ જ ખોટો સંદેશ આપે છે. આ સાથે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે, આ મામલે વાઈલ્ડલાઈફ (પ્રોટેક્શન) એક્ટ, 1972ની જોગવાઈઓ હેઠળ ફરિયાદની તપાસ કરવામાં આવશે અને એ જોવામાં આવશે કે ક્યાંક કાયદાનું ઉલ્લંઘન તો નથી થયું.

'પ્રખ્યાત વ્યક્તિએ પ્રાણીનો ઉપયોગ કરીને સમાજને ખોટો સંદેશ આપ્યો છે' 'ઈન્ડિયા ટુડે'ના રિપોર્ટ અનુસાર, એક બેન્ચ જેમાં જસ્ટિસ એમ.એમ. સુંદરશ અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહ સામેલ છે, એલ્વિશની તે અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં તેમણે ચાર્જશીટ અને આ ગુનાહિત કાર્યવાહીને પડકારી હતી. અદાલતે કહ્યું કે, 'જો તમારા જેવા પ્રખ્યાત વ્યક્તિ વન્યજીવો જેવા 'બોલવામાં અસમર્થ' પ્રાણીઓનો ઉપયોગ કરી શકે છે, તો તે સમાજને ખોટો સંદેશ આપશે.' કોર્ટે એમ પણ કહ્યું કે, 'કોઈ એમ ન કહી શકે કે તે મનસ્વી રીતે જે ઈચ્છે તે કરે.' એલ્વિશ યાદવના વકીલ, વરિષ્ઠ અધિવક્તા મુક્તા ગુપ્તાએ કોર્ટને જણાવ્યું કે, એલ્વિશ યાદવ ન તો સાપનો માલિક હતો અને ન તો તેણે પોતે કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ થવાનું કાર્ય કર્યું. તેના મુજબ, તે ફક્ત એક મ્યુઝિક વીડિયો શૂટ માટે મહેમાન તરીકે હાજર હતો, જેમાં સિંગર ફાઝિલપુરિયા પણ સામેલ હતો. તેમણે એમ પણ કહ્યું કે, તે સાપ પાસે ઝેરની કોથળી (venom sacs) અને દાંત નહોતા, અને સાથે જ એવો દાવો કર્યો કે, પ્રોડ્યુસરે જરૂરી પરવાનગી લીધી હતી. જ્યારે વહીવટીતંત્ર દ્વારા કહેવામાં આવ્યું કે, પોલીસે આ મામલે ઘણા સાપ સહિત સંભવિત ઝેર જપ્ત કર્યા છે, અને એ પણ તપાસ કરવામાં આવી રહી છે કે શું ગેરકાયદેસર રીતે ઝેર કાઢવામાં આવ્યું હતું કે તેનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. કોર્ટે પ્રોસિક્યુશનને નિર્દેશ આપ્યો કે, તે સ્પષ્ટ કરે કે શું પ્રોડક્શને તમામ જરૂરી પરવાનગીઓ લીધી હતી કે નહીં.


આ મામલો નોઈડાની રેવ પાર્ટીઓ સાથે સંબંધિત છે, જ્યાં આરોપ છે કે સાપ અને તેના ઝેરનો ઉપયોગ મનોરંજન અને નશીલા પદાર્થ તરીકે કરવામાં આવ્યો હતો. આ મામલે નવેમ્બર 2023માં FIR નોંધવામાં આવી હતી અને એલ્વિશ યાદવને જામીન પણ મળ્યા હતા. કોર્ટે આ મામલાની આગામી સુનાવણી માટે રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે અને આ મુદ્દો આગામી સુનાવણીમાં વિગતવાર જોવામાં આવશે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

# લિયોનલ મેસી સન હ્યુંગ-મિન ફૂટબોલ જંગ સીઝન પ્રારંભ

## મેજર લીગ સોકર ખિતાબ સંરક્ષણ, ઈન્ટર મિયામી વિરુદ્ધ લોસ એન્જલસ

(એજન્સી) લોસ એન્જલસ । તા. 21






ફૂટબોલ પ્રેમીઓ માટે શનિવારની રાત રોમાંચક બનવાની છે, કારણ કે મેજર લીગ સોકર (MLS) ની નવી સીઝનના ઉદઘાટન મુકાબલામાં બે મહાન ખેલાડીઓ આમને-સામને હશે. ઈન્ટર મિયામીના જાદુઈ ખેલાડી લિયોનલ મેસી અને લોસ એન્જલસ એફસી (LAFC) ના કોરિયન સ્ટાર સન હ્યુંગ-મિન વચ્ચેનો આ જંગ લોસ એન્જલસ મેમોરિયલ કોલિઝિયમ ખાતે રમાશે. ખિતાબ બચાવવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર ઈન્ટર મિયામી માટે આ મેચ અત્યંત મહત્વની છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સ્નાયુની ઈજાને કારણે પ્રી-સીઝન મેચો ગુમાવનાર લિયોનલ મેસી હવે સંપૂર્ણ સ્વસ્થ છે અને તેણે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. ઈન્ટર મિયામીના મેનેજર જેવિયર માસ્ચેરાનોએ પુષ્ટિ કરી છે કે મેસી ટીમની આગેવાની કરવા માટે સજ્જ છે. ટીમમાં નવા સ્ટ્રાઈકર જર્મન બર્ટેરામનો સમાવેશ થવાથી આક્રમણ વધુ મજબૂત બન્યું છે. જો બર્ટેરામ ઉપલબ્ધ ન હોય, તો ૩૯ વર્ષીય અનુભવી ખેલાડી લુઈસ સુઆરેઝને શરૂઆતની મિનિટોથી જ મેદાનમાં ઉતારવામાં આવી શકે છે.

# ફ્લોયડ મેવેધર પ્રોફેશનલ બોક્સિંગ વાપસી નવો ઈતિહાસ



લોસ એન્જલસ | બોક્સિંગ જગતના સૌથી ધનાઢ્ય અને વિવાદાસ્પદ ખેલાડી ફ્લોયડ મેવેધરે નિવૃત્તિમાંથી બહાર આવીને ફરી એકવાર પ્રોફેશનલ રિંગમાં ઉતરવાની જાહેરાત કરી છે. ૪૮ વર્ષીય મેવેધરે શુક્રવારે જણાવ્યું હતું કે, આ વસંતઋતુમાં દિગ્ગજ માઈક ટાયસન સામેની પ્રદર્શન મેચ બાદ તેઓ અધિકૃત રીતે પ્રોફેશનલ બોક્સિંગમાં પુનરાગમન કરશે. ૨૦૧૭માં ૫૦-૦ ના અજેય રેકોર્ડ સાથે નિવૃત્ત થયેલા મેવેધરના આ નિર્ણયથી રમત જગતમાં ભારે ઉત્તેજના ફેલાઈ છે. મેવેધરે એક નિવેદનમાં આત્મવિશ્વાસ સાથે કહ્યું છે કે તેઓ હજુ પણ બોક્સિંગમાં નવા રેકોર્ડ બનાવવા માટે સક્ષમ છે. તેમણે દાવો કર્યો છે કે તેમની આગામી મેચો વિશ્વભરમાં સૌથી વધુ જોનારા અને સૌથી વધુ કમાણી કરનારી ઘટનાઓ સાબિત થશે.

# ફિટ ઈન્ડિયા સન્ડે સાયકલિંગ અભિયાન દિલ્હી માંડવિયા નેતૃત્વ



નવી દિલ્હી | ભારત વર્ષ ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવા માટે સજ્જ છે ત્યારે દેશમાં ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવા માટે ૨૨ ફેબ્રુઆરીએ 'ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલ' ની ૬૨મી આવૃત્તિનું દેશવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા દિલ્હીના મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ ખાતેથી આ વિશાળ સાયકલ રેલીનું નેતૃત્વ કરશે. આ કાર્યક્રમ કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) ના ૭૫ વર્ષની સેવા અને સામાજિક સુરક્ષાની ઉજવણી સાથે જોડાશે, જેનો મુખ્ય હેતુ સ્વસ્થ અને સક્રિય ભારતનું નિર્માણ કરવાનો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ૨૦૩૦ ની કોમનવેલ્થ ગેમ્સની યજમાનીના અધિકારો ગુજરાતના અમદાવાદને ફાળવવામાં આવ્યા છે. આ સિદ્ધિ ભારતને ૨૦૪૭ સુધીમાં વૈશ્વિક રમતગમત મહાશક્તિ બનાવવાના લક્ષ્યમાં એક મહત્વનું સીમાચિહ્ન છે. ડો. માંડવિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન મુજબ ભારત ૨૦૩૬ માં ઓલિમ્પિક ગેમ્સની યજમાની કરવા માટે પણ મજબૂત દાવેદારી રજૂ કરી ચૂક્યું છે.



# કાર્લોસ અલ્કારાઝ કતાર ઓપન ફાઈનલ જીત શાનદાર પ્રદર્શન

(એજન્સી) દોહા । તા. 21

વિશ્વના પ્રથમ ક્રમાંકિત ટેનિસ ખેલાડી કાર્લોસ અલ્કારાઝે કતાર ઓપન ૨૦૨૬ માં પોતાની વિજયી કૂચ જારી રાખતા ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શુક્રવારે રાત્રે રમાયેલા અત્યંત રોમાંચક સેમીફાઈનલ મુકાબલામાં સ્પેનિશ સ્ટાર અલ્કારાઝે ડિફેન્ડિંગ ચેમ્પિયન આન્દ્રે રુબલેવને સીધા સેટમાં હરાવીને ટાઈટલ જંગમાં જગ્યા બનાવી છે. આ જીત સાથે અલ્કારાઝે ૨૦૬ ની સીઝનમાં પોતાની સતત ૧૧મી જીત નોંધાવી છે, જે તેની શાનદાર ફોર્મની સાક્ષી પૂરે છે.

બે કલાક અને બે મિનિટ સુધી ચાલેલા આ સંઘર્ષપૂર્ણ મેચમાં અલ્કારાઝે ૭-૬(૩), ૬-૪ થી વિજય મેળવ્યો હતો. પ્રથમ સેટમાં રુબલેવે અલ્કારાઝને આકરી ટક્કર આપી હતી, પરંતુ ટાઈ-બ્રેકરમાં અલ્કારાઝે પોતાનો સંયમ જાળવી રાખીને સેટ જીતી લીધો હતો. બીજા સેટમાં એક સમયે અલ્કારાઝ ૩-૦ થી આગળ હતો, પરંતુ રુબલેવે જોરદાર વાપસી કરતા મેચ રોમાંચક વળાંક પર પહોંચી ગઈ હતી. આખરે છઠ્ઠા મેચ પોઈન્ટ પર જીત મેળવીને સ્પેનિશ ખેલાડીએ રુબલેવના અભિયાનનો અંત આણ્યો હતો.

જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપન જીતીને સૌથી નાની ઉંમરે 'કરિયર ગ્રાન્ડ સ્લેમ' પૂર્ણ કરનાર અલ્કારાઝ હાલમાં આત્મવિશ્વાસથી લબાલબ છે. કતાર ઓપનની સફરમાં તેણે ભૂતપૂર્વ ચેમ્પિયન કારેન ખાચાનોવને હરાવ્યા બાદ હવે રુબલેવ જેવા દિગ્ગજને મ્હાત આપી છે. શનિવારે રમાનારી ફાઈનલમાં અલ્કારાઝનો મુકાબલો ફ્રાન્સના આર્થર ફિલ્સ સામે થશે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, ફાઈનલમાં અલ્કારાઝનું પલ્લું ભારે જણાય છે, પરંતુ આર્થર ફિલ્સ પણ ઈજા બાદ શાનદાર વાપસી કરીને ફાઈનલમાં પહોંચ્યો છે. ફિલ્સે અન્ય સેમીફાઈનલમાં જેકુબ મેન્સિકને હરાવીને ઉલટફેર કર્યો હતો. અલ્કારાઝ હવે કતાર ઓપનનું ટાઈટલ જીતીને પોતાની સીઝનની શરૂઆતને વધુ યાદગાર બનાવવા માંગશે. ટેનિસ ચાહકો આ શનિવારે રમાનારા મહામુકાબલાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# એલિસ પેરી ૩૫૦ આં.રા. મેચ રેકોર્ડ સર્જનાર પ્રથમ કાંગારૂ

(એજન્સી) નવી દિલ્હી । તા. 21



ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર એલિસ પેરીએ ક્રિકેટ જગતમાં એક નવો ઈતિહાસ રચી દીધો છે. શનિવારે ભારત વિરુદ્ધ એડિલેડમાં રમાયેલી ત્રીજી T20I મેચમાં મેદાન પર ઉતરતાની સાથે જ પેરી ૩૫૦ આંતરરાષ્ટ્રીય મેચ રમનારી ઓસ્ટ્રેલિયાની પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઈ છે. ૩૫ વર્ષીય પેરીની આ સિદ્ધિ રમત જગતના તમામ ખેલાડીઓ માટે પ્રેરણારૂપ છે. આ યાદીમાં તે હવે ભારતની હરમનપ્રીત કૌર (૩૫૭) અને ન્યુઝીલેન્ડની સુઝી બેટ્સ (૩૫૫) પછી ત્રીજા ક્રમે છે.


એલિસ પેરી માત્ર ક્રિકેટ જ નહીં પરંતુ ફૂટબોલમાં પણ નિષ્ણાત છે. તે ઓસ્ટ્રેલિયા તરફથી ૨૦૧૧ના ફિફા (FIFA) મહિલા વર્લ્ડ કપમાં પણ રમી ચૂકી છે. આ સાથે તે બે અલગ-અલગ રમતના વર્લ્ડ કપમાં પોતાના દેશનું પ્રતિનિધિત્વ કરનારી પ્રથમ મહિલા ખેલાડી બની હતી. પેરીએ ૨૦૦૭માં માત્ર ૧૬ વર્ષની વયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું અને ત્યારથી તે ઓસ્ટ્રેલિયન ટીમનું અભિન્ન અંગ રહી છે.

તો પેરીએ પોતાની કારકિર્દીની શરૂઆત એક ઝડપી બોલર તરીકે કરી હતી અને તે ૯મા ક્રમે બેટિંગ કરતી હતી. જોકે, વર્ષોની સખત મહેનત બાદ તે ટીમની મુખ્ય બેટ્સમેન બની અને હવે ૩ કે ૪ નંબર પર કાયમી સ્થાન ધરાવે છે. તેણે ટેસ્ટમાં ૫૮ની સરેરાશથી ૯૩૦ રન (એક બેવડી સદી સાથે), વન-ડેમાં ૪૫૦૫ રન અને T20I માં ૨૨૦૦ રન બનાવ્યા છે. બોલિંગમાં પણ તેણે ત્રણેય ફોર્મેટમાં થઈને ૩૦૦થી વધુ વિકેટો ઝડપી છે.

પેરી માત્ર આંતરરાષ્ટ્રીય સ્તરે જ નહીં પણ ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ અત્યંત સફળ રહી છે. તેણે ઓસ્ટ્રેલિયા સાથે ૮ વર્લ્ડ ચેમ્પિયનશિપ, સિડની સિક્સર્સ સાથે ૨ WBBL ટાઈટલ અને તાજેતરમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સાથે ૧ WPL ટાઈટલ જીત્યું છે. એડિલેડમાં ભારત સામેની આ મેચ તેની શાનદાર કારકિર્દીનું એક સુવર્ણ પ્રકરણ સાબિત થઈ છે.

# શિખર ધવનના ઘરે વાગી લગ્નની શરણાઈઓ

(એજન્સી) નવી દિલ્હી । તા. 21



ભારતીય ક્રિકેટ જગતનો વિસ્ફોટક બેટ્સમેન અને લાખો ચાહકોનો માનીતો 'ગબ્બર' એટલે કે શિખર ધવન ફરી એકવાર લગ્નગ્રંથિથી જોડાવા જઈ રહ્યો છે. ૪૦ વર્ષની વયે શિખર પોતાની જિંદગીની નવી અને યાદગાર ઈનિંગની શરૂઆત કરવા માટે તૈયાર છે. તે તેની લોન્ગ ટાઈમ ગર્લફ્રેન્ડ સોફી શાઈન સાથે બીજી વખત લગ્ન કરી રહ્યો છે. સોફી શાઈન મૂળ આયર્લેન્ડની વતની છે અને શિખર કરતા પાંચ વર્ષ નાની છે. હાલમાં આ સ્ટાર ક્રિકેટરના લગ્નના પૂર્વ ફંક્શનની તસવીરો સોશિયલ મીડિયા પર આકર્ષણનું કેન્દ્ર બની છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા અહેવાલો મુજબ, શિખર અને સોફીના પ્રી-વેડિંગ ફંક્શન અત્યંત શાહી અંદાજમાં યોજાઈ રહ્યા છે. તાજેતરમાં સોફી શાઈને પોતાના હલ્દી અને મહેંદી ફંક્શનની કેટલીક મનમોહક તસવીરો સાઝી કરી છે. આ તસવીરોમાં આઈરિશ હોવા છતાં સોફી અસલ ભારતીય લુકમાં સજ્જ જોવા મળી રહી છે. હલ્દી ફંક્શન માટે તેણે નારંગી અને લાલ રંગનો ભારે એમ્બ્રોઈડરી કામ ધરાવતો લહેંગો પહેર્યો હતો, જેની સાથે પીળા રંગનો દુપટ્ટો ધારણ કર્યો હતો. સોફીનો આ ગોર્જિયસ અવતાર જોઈને ચાહકો તેના પર આફરીન પોકારી રહ્યા છે.

## હેન્ડસમ ગબ્બર અને શરમાતી દુલ્હનની જોડી

બીજી તરફ, વરરાજા શિખર ધવન પણ પોતાના નવા લુકમાં અત્યંત પ્રભાવશાળી દેખાઈ રહ્યો છે. શિખરે સફેદ સલવાર-કુર્તા સાથે પીળા રંગનું નેહરુ જેકેટ પહેર્યું હતું, જે હલ્દીના ફંક્શનને અનુરૂપ હતું. મીડિયા અહેવાલ મુજબ, આ કાર્યક્રમમાં ચૂડા સેરેમની પણ યોજવામાં આવી હતી, જેમાં સોફીએ હાથમાં પહેરેલા કલીરે ફ્લોન્ટ કર્યા હતા. જ્યારે આ નવદંપતી પર મહેમાનોએ ફૂલોનો વરસાદ કર્યો ત્યારે આખું વાતાવરણ રોમેન્ટિક બની ગયું હતું. સોફી અને શિખરની કેમેસ્ટ્રી તસવીરોમાં સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

## કોણ છે સોફી શાઈન? જાણો તેની શાનદાર કારકિર્દી

ઘણા લોકોના મનમાં પ્રશ્ન છે કે ગબ્બરનું દિલ જીતનાર આ સોફી શાઈન કોણ છે? સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, સોફી એક અત્યંત પ્રતિભાશાળી પ્રોડક્ટ કન્સલ્ટન્ટ છે. તેણે આયર્લેન્ડની કેસલરોય કોલેજમાંથી અભ્યાસ કર્યા બાદ લિમરિક ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી માર્કેટિંગ અને મેનેજમેન્ટની ડિગ્રી મેળવી છે. હાલમાં તે અબુ ધાબીમાં આવેલી પ્રતિષ્ઠિત સંસ્થા 'નોર્ધન ટ્રસ્ટ કોર્પોરેશન'માં સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટ જેવા જવાબદાર હોદ્દા પર કાર્યરત છે. સુંદરતાની સાથે સાથે સોફી બૌદ્ધિક રીતે પણ સક્ષમ છે, જોકે તે લાઈમલાઈટથી દૂર રહીને સાદગીભર્યું જીવન જીવવાનું વધુ પસંદ કરે છે.



# નેમાર ફૂટબોલ નિવૃત્તિ સંકેત સીઝન અંત

(એજન્સી) સાન્તોસ [બ્રાઝિલ] । તા. 21

બ્રાઝિલના સુપરસ્ટાર ફૂટબોલર નેમારે રમત જગતમાં ખળભળાટ મચાવતા સંકેત આપ્યા છે કે તે વર્ષ ૨૦૨૬ ના અંત સુધીમાં વ્યાવસાયિક ફૂટબોલમાંથી નિવૃત્તિ લઈ શકે છે. સતત ઈજાઓ સામે ઝઝૂમી રહેલા ૩૪ વર્ષીય નેમાર હાલમાં પોતાની મૂળ ક્લબ 'સાન્તોસ' માટે રમી રહ્યો છે. જોકે, નિવૃત્તિના વિચાર પહેલાં તેનો મુખ્ય લક્ષ્ય આ વર્ષે યોજનારા ફિફા વર્લ્ડ કપ ૨૦૬ માં બ્રાઝિલનું પ્રતિનિધિત્વ કરવાનો અને ટીમને વિજય અપાવવાનો છે. ડિસેમ્બર ૨૦૨૫ માં ઘૂંટણની સર્જરી બાદ નેમાર ધીમે ધીમે ફિટનેસ મેળવી રહ્યો છે.

## ભવિષ્ય અંગે અનિશ્ચિતતા અને સંઘર્ષ

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, નેમારે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "મને ખબર નથી કે ભવિષ્યમાં શું થશે. એ શક્ય છે કે ડિસેમ્બર સુધીમાં હું નિવૃત્ત થવા માંગુ. હું હાલમાં દિવસ દર દિવસની સ્થિતિ મુજબ જીવી રહ્યો છું." તેણે ઉમેર્યું કે આ વર્ષ માત્ર સાન્તોસ ક્લબ માટે જ નહીં, પરંતુ બ્રાઝિલની રાષ્ટ્રીય ટીમ અને તેના વ્યક્તિગત કરિયર માટે પણ અત્યંત મહત્વનું છે. ઈજાના કારણે લાંબો સમય મેદાનની બહાર રહ્યા બાદ તે હવે ૧૦૦ ટકા ક્ષમતા સાથે વાપસી કરવા માંગે છે.

## વર્લ્ડ કપ ૨૦૨૬ અને એન્સેલોટીની નજર

મીડિયા અહેવાલ મુજબ, બ્રાઝિલના રાષ્ટ્રીય કોચ કાર્લો એન્સેલોટી નેમારની પ્રગતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. ૧૨૮ મેચમાં ૭૯ ગોલ સાથે બ્રાઝિલનો ઓલ-ટાઈમ લીડિંગ સ્કોરર હોવા છતાં, નેમાર ઓક્ટોબર ૨૦૨૩ થી રાષ્ટ્રીય ટીમ (Selecao) માટે રમ્યો નથી. ૨૦૨૬ ના વર્લ્ડ કપમાં બ્રાઝિલ ગ્રુપ-સીમાં છે, જ્યાં તેની પ્રથમ મેચ ૧૩ જૂને મોરોક્કો સામે મેટલાઈફ સ્ટેડિયમમાં રમાશે. નેમાર માટે આ વર્લ્ડ કપ નિવૃત્તિ પહેલાનો છેલ્લો અને સૌથી મોટો પડકાર સાબિત થઈ શકે છે. અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, નેમાર પોતાની ફિટનેસને લઈને કોઈ ઉતાવળ કરવા માંગતો નથી. સાન્તોસ ક્લબના માર્ગદર્શન હેઠળ તે ધીમી ગતિએ પોતાની રિધમ પાછી મેળવી રહ્યો છે. નેમારે કહ્યું કે તે દર્દ અને ડર વગર મેદાનમાં ઉતરવા માંગે છે.

# ક્લેવલેન્ડ કેવેલિયર્સ સતત સાતમી જીત NBA નવો રેકોર્ડ

## બાસ્કેટબોલ લીગમાં કેવેલિયર્સનો દબદબો



(એજન્સી) ક્લેવલેન્ડ । તા. 21

અમેરિકન બાસ્કેટબોલ લીગ (NBA) માં ક્લેવલેન્ડ કેવેલિયર્સની વિજયી કૂચ યથાવત છે. શુક્રવારે રાત્રે રમાયેલા રોમાંચક મુકાબલામાં ક્લેવલેન્ડ કેવેલિયર્સે શાર્લોટ હોર્નેટ્સને ૧૧૮-૧૧૩ થી પરાજય આપીને સીઝનની સતત સાતમી જીત હાંસલ કરી છે. ડોનોવન મિશેલના ૩૨ પોઈન્ટ અને જેરેટ એલનના ૨૬ પોઈન્ટના સથવારે કેવેલિયર્સે વિરોધી ટીમને હચમચાવી દીધી હતી. છેલ્લા ૧૩ મુકાબલામાં આ ટીમની ૧૨મી જીત છે, જે દર્શાવે છે કે હાલમાં આ ટીમ અજેય ફોર્મમાં છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, અનુભવી ખેલાડી જેમ્સ હાર્ડને બીજા હાફમાં શાનદાર વાપસી કરતા ૧૮ પોઈન્ટ અને ૮ આસિસ્ટ નોંધાવ્યા હતા. કેવેલિયર્સની જીતમાં ફ્રી-થ્રો શૂટિંગનો પણ મોટો ફાળો રહ્યો હતો, જેમાં ટીમે ૨૮ માંથી ૨૬ શોટ ચોકસાઈ સાથે માર્યા હતા. જેરેટ એલને ૧૪ રીબાઉન્ડ્સ મેળવીને ડિફેન્સમાં પણ મજબૂત પકડ જાળવી રાખી હતી. બીજી તરફ, હોર્નેટ્સ માટે રુકી કોન ન્યુપેલે ૩૩ પોઈન્ટ નોંધાવ્યા હોવા છતાં તેઓ પોતાની ટીમને હારથી બચાવી શક્યા નહોતા.

મીડિયા અહેવાલ મુજબ, NBA ના અન્ય મુકાબલાઓમાં મિનેસોટા ટિમ્બરવોલ્વ્સે ડલ્લાસ મેવેરિક્સને ૧૨૨-૧૧૧ થી હરાવીને સતત ત્રીજી જીત મેળવી છે. એન્થોની એડવર્ડ્સે ૪૦ પોઈન્ટ સાથે આક્રમક રમત બતાવી હતી. મિલાવુકી બક્સે ન્યૂ ઓર્લિયન્સ પેલિકન્સ સામે ૧૩૯-૧૧૮ થી ભવ્ય વિજય મેળવ્યો હતો, જેમાં કેમ થોમસ અને રેયાન રોલિન્સે ૨૭-૨૭ પોઈન્ટનું યોગદાન આપ્યું હતું. મિયામી હીટે એટલાન્ટા હોક્સને ૧૨૮-૯૭ થી હરાવીને મોટી જીત નોંધાવી છે.

**અંત // મેજર પોર્ટ્સના ખેલાડીઓનું કૌશલ્ય, વિજેતાઓને ટ્રોફી એનાયત કરાઈ**

# કંડલામાં અખિલ ભારતીય બેડમિન્ટન જંગ પૂરો થયો

(એજન્સી) કંડલા । તા. 21




ગુજરાતના કંડલા સ્થિત દીનદયાળ પોર્ટ ઓથોરિટી (DPA) ખાતે આયોજિત ૪૪મી 'ઓલ ઈન્ડિયા મેજર પોર્ટ્સ શટલ બેડમિન્ટન ટુર્નામેન્ટ'નો શુક્રવારે અત્યંત રોમાંચક રીતે સમાપન થયો છે. ચાર દિવસ સુધી ચાલેલી આ સ્પર્ધામાં ભારતભરના મુખ્ય બંદરોની ટીમોએ ભાગ લઈ પોતાની રમતનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. મીડિયા અહેવાલ અનુસાર, આ આયોજનનો મુખ્ય હેતુ બંદરો વચ્ચે ખેલદિલી અને પરસ્પર સૌહાર્દ વધારવાનો રહ્યો હતો.

ટુર્નામેન્ટ દરમિયાન વિવિધ વયજૂથ અને કેટેગરીમાં રસાકસીભરી મેચો જોવા મળી હતી. ૪૫ વર્ષથી વધુ વયની વેટરન્સ મહિલા કેટેગરીમાં મોર્મુગાઓ અને વી.ઓ.સી. (VOC) પોર્ટની ટીમો વિજેતા બની હતી. જ્યારે વેટરન્સ પુરૂષોની સિંગલ્સ અને ડબલ્સ સ્પર્ધામાં વિઝાગ પોર્ટના ખેલાડીઓએ મેદાન માર્યું હતું. જે.એન.પી.એ. (JNPA) ટીમે પણ વેટરન્સ પુરૂષ સિંગલ્સમાં શાનદાર રમત દાખવી ટાઈટલ મેળવ્યા હતા. મિશ્ર ડબલ્સ કેટેગરીમાં ચેન્નાઈ પોર્ટ અને પેરાદીપ પોર્ટની જોડીઓ વિજેતા જાહેર થઈ હતી.

ઓપન કેટેગરીની વાત કરીએ તો, પેરાદીપ પોર્ટની મહિલા ખેલાડીઓએ સિંગલ્સમાં અને ચેન્નાઈ પોર્ટે ડબલ્સમાં શ્રેષ્ઠતા સાબિત કરી હતી. પુરૂષોની ઓપન કેટેગરીમાં કોચીન પોર્ટનો દબદબો જોવા મળ્યો હતો, જ્યાં તેમણે ક્લીન સ્વીપ કરીને તમામ ટ્રોફી પોતાના નામે કરી હતી. ટીમોની સર્વગ્રાહી સફળતામાં વેટરન્સ ટીમ ચેમ્પિયનશિપ વિઝાગ પોર્ટે, મહિલા ટીમ ચેમ્પિયનશિપ પેરાદીપ પોર્ટે અને પુરૂષ ટીમ ચેમ્પિયનશિપ ચેન્નાઈ પોર્ટ ઓથોરિટીએ જીતી લીધી હતી.

સમગ્ર ટુર્નામેન્ટનું સંચાલન ગુજરાત બેડમિન્ટન એસોસિએશનના નેશનલ રેફરીઓની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય રેફરી વિનોદ શાહના માર્ગદર્શન હેઠળ તમામ મેચો નિષ્પક્ષ અને શિસ્તબદ્ધ રીતે રમાઈ હતી. રેફરી ટીમે તમામ ખેલાડીઓની રમત પ્રત્યેની નિષ્ઠા અને રમતગમતની ભાવનાના મુક્ત કંઠે વખાણ કર્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આયોજનની ગુણવત્તા આંતરરાષ્ટ્રીય સ્તરની રહી હતી.

ટુર્નામેન્ટના અંતે યોજાયેલા ભવ્ય ઈનામ વિતરણ સમારોહમાં દીનદયાળ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંહ (IRSME) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ડેપ્યુટી ચેરમેન નિલાભ્ર દાસગુપ્તા (IRS) અને સી.વી.ઓ. જે.કે. રાઠોડ (CPES) સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવોએ વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, ડીપીએ કંડલા દ્વારા આ પ્રકારના આયોજનો ભારતભરના પોર્ટ કર્મચારીઓ વચ્ચે ભાઈચારો મજબૂત કરવા માટે સતત કરવામાં આવે છે.

**ભારતીય ટેનિસ સ્ટારની ઐતિહાસિક જીત**

# વૈષ્ણવી અડકર આઈટીએફ બેંગલુરુ ઓપન સેમીફાઈનલ મોટો ઉલટફેર

(એજન્સી) બેંગલુરુ । તા. 21



ભારતીય ટેનિસની ઉભરતી સ્ટાર વૈષ્ણવી અડકરે આઈટીએફ બેંગલુરુ ઓપનમાં પોતાની જાદુઈ રમત જારી રાખતા સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શુક્રવારે રમાયેલા ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં ૨૧ વર્ષીય વૈષ્ણવીએ મોટો ઉલટફેર કરતા ઓસ્ટ્રેલિયાની ચોથી ક્રમાંકિત ટેલા પ્રિસ્ટનને પરાજય આપ્યો હતો. ૧,૦૦,૦૦૦ ડોલરની ઈનામી રકમ ધરાવતી આ ટુર્નામેન્ટમાં વાઈલ્ડકાર્ડ એન્ટ્રી તરીકે રમી રહેલી વૈષ્ણવીએ વિશ્વના ૧૪૮માં ક્રમાંકિત ખેલાડીને હરાવીને ટેનિસ ચાહકોને ચોંકાવી દીધા છે.

એસ.એમ. ક્રિષ્ના સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં વિશ્વ ક્રમાંક ૬૯૦ ધરાવતી વૈષ્ણવીએ એક કલાક અને ૩૩ મિનિટના સંઘર્ષ બાદ ૬-૩, ૧-૬, ૬-૪ થી જીત મેળવી હતી. અગાઉ બીજા રાઉન્ડમાં તેણે આઠમી ક્રમાંકિત જાપાની ખેલાડી માઈ હોન્ટામાને પણ હરાવી હતી. હવે સેમીફાઈનલમાં વૈષ્ણવીનો સામનો થાઈલેન્ડની બીજી ક્રમાંકિત લાલના તારારુદી સામે થશે. બીજી તરફ, દિલ્હી ઓપનમાં પણ રોમાંચક મુકાબલા જોવા મળ્યા હતા. બીજા ક્રમાંકિત રેઈ સાકામોટોએ ઈટાલીના ફેડેરિકો સીનાને ૬-૭, ૬-૩, ૬-૨ થી હરાવીને સેમીફાઈનલમાં જગ્યા બનાવી છે, જ્યાં તેનો સામનો પાંચમી ક્રમાંકિત ઓલિવર ક્રોફોર્ડ સામે થશે. ગ્રીસના સ્ટેફનોસ સાકેલારિડીસે જાપાનના રિયો નોગુચીને સીધા સેટમાં હરાવીને અન્ય સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ડબલ્સમાં પણ સિદ્ધાંત બાંઠિયા અને એલેક્ઝાન્ડર ડોન્સકીની જોડી સેમીફાઈનલમાં પહોંચી છે. એચસીએલ (HCL) ગ્રુપ દ્વારા ગુરૂગ્રામમાં ૨૩ ફેબ્રુઆરીથી ૧ માર્ચ દરમિયાન આઈટીએફ W15 ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં વિશ્વના ૬૦ થી વધુ ખેલાડીઓ ભાગ લેશે, જેમાં ભારત તરફથી ઝીલ દેસાઈ મુખ્ય પડકાર રજૂ કરશે.

લોહીની નદીઓ વહી અને લાશોના ઢગલા, આખું ગામ ભયના ઓથાર હેઠળ જીવે છે

# નાઈજીરિયામાં હથિયારધારીઓનો ભયાનક નરસંહાર

(એજન્સી) ઝામફારા । તા. 21

પશ્ચિમ આફ્રિકાના દેશ નાઈજીરિયામાં ફરી એકવાર માનવતા હણાઈ હોય તેવી લોહિયાળ ઘટના સામે આવી છે. નાઈજીરિયાના ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં આવેલા ઝામફારા રાજ્યના ટુંગન દુત્સે ગામમાં સશસ્ત્ર હુમલાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કરીને ૫૦ થી વધુ નિર્દોષ લોકોની હત્યા કરી નાખી છે. આ ભયાનક હુમલામાં માત્ર પુરુષો જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં મહિલાઓ અને માસૂમ બાળકોનું પણ અપહરણ કરવામાં આવ્યું છે. સમગ્ર પંથકમાં હાલમાં માતમ અને ભયનો માહોલ વ્યાપેલો છે.

### 10 કલાક સુધી ચાલ્યો મોતનો ખેલ

સ્થાનિક ધારાસભ્ય દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ આતંકી હુમલો ગુરુવારે સાંજે ૫ વાગ્યાની આસપાસ શરૂ થયો હતો. હથિયારધારી ડાકુઓએ આખા ગામને ઘેરી લીધું હતું અને શુક્રવારની વહેલી સવારના ૩:૩૦ વાગ્યા સુધી સતત ગોળીબાર અને લૂંટફાટ ચાલુ રાખી હતી. મીડિયા અહેવાલ મુજબ, હુમલાખોરોએ અનેક મકાનોને આગ ચાંપી દીધી હતી. જ્યારે લોકો પોતાનો જીવ બચાવવા માટે ઘરની બહાર ભાગવા લાગ્યા, ત્યારે ક્રૂર હુમલાખોરોએ તેમની ઉપર પણ ગોળીઓનો વરસાદ વરસાવ્યો હતો, જેના કારણે રસ્તાઓ પર લાશોના ઢગલા જોવા મળ્યા હતા.

આ ઘટના પાછળ સુરક્ષા તંત્રની મોટી નિષ્ફળતા હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. ગામના રહીશોના જણાવ્યા મુજબ, હુમલા પહેલા જ અંદાજે ૧૫૦ થી વધુ મોટરસાઈકલ પર સવાર હથિયારધારી શખ્સોને ગામની આસપાસ જોવામાં આવ્યા હતા. આ બાબતે સ્થાનિક સત્તાધીશો અને સુરક્ષા દળોને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી, પરંતુ દુર્ભાગ્યવશ પ્રશાસને આ ચેતવણીને ગંભીરતાથી લીધી નહોતી. જો સમયસર કાર્યવાહી કરવામાં આવી હોત તો આટલા મોટા નરસંહારને ટાળી શકાયો હોત તેવો સુર



સ્થાનિકોમાં ઉઠ્યો છે.

### ખંડણીખોર ડાકુઓનો વધતો આતંક

નાઈજીરિયામાં છેલ્લા કેટલાક સમયથી 'બંદૂકધારી ડાકુઓ' એક મોટી સુરક્ષા સમસ્યા બની ગયા છે. આ જૂથો મુખ્યત્વે ખંડણી વસૂલવા માટે સામૂહિક અપહરણ અને હત્યાઓ કરે છે. ટુંગન દુત્સે ગામના એક રહેવાસીએ રડતા રડતા જણાવ્યું કે તેણે પોતાના પરિવારના ત્રણ સભ્યોને નજર સામે ગુમાવ્યા છે. હાલમાં અપહરણ કરાયેલી મહિલાઓ અને બાળકોની સંખ્યા જાણવા માટે તપાસ ચાલી રહી છે, પરંતુ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ આંકડો ઘણો મોટો હોઈ શકે છે.

### સુરક્ષા વ્યવસ્થા સામે મોટો પડકાર

આ ઘટનાએ નાઈજીરિયાની સરકાર અને તેની સુરક્ષા નીતિઓ પર અનેક સવાલો ઊભા કર્યા છે. ઉત્તર નાઈજીરિયામાં સતત વધી રહેલા આવા હુમલાઓને કારણે સામાન્ય નાગરિકોમાં અસલામતીની લાગણી વધી રહી છે. સરકાર પર આ ડાકુઓ સામે કડક સૈન્ય કાર્યવાહી કરવાનું ભારે દબાણ છે. હાલમાં ઝામફારા રાજ્યમાં વધારાનું લશ્કર તૈનાત કરવામાં આવ્યું છે, પરંતુ લોકોમાં જે ડર બેસી ગયો છે તેને દૂર કરવો એ વહીવટીતંત્ર માટે સૌથી મોટો પડકાર છે.

ભારત સાથે સંબંધો સુધારવાની કવાયત

## બાંગ્લાદેશ સત્તા સંઘર્ષ તારિક રહેમાન વિરોધ ઉગ્ર બન્યો

(એજન્સી) ઢાંકા । તા. 21



બાંગ્લાદેશના રાજકીય ફલક પર ફરી એકવાર વિવાદના વંટોળ ઉઠ્યા છે. નવા વડાપ્રધાન તરીકે તારિક રહેમાને પદ સંભાળતાની સાથે જ પૂર્વ વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસના સમર્થકો મેદાનમાં આવ્યા છે. નેશનલ સિટીઝન પાર્ટીના સંયોજક નાહિદ ઈસ્લામે સનસનાટીભર્યા આક્ષેપ કર્યા છે કે તારિક રહેમાન ભારત અને પદભ્રષ્ટ નેતા શેખ હસીના સાથે હાથ મિલાવી રહ્યા છે. આ પરિસ્થિતિને જોતા દેશમાં ફરીથી મોટા પાયે આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

તારિક રહેમાને સત્તા સંભાળતાની સાથે જ ભારત સાથેના વણસેલા સંબંધોને પાટા પર લાવવાના પ્રયાસો શરૂ કર્યા છે. અગાઉ મોહમ્મદ યુનુસના શાસનકાળ દરમિયાન ભારત વિરોધી એજન્ડા અને પાકિસ્તાન સાથેની નિકટતા વધારવામાં આવી હતી, જેના કારણે રાજદ્વારી તણાવ પેદા થયો હતો. હવે રહેમાનના શાસનમાં પ્રતિબંધિત આવામી લીગની કચેરીઓ ફરી ખુલી રહી છે, જે યુનુસ સમર્થકોને ખટકી રહ્યું છે.

મીડિયા અહેવાલ મુજબ, નાહિદ ઈસ્લામે આક્ષેપ કર્યો છે કે તાજેતરની ચૂંટણીઓમાં ભારત, આવામી લીગ અને બીએનપી વચ્ચે ગુપ્ત સમજૂતી થઈ હતી. જો સરકાર જૂની આવામી લીગની રાજનીતિને ફરી જીવંત કરવાનો પ્રયાસ કરશે તો તેનો કટ્ટર વિરોધ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, જુલાઈ ૨૦૨૪ માં શેખ હસીના વિરુદ્ધ આંદોલન શરૂ કરનાર જૂથો હવે વર્તમાન સરકાર સામે પણ મોરચો માંડવાની તૈયારીમાં છે.

અત્યાર સુધીની પરિસ્થિતિ જોતા, બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થતા હુમલા અને આંતરિક જૂથવાદ ચિંતાનો વિષય બન્યા છે.

## ન્યૂઝ બ્રીફ

### ભારત બ્રાઝિલ વેપાર 100 અબજ ડોલર લક્ષ્ય નવી ઊંચાઈ



નવી દિલ્હી | ભારત અને બ્રાઝિલ વચ્ચેના દ્વિપક્ષીય વેપારને એક નવી ઊંચાઈએ લઈ જવા માટે 'બેન્કો દો બ્રાઝિલ' (Banco do Brasil) એ કમર કસી છે. બેંકના પ્રમુખ તારસિયાના મેડેરોસે નવી દિલ્હીમાં આયોજિત 'બ્રાઝિલ-ઈન્ડિયા બિઝનેસ ફોરમ'માં જાહેરાત કરી હતી કે, બંને દેશો વચ્ચેના વેપારને ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવા માટે તેમની બેંક એક મજબૂત વ્યૂહાત્મક સેતુ તરીકે કામ કરવા તૈયાર છે. આ ભાગીદારી માત્ર વેપાર પૂરતી મર્યાદિત ન રહેતા બંને ઉભરતી અર્થવ્યવસ્થાઓ વચ્ચે ઊંડા માળખાકીય સંબંધો સ્થાપિત કરશે. મેડેરોસે ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને તેની ઝડપથી વધતી આર્થિક ગતિશીલતાના મુક્ત કંઠે વખાણ કર્યા હતા.

### પાકિસ્તાન ધરતીકંપ આંચકા મેગ્નિટ્યુડ 3.૯ નોંધાયો

નવી દિલ્હી | પાડોશી દેશ પાકિસ્તાનમાં શનિવારે સવારે ધરતીકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજી (NCS) ના જણાવ્યા અનુસાર, આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૯ મેગ્નિટ્યુડ માપવામાં આવી હતી. ભારતીય સમય અનુસાર સવારે ૦૯:૫૭ કલાકે આ આંચકા અનુભવાયા હતા. આ કુદરતી ઘટનાનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૦ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું, જેના કારણે આસપાસના વિસ્તારોમાં હળવી ધ્રુજારી અનુભવાઈ હતી. પાકિસ્તાન વિશ્વના સૌથી વધુ ભૂકંપ સંભવિત દેશોમાંનો એક ગણાય છે. તેનું મુખ્ય કારણ તેની ભૌગોલિક સ્થિતિ છે, જ્યાં ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટ્સ એકબીજા સાથે ટકરાય છે. આ પ્લેટ્સના સતત ઘર્ષણને કારણે આ વિસ્તારમાં સીસ્મિક પ્રવૃત્તિઓ વધુ જોવા મળે છે.

### બાંગ્લાદેશ ભાષા આંદોલન શહીદ શ્રદ્ધાંજલિ અમર રહો



ઢાંકા | બાંગ્લાદેશ આજે ૧૯૫૨ના અમર ભાષા શહીદોની યાદમાં શોક અને ગૌરવ સાથે ડૂબેલું છે. ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ ઢાંકાની સડકો પર બંગાળી ભાષાના અસ્તિત્વ અને ગરિમાને બચાવવા માટે યુવા વિદ્યાર્થીઓએ પોતાના લોહીનું બલિદાન આપ્યું હતું. પશ્ચિમ પાકિસ્તાની શાસકો દ્વારા લાદવામાં આવેલી ઉર્દૂ ભાષા સામેના આ બળવાએ જ બાંગ્લાદેશની સ્વતંત્રતાના બીજ રોપ્યા હતા. આજે આ દિવસને વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, જે માતૃભાષાના રક્ષણ માટેના વૈશ્વિક પ્રતીક સમાન છે.

લશ્કરી ફોર્સ તૈનાત કરવામાં આવી

# ચીનના નો એન્ટ્રી ઝોન પાસે અમેરિકી ફાઈટર જેટ્સ, આકાશીસીમામાં બેમહાસત્તાઓસામસામે

(એજન્સી) પ્યોંગટેક । તા. 21



